પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

કઠોર પરિશ્રમ અને ધૈય જ સફળતાનો મૂળ મંત્ર છે.

# અબતક®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૭-૨-૨૦૨૬, મંગળવાર
વર્ષ: ૧૪, અંક : ૨૯૦

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

**સીબીએસઈ બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ**

(વાંચો છેલ્લા પાને)

### ૨૦૧૬ નોટબંધી: શ્રાપિત નહિ પરંતુ આશીર્વાદ સાબિત થઈ

# નોટબંધી પછી વાર્ષિક ૧૧ ટકાના વધારા સાથે બજારમાં 'રોકડા' રૂ.૪૦ લાખ કરોડ ફરી રહ્યા છે

## ડિજિટલ ઈન્ડિયાની બોલબાલા વચ્ચે પણ 'કેશ ઈઝ કિંગ': યુપીઆઈના રેકોર્ડબ્રેક ટ્રાન્ઝેક્શન્સ છતાં રોકડનો મોહ અકબંધ: નોટબંધી વખતે જેટલી રોકડ હતી તેના કરતા બમણી રકમ હાલ માર્કેટમાં ફરતી થઈ

### રોકડનું પ્રમાણ વધવાના મુખ્ય કારણો

● **આર્થિક વિકાસ :** ભારતનું અર્થતંત્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. જેમ અર્થતંત્રનું કદ વધે, તેમ વ્યવહારો માટે વધુ નાણાંની જરૂર પડે છે.

● **રીયલ એસ્ટેટ અને સોનું:** જમીન-મકાન અને સોનાની ખરીદીમાં હજુ પણ રોકડ વ્યવહારોનું પ્રમાણ મોટું છે.

● **ગ્રામીણ અર્થતંત્ર:** ભારતના ગામડાઓમાં હજુ પણ ઈન્ટરનેટ અને સ્માર્ટફોનની પહોંચ હોવા છતાં, રોકડ વ્યવહારો જ મુખ્ય છે. ખેતી અને નાના વેપારો રોકડ પર જ નભે છે.



### યુપીઆઈ રેકોર્ડ તોડે છે, છતાં રોકડ કેમ વધે છે?

આ એક મોટો કોયડો છે. વાસ્તવમાં, યુપીઆઈનો ઉપયોગ 'નાના વ્યવહારો' માટે થાય છે. જેમ કે કરિયાણું, દૂધ કે પેટ્રોલ. જ્યારે રોકડનો ઉપયોગ 'સંપત્તિના સંગ્રહ' અને મોટા અનૌપચારિક વ્યવહારો માટે થાય છે. લોકો બેંકમાં પૈસા રાખવાને બદલે અમુક રકમ હાથ પર રોકડ સ્વરૂપે રાખવાનું પસંદ કરે છે.

- **હાલમાં કુલ રોકડ: રૂ.૪૦ લાખ કરોડ (રેકોર્ડ હાઈ)**
- **વાર્ષિક વૃદ્ધિ: ૧૧%**
- **નોટબંધી સમયે ૨૦૧૬માં રોકડ: રૂ.૧૭.૯૭ લાખ કરોડ**
- **ડિજિટલ ઈફેક્ટ: યુપીઆઈ વધ્યું, પણ રોકડ ઘટી નહીં**

**અબતક, નવી દિલ્હી**

એક તરફ દેશમાં 'ડિજિટલ પેમેન્ટ' ક્રાંતિ ચાલી રહી છે, ગલીએ ને ખૂણે શાકભાજી વાળાથી લઈને ચાની કિટલી સુધી ક્યુઆર કોડ અને યીપીઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ બીજી તરફ, એક આશ્ચર્યજનક અને વિરોધાભાસી સત્ય સામે આવ્યું છે. ભારતીયોનો 'રોકડ' પ્રત્યેનો પ્રેમ જરા પણ ઘટ્યો નથી, ઉલટાનો વધ્યો છે. તાજેતરના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, ભારતીય અર્થતંત્રમાં ફરતી રોકડ એ ઐતિહાસિક સપાટી વટાવી દીધી છે. આ આંકડો હવે રેકોર્ડબ્રેક રૂ.૪૦ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે.

છેલ્લા એક વર્ષમાં ચલણમાં રહેલી રોકડમાં ૧૧%નો વધારો નોંધાયો છે. સામાન્ય રીતે એવી માન્યતા હતી કે નોટબંધી અને ત્યારબાદ યીપીઆઈના આગમન પછી રોકડનો ઉપયોગ ઘટશે. પરંતુ આંકડા કંઈક અલગ જ વાર્તા કહે છે. જ્યારે ડિજિટલ વ્યવહારો વોલ્યુમની દ્રષ્ટિએ વધી રહ્યા છે, ત્યારે મૂલ્યના સંગ્રહ તરીકે લોકો હજુ પણ રોકડને જ પ્રાથમિકતા આપી રહ્યા છે.

યાદ કરીએ નવેમ્બર ૨૦૧૬નો સમય, જ્યારે નોટબંધી જાહેર થઈ ત્યારે દેશમાં આશરે રૂ.૧૭.૯૭ લાખ કરોડ રોકડ ચલણમાં હતી. આજે લગભગ ૮-૯ વર્ષ બાદ, આ આંકડો બમણાથી પણ વધુ થઈને રૂ.૪૦ લાખ કરોડને પાર કરી ગયો છે. આ દર્શાવે છે કે નોટબંધી બાદ સિસ્ટમમાં રોકડ પાછી ફરી

(અનુ. આઠમા પાને)

### સાવધાન: જથ્થાબંધ ભાવાંક ૧૦ મહિનામાં વધીને ૧.૮ ટકાએ પહોંચ્યો

# રાજ્યો અને કેન્દ્રોનું દેવું 'ભારે' પડી રહ્યું છે

**ખાદ્યચીજો અને ઈંધણના ભાવમાં ભડકો થતાં જથ્થાબંધ મોંઘવારી બેકાબૂ: રિટેલ બાદ હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સમાં પણ ઉછાળો આવતા આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ઘટાડાની આશાઓ પર ફરી વળતું પાણી**



### સામાન્ય માણસના ખિસ્સા પર શું અસર થશે?

**ખાદ્યચીજોમાં તેજી:** શાકભાજી, કઠોળ અને અનાજના જથ્થાબંધ ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે, જેણે ઈન્ડેક્સને ઉપર ધકેલ્યો.

**ગ્લોબલ ફેક્ટર્સ:** વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઈનમાં વિક્ષેપ અને શિપિંગ કોસ્ટમાં વધારો થવાને કારણે આયાતી માલ મોંઘો થયો છે.

**બેઝ ઈફેક્ટ:** ગયા વર્ષે આ સમયગાળામાં ફુગાવો નીચો હતો, તેની સરખામણીએ આંકડાકીય રીતે આ વર્ષનો વધારો મોટો દેખાઈ રહ્યો છે.

**રિટેલ મોંઘવારી વધશે:** ડબ્લ્યુપીઆઇ વધવાનો સીધો અર્થ છે કે આગામી ૧-૨ મહિનામાં રિટેલ માર્કેટમાં સામાન મોંઘો થશે, કારણ કે કંપનીઓ વધેલા ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખશે.

**લોન સસ્તી નહીં થાય:** મોંઘવારી ઊંચી રહેતા આરબીઆઇ રેપો રેટ ઘટાડવાનું સાહસ નહીં કરે. એટલે કે તમારા ઈએમઆઈ (હપ્તા) ઘટવાની જે આશા હતી, તે હજુ ઠગારી નીવડશે.

**બચત પર ફટકો:** જીવનજરૂરી ચીજવસ્તુઓ મોંઘી થવાથી મધ્યમ વર્ગના ઘરનું બજેટ ખોરવાશે અને બચત ઘટશે.

**અબતક, નવી દિલ્હી**

દેશના અર્થતંત્ર માટે અને સામાન્ય જનતા માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રિટેલ મોંઘવારી બાદ હવે જથ્થાબંધ મોંઘવારીએ પણ માથું ઊંચક્યું છે. સોમવારે જાહેર થયેલા સરકારી આંકડા મુજબ, જાન્યુઆરી મહિનામાં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત ફુગાવો વધીને ૧.૮% નોંધાયો છે, જે છેલ્લા ૧૦ મહિનાની સર્વોચ્ચ સપાટી છે. આ આંકડો અર્થશાસ્ત્રીઓની ધારણા કરતા વધુ આવ્યો છે, જે દર્શાવે છે કે ઉત્પાદન સ્તરે જ ભાવવધારો થઈ રહ્યો છે, જેની સીધી અસર આગામી દિવસોમાં ગ્રાહકોના ખિસ્સા પર પડશે.

જથ્થાબંધ મોંઘવારીમાં આ ઉછાળા પાછળનું મુખ્ય કારણ 'ફૂડ આર્ટિકલ્સ' (ખાદ્ય સામગ્રી)ના ભાવમાં થયેલો વધારો છે. ખાસ કરીને શાકભાજી, કઠોળ અને ડુંગળીના ભાવ જે રીતે આસમાને પહોંચ્યા છે, તેણે જથ્થાબંધ ભાવાંકને ઉપર ધકેલ્યો છે. આ ઉપરાંત ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ અને મેન્યુફેક્ચરિંગ કોસ્ટમાં થયેલા સામાન્ય વધારાએ પણ આમાં ભાગ ભજવ્યો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડેટા અનુસાર, ડિસેમ્બર મહિનામાં જે સુસ્તી જોવા મળી હતી તે જાન્યુઆરીમાં ગાયબ થઈ ગઈ છે અને મોંઘવારીનો પારો ઉપર ચડ્યો છે.

રિપોર્ટ અનુસાર, ખાદ્ય ચીજવસ્તુઓનો ફુગાવો સૌથી વધુ ચિંતાનો વિષય બન્યો છે. જાન્યુઆરીમાં શાકભાજી અને ફળોના જથ્થાબંધ ભાવમાં તીવ્ર વધારો નોંધાયો છે. જથ્થાબંધ મંડીઓમાં આવક ઓછી હોવાને કારણે અને કમોસમી વરસાદની અસરોને કારણે સપ્લાય ચેઈન ખોરવાઈ હતી, જેની અસર ભાવ પર જોવા મળી છે.


(અનુ. આઠમા પાને)

# વર્ષ ૨૦૨૬નું પ્રથમ સૂર્યગ્રહણ: બપોરે ૩.૨૬ થી સાંજે ૭.૫૬ મિનિટ સુધી દેખાશે

### ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહીં, જેના કારણે સૂતક કાળના નિયમો લાગુ પડશે નહીં

**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૨૬ની શરૂઆત સાથે જ અવકાશી ઘટનાઓમાં રસ ધરાવતા લોકો માટે એક રોમાંચક સમાચાર સામે આવ્યા છે. આજે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ થવા જઈ રહ્યું છે. આ ગ્રહણ 'વલયાકાર' પ્રકારનું હશે, જેમાં ચંદ્ર સૂર્યની મધ્યમાં આવી જતાં સૂર્ય એક ચમકતી વીંટી જેવો દેખાય છે, જેને વિજ્ઞાનીઓ 'રિંગ ઓફ ફાયર' તરીકે ઓળખાવે છે.



ભારતીય સમય અનુસાર, આ સૂર્યગ્રહણનો પ્રારંભ બપોરે ૩:૨૬ વાગ્યે થશે અને તે સાંજે ૭:૫૮ વાગ્યે પૂર્ણ થશે. આમ, આ ખગોળીય ઘટના અંદાજે ૪ કલાક અને ૩૨ મિનિટ સુધી ચાલશે. ગ્રહણનો સૌથી પ્રભાવશાળી સમય એટલે કે 'પીક ટાઈમ' સાંજે ૫:૧૩ થી ૬:૧૧ દરમિયાન રહેશે. જોકે, ભારતીય આકાશપ્રેમીઓ માટે મહત્વની વાત એ છે કે આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. આ ગ્રહણ મુખ્યત્વે દક્ષિણ આફ્રિકા, એન્ટાર્કટિકા, આર્જેન્ટિના, ચિલી અને દક્ષિણ અમેરિકાના કેટલાક ભાગોમાં સ્પષ્ટપણે જોઈ શકાશે. ભારત આ ગ્રહણના દ્રશ્યપથમાં ન હોવાથી અહીંના લોકો આ નજારો નરી આંખે જોઈ શકશે નહીં.

# મોદીનો ધાર્મિક જગ્યાઓ તરફનો ઝુકાવ રિયલ એસ્ટેટને બખ્ખા કરી રહ્યું છે

### 'શ્રધ્ધા ત્યાં સંપત્તિ': અયોધ્યા બાદ હવે કાશી, મથુરા અને દ્વારકા હોટ ફેવરિટ! દેશના દિગ્ગજ બિલ્ડરોની 'ટેમ્પલ ટાઉન્સ' તરફ દોટ

### ધાર્મિક સ્થળોએ રહેવાનો ભારે ક્રેઝ

**સીનિયર સિટિઝન્સ :** નિવૃત્તિ બાદ શાંતિપૂર્ણ જીવન ગાળવા માંગતા લોકો અહીં ઘર ખરીદી રહ્યા છે


**એનઆઈઆર :** વિદેશમાં વસતા ભારતીયો પોતાના વતન અને સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવા માટે તીર્થધામોમાં 'સેકન્ડ હોમ' ખરીદવામાં રસ દાખવી રહ્યા છે.

**યંગ ઈન્વેસ્ટર્સ :** રજાઓ ગાળવા માટે 'હોલિડે હોમ' તરીકે અને બાકીના

**અબતક, નવી દિલ્હી**

ભારતના રિયલ એસ્ટેટ સેક્ટરમાં એક નવો અને ઐતિહાસિક બદલાવ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી જે મોટા બિલ્ડરો અને ડેવલપર્સ મુંબઈ, દિલ્હી-એનસીઆર, બેંગલુરુ કે પુણે જેવા મેટ્રો શહેરોમાં જ પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે પડાપડી કરતા હતા, તેઓ હવે ભગવાનના શરણે ગયા છે. આ પાછળનું કારણ માત્ર ભક્તિ નથી, પરંતુ 'ભક્તિ સાથે બિઝનેસ' છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ બાદ જે રીતે રિયલ એસ્ટેટ માર્કેટમાં તેજી આવી, તેણે આખા દેશના ડેવલપર્સની આંખો ઉઘાડી દીધી છે. પરિણામે, હવે રિયલ્ટર્સે દેશના પ્રમુખ 'ટેમ્પલ ટાઉન્સ' એટલે કે તીર્થધામો તરફ દોટ મૂકી છે.

તાજેતરના અહેવાલો મુજબ, અયોધ્યા, વારાણસી (કાશી), વૃંદાવન, પૂરી, તિરુપતિ, દ્વારકા અને શિરડી જેવા શહેરો હવે રિયલ એસ્ટેટના નવા હોટસ્પોટ બની ગયા છે. આ શહેરોમાં સરકાર દ્વારા રોડ, રેલવે અને એરપોર્ટ કનેક્ટિવિટી (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) પર જે જંગી ખર્ચ કરવામાં આવ્યો છે, તેના કારણે રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. અયોધ્યામાં જમીનોના ભાવ આસમાને પહોંચ્યા બાદ હવે રોકાણકારો અન્ય ધાર્મિક સ્થળો પર પણ તેવું જ વળતર મળવાની આશા રાખી રહ્યા છે.



પહેલા તીર્થધામોમાં માત્ર ધર્મશાળાઓ કે સાદી હોટેલો જોવા મળતી હતી. પરંતુ હવે ત્યાં લક્ઝરી હોટેલ્સ, પ્રીમિયમ રિસોર્ટ, વેલનેસ સેન્ટર્સ અને ગેટેડ કોમ્યુનિટી બની રહ્યા છે. 'ધ હાઉસ ઓફ અભિનંદન

(અનુ. આઠમા પાને)


MODI SCHOOL
SINCE 1999
Rajkot(Regular+Boarding), Jamnagar
JEE MAIN-2026 (January Attempt)
गुजरात मैं सर्वश्रेष्ठ परिणाम की पहचान है मोदी स्कूल
99.90+ PR ▸ 12 Students ગુજરાતમાં સૌથી વધુ
99.99 PR Jagrut Modi
Guj. Med. Gujarat 1st 99.98 PR મોક્ષરાજસિંહ જાડેજા
Result Analysis
99.00+ PR ▸ 63 Students
98.00+ PR ▸ 104 Students
95.00+ PR ▸ 232 Students
આ પરીણામ માત્ર A ગ્રુપનાં JEE ની તૈયારી કરતા વિદ્યાર્થીઓનું છે
99.96 PR સુજલ સાધરીયા
99.96 PR Smit Sidapara
99.95 PR Bhavya Raiyani
99.94 PR જય સરધારા
99.93 PR Mantra Jani
99.93 PR Ayush Ajudiya
99.92 PR Akshat Chandel
99.92 PR Om Menpara
99.90 PR Parth Vora
99.90 PR Sibanshiva Ladva
99+ PR ▸ 63 Students ગુજરાતમાં સૌથી વધુ
Rajkot Branch 70690 05242 | Boarding Branch 70690 05288 | Jamnagar Branch 70697 80808

## હૃદયની લાગણીઓથી વિશ્વને જોડો

# માનવ ભાવના જીવનને રંગીન બનાવે છે, જ્યારે આત્મા જીવનનો શાશ્વત અર્થ: આજે વિશ્વ માનવ ભાવના દિવસ

**કોઈ મહાન વસ્તુ સાથેનો ઊંડુ જોડાણ શાંતિ અને પરિપૂર્ણતાની ઊંડી અનુભૂતિ લાવે છે: આત્માનું પોષણ કરવાથી શાંતિ અને આનંદનું જીવન મળી શકે છે: આ દિવસ માનવ તરીકે આ ગ્રહ પર મળેલી સિદ્ધિઓ પર આશ્ચર્ય પામવાનો છે, તેમજ માનવીઓના આત્મામાં રહેલી અનંત શક્યતાઓ પર ચિંતન કરવાનો છે**

કાર્લ રોજર્સ અને અબ્રાહમ માસ્લો જેવા માનવતાવાદી મનોવૈજ્ઞાનિકો સુધી, આધુનિક વિચાર આત્માને બદલે આંતરિક વિકાસ, સ્વ-વાસ્તવિકતા અને સ્થિતિસ્થાપકતાની વાત કરવા તરફ વળે છે, છતાં સર્જનાત્મક, શાંતિપૂર્ણ, પ્રેમાળ માનવ ભાવનાના મુખ્ય વિચારને જાળવી રાખે છે. આજે વિશ્વ સ્તરે રાષ્ટ્રીય દયાળુ કાર્યો દિવસ અને વિશ્વ માનવ ભાવના દિવસ ઉજવાય રહ્યો છે. બંને દિવસનો હેતુ જીવન મૂલ્ય શિક્ષણ કે માનવીય ગુણોને ઓળખવા અને તેનો વિકાસ કરવાનો છે, એટલેજ આ દિવસોની સંકલન વાત વાંચકો માટે આ કોલમમાં પ્રસ્તુત કરી છે. માનવ જીવનમાં ભાવના અને આત્મા બંનેનું વિશેષ સ્થાન છે. ક્યારેક સૌથી નાનું કાર્ય પણ સૌથી મોટી અસર કરે છે. આભાર કહેવા જેવું સરળ કાર્ય પણ તમારા દિવસને બદલી શકે છે અને જીવનને વધુ સારું બનાવી શકે છે. દયાના રેન્ડમ કાર્યો નાના અને મોટા બધા સ્વરૂપોમાં આવે છે. દરેક માનવીમાં પ્રેમ, હૂંફ, લાગણી અને દયાભાવ હોવો જોઈએ. જરૂરિયાતમંદોને મદદ કરવી એ આપણી મનાવતા અને ધર્મ કે ફરજ છે.કોઈ સારી વસ્તુ સાથેનું ઊંડું જોડાણ શાંતિ અને પરિપૂર્ણતાની ઊંડી અનુભૂતિ લાવે છે. આત્માનું પોષણ કરવાથી શાંતિ અને આનંદનું જીવન મળી શકે છે.




આ દિવસ માનવ તરીકે આ ગ્રહ પર મળેલી સિદ્ધિઓ પર આશ્ચર્ય પામવાનો છે, તેમજ માનવીઓના આત્મામાં રહેલી અનંત શકયતાઓ પર ચિંતન કરવાનો છે. આજકાલ ઘણા લોકોના કહે છે કે આપણે જે દુનિયા જાણીએ છીએ તે દુનિયા સાથે સમાપ્ત થાય છે. વિશ્વ માનવ ભાવના દિવસ એ હકીકતની ઉજવણી કરે છે કે માનવીઓ ખરેખર આપણા પોતાના વિશ્વ વિશે જે જાણે છે તે મર્યાદિત અને ઉપરછલ્લી માહિતી છે. વિશ્વ માનવ ભાવના દિવસનો ઈતિહાસ જોઈએ તો ઈ.સ. પૂર્વે ચોથી સદી પ્લેટો ત્રિપક્ષીય આત્માની શોધની વાત કરી હતી. ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં એરિસ્ટોટલે આત્માને શરીરના સ્વરૂપ તરીકે વ્યાખ્યાયિત કર્યું હતું. તે આત્મા (માનસ) ને જીવંત પ્રાણીના જીવન સિદ્ધાંત તરીકે રજૂ કરે છે, જે તર્કસંગત માનવ ક્ષમતાઓને અલગ પાડે છે અને માનવ આત્માને અનન્ય બનાવે છે. ખ્રિસ્તી વિચાર માનવ આત્માને ભગવાન સાથે જોડે છે. પોલ ધ એપોસ્ટલ, ઓરિજેન અને ઓગસ્ટિન જેવા પ્રારંભિક ખ્રિસ્તી ધર્મશાસ્ત્રીઓ શીખવે છે કે માનવ આત્મા એ આંતરિક કોર છે ૧૨મી-૧૩મી સદીમાં યહૂદી રહસ્યવાદ અને પ્રારંભિક કબાલાહનો ઉદય થયો હતો. જે ચિંતન અને ભકિત દ્વારા આધ્યાત્મિક ઉન્નતિની શક્યતા પર ભાર મૂકે છે. ૧૭મી સદીમા ડેસકાર્ટેસ મન અને શરીરને અલગ પાડે છે.૧૮મી સદીમાં કાન્ટ માનવ ગૌરવ અને નૈતિક ભાવના પર ભાર મૂકે છે.

ઈમેન્યુઅલ કાન્ટનું નૈતિક ફિલસૂફી માનવોને આંતરિક ગૌરવ ધરાવતા તર્કસંગત એજન્ટ તરીકે રજૂ કરે છે, જેમની સદ્ભાવના અને સ્વાયત્તતા નૈતિકતા પર આધારિત છે, જે માનવ ભાવનાના દૃષ્ટિકોણને મજબૂત બનાવે છે. ૧૯મી-૨૦મી સદીઓમાં મનોવિજ્ઞાન અને માનવતાવાદી વિચાર આંતરિક જીવનને ફરીથી ઘડે છે. માનવ ભાવના એ માનવતાને વ્યાખ્યાયિત કરતી સ્થિતિસ્થાપકતા, કરુણા, હિંમત અને આંતરિક શક્તિ છે. માનવ ભાવનાના અમૂર્ત છતાં શક્તિશાળી ગુણો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે વ્યક્તિઓને પ્રતિકૂળતાઓને દૂર કરવામાં, આશાને પ્રેરણા આપવા અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મદદ કરે છે. સતત પડકારોથી ઘેરાયેલી દુનિયામાં, વિશ્વ માનવ ભાવન માનવતાના સહિયારા મૂલ્યો, ભાવનાત્મક શક્તિ અને દયા, દ્રઢતા અને એકતા માટેની ક્ષમતા અને વ્યક્તિગત વિકાસ પર કેન્દ્રિત છે.



વિશ્વ માનવ આત્મા દિવસ ઉજવણીનો હેતુ ધ્યાન દ્વારા માઈન્ડફુલનેસને પ્રોત્સાહન આપવું, આપણા દબાણયુક્ત સમાજમાં સંતોષ અનુભવવા માટે સતત ચિંતનની આદતો સાથે ભાવના એ જાગૃતિ, સૂઝ, સમજણ, નિર્ણય અને અન્ય તર્કનું માનસિક કાર્ય છે.માનવ ભાવના વાસ્તવિક વ્યક્તિ છે અને આપણા અસ્તિત્વનો આવશ્યક ભાગ છે. તે સામાજિક દબાણ વચ્ચે પણ આપણા આધ્યાત્મિક સ્વ સાથેના જોડાણને મજબૂત બનાવવામાં મદદ કરવાનો છે. આપણા બધા માટે આધ્યાત્મિક રીતે જોડાવાનો, આપણા ભૌતિક શરીરની બહાર બ્રહ્માંડને જોવાનો અવસર છે.

શ્રદ્ધા - ઉચ્ચ હેતુમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવાની વાત કરે છે, આપણે વિશ્વાસ રાખવો જોઈએ કે ભગવાન આપણી પરિસ્થિતિ ગમે તે હોય, પણ તે પૂર્ણ પણે પૂરું પાડશે. શાંતિ - આપણી વાસ્તવિકતા સાથે સહજ રહેવું અને આપણને જે આશીર્વાદ મળ્યો છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું. પ્રેમ - એવો પ્રેમ જે દરેક સમયે બીજા માટે સર્વોચ્ચ ભલું પસંદ કરે છે. નિઃસ્વાર્થ, બિનશરતી, અને નિઃસ્વાર્થ પ્રકારનો પ્રેમ. શાણપણ - દુન્યવી સંસાધનોના સંદર્ભમાં ઓછામાં ઓછા જીવનનો અનુભવ કર્યા પછી, આપણને જીવનમાં ખરેખર શું મહત્વનું છે તે સમજવાની શાણપણ પ્રાપ્ત થાય.

**નોલેજ કોર્નર**




**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આત્મ-નિયંત્રણ - અમે એક શિસ્તબદ્ધ જીવનશૈલી વિકસાવી અને રોજગાર અને શિક્ષણની તકો મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, ઈચ્છાઓની વાત આવે ત્યારે નાણાકીય રીતે ખૂબ નીચે જીવતા, શિક્ષણ અને જરૂરિયાતો જેવી મહત્વપૂર્ણ બાબતો માટે ભંડોળ બાબતે વ્યવસ્થા કરી છે.ભાવના એ મનની સ્થિતિ છે, જેમાં આનંદ, દુઃખ, પ્રેમ, ક્રોધ, દયા વગેરેનો સમાવેશ થાય છે. જૈન અને યોગ દર્શનમાં ભાવનાને મનની તરંગો માનવામાં આવે છે, જે વારંવાર સ્મરણ અને વિચારથી આત્માને મોક્ષ તરફ દોરી શકે છે. ભાવના માનવને સંવેદનશીલ બનાવે છે અને જીવનમાં અર્થ આપે છે. આત્મા માનવનું શાશ્વત, અચળ તત્વ છે, જે શરીર અને મનથી અલગ છે. મન પૂર્વ જન્મની માન્યતાઓનું પ્રતિબિંબ છે, જ્યારે આત્મા અવિનાશી છે અને સાચી ઓળખ છે. યોગ અને ધ્યાન દ્વારા મનની અસ્થિરતા દૂર કરીને આત્માના શુદ્ધ સ્વરૂપને ઓળખી શકાય છે. ટૂંકમાં માનવ ભાવના જીવનને રંગીન બનાવે છે, જ્યારે આત્મા જીવનને શાશ્વત અર્થ આપે છે. ભાવનાઓ બદલાય છે, આત્મા અચળ છે. મનને શુદ્ધ કરીને આત્માની ઓળખ કરવી એ આધ્યાત્મિક માર્ગનો મુખ્ય હેતુ છે.

**ઘણી વાર આપણે સ્પર્શ, સ્મિત, દયાળુ શબ્દ, સાંભળનાર કાન, પ્રામાણિક પ્રશંસા કે કાળજીના નાનામાં નાના કાર્યની શક્તિને ઓછી આંકીએ છીએ પણ આ બધામાં જીવનને બદલી નાખવાની ક્ષમતા હોય છે**

# શહેર ભાજપ દ્વારા શિવ રથયાત્રાનું મહાકાલેશ્વર મહાદેવ મંદિર ખાતે કરાયું ભવ્ય સ્વાગત

**શિવરાત્રીએ શહેર હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું**



**અબતક, રાજકોટ**

મહાશિવરાત્રીના દિવસે રાજકોટ શહેરમાં નીકળતી શિવ રથયાત્રાનું રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ દ્વારા માલવીયા ચોક ખાતે આવેલ મહાકાલેશ્વર મહાદેવ મંદિર પાસે સ્વાગત કરવામાં આવેલ હતું.

આ તકે વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, શાસક પક્ષના દંડક નેતા મનીષભાઈ રાડીયા, પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, મહિલા મોરચા પૂર્વ પૂર્વ પ્રમુખ કિરણબેન માકડીયા સહિતના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ સ્વાગતમાં ઉપસ્થિત રહયા હતા. આ સ્વાગત કાર્યક્રમને સફળ બનાવવા કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા, શૈલેષ દવે, કાર્યાલયના પી. નલારીયન પંડિત, ભાવીન ધોળકીયાએ જહેમત ઉઠાવી હતી.

# ગજાનનધામ પરિવાર દ્વારા મહાશિવરાત્રી પર્વ રાહત દરે ફરાળી ચેવડો અને ટોપરા પાક વિતરણ



**અબતક, રાજકોટ**

શ્રી ગજાનનધામ પરિવાર દ્વારા મહા શિવરાત્રી ના પાવન પર્વ નિમિતે રાહતદારે ફરાળી ચેવડો તથા ટોપરા -મગફળી પાક વિતરણ નું આયોજન કરેલ હતું જેમાં ૫૦૦ ગ્રામ ચેવડો ને ૫૦૦ ગ્રામ ટોપરા -મગફળી પાક ફક્ત રૂપિયા -૧૨૦ મા આપવામાં આવ્યો હતો તેમાં ૧૧૦૦ પરિવારે લાભ લીધો હતો. વિતરણ સમયે મેયર નયનાબેન પેઢડીયા દંડક મનીષભાઈ રાડિયા, કોર્પોરેટર વર્ષાબેન પાંધી, તેમજ સોની સમાજના અગ્રણી વિનુભાઈ પારેખ, અશ્વિનભાઈ બુધ્ધદેવ, નીતિનભાઈ પાંધી, નીતિનભાઈ ઝરીયા, જગદીશભાઈ જાદવ, રાજેન્દ્રસિંહ જાડેજા, ધ્રુવ રાજા, કમલેશભાઈ હિંડોચા, જગદીશભાઈ કોટેચા, મયંકભાઈ પાંઉ, પ્રશાંત મેમોરિયલ ટ્રસ્ટના હિતેષભાઈ ચોકસી તેમજ સિનિયર સિટીઝન બહેનો એ આવીને અમને પ્રોત્સાહીત કર્યા હતા... આ કાર્યક્રમ ને સફળ બનાવવા ગજાનનધામ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# સોરઠીયા વાડી સર્કલે કરાયું શિવરથ યાત્રાનું સ્વાગત



**અબતક, રાજકોટ:** જય મા આશાપુરા ચેરીટેબલ ટ્રસ્ટ કોઠારીયા કોલોની સોરઠીયા વાડી સર્કલ પાસે શિવરાત્રી મહોત્વનું આયોજન થયેલ. જેમાં સંયમ સેવક ભગીરથસિંહ વિક્રમસિંહ ગોહિલ,મિત પીપળીયા,સાગર સિધ્ધપુરા,હિતેન સિદ્ધપુરા,ધર્મેશભાઈ ડોડીયા દ્વારા શિવરાત્રીની રથયાત્રામાં ભાગ લીધેલ લોકોને ફરાળનું વિતરણ કરવામાં આવેલ અને જય માં આશાપુરા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રીનું આયોજન કરી ઉત્સવનો માહોલ ઉભો કરેલો હતો

# એસજીવીપી દર્શન સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારો દ્વારા કરાયુ શિવપુજન



**અબતક, રાજકોટ**

શાસ્ત્રી માધવપ્રિયાદાસજી સ્વામીની પ્રેરણા અને યજ્ઞ વલ્લભદાસજી સ્વામીની આગેવાનીમાં સવારે એસજીવીપી યજ્ઞ શાળામાં સ્થાપિત ભગવાન શ્રી શિવનું ષોડશોપચારે પુજન કરી વિદ્યાર્થીઓએ શિવ ભગવાનનો દૂધથી અભિષેક કર્યો હતો.

ધો. ૧૦ અને ૧૨ પરીક્ષામાં સારી સફળતા માટે ગુરુકુળ પરિસરમાં બિરાજીત ભગવાન શિવ આગળ ઋષિકુમારોએ શિવસ્તોત્ર તથા વેદના મંત્રોના ગાન સાથે શિવ ભગવાનને પ્રાર્થના કરી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૨-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વાર તેહવાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી )
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઉંધીયું)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો સંજય દેસાઈ )
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ડબલ સવારી )
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૨-૨૦૨૬ બુધવાર**
૦૦:૦૭ થી ૧૦:૦૦ ભાગવતકથા (પુ.દિપાલી દીદી )
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ ( પનીર રોલ )
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૧૮-૨ -૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ એકમ વસંત ઋતુ પ્રારંભ પંચક
**નક્ષત્ર** સતભીષા
**યોગ** શિવ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૭.૧૮ **સુર્યાસ્ત:** ૬.૪૪
**ચંદ્ર રાશી** કુંભ
**રાશિ અક્ષર** ગ.શ.સ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૮ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | ૪ | | |
| ૪ | | ૧ | | | | | | ૮ |
| | | ૫ | ૨ | | | ૧ | | |
| ૧ | | ૨ | ૪ | ૯ | | ૭ | | ૬ |
| | ૫ | | | | ૨ | ૩ | | ૧ |
| ૮ | | ૪ | ૧ | | | | | |
| ૩ | ૭ | | | ૮ | | | | ૪ |
| | | | ૫ | | ૪ | | ૩ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૩ | | ૯ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૪ | ૭ | ૧ | ૨ | ૮ | ૫ | ૩ |
| ૭ | ૫ | ૮ | ૩ | ૯ | ૬ | ૧ | ૪ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૮ | ૪ | ૫ | ૭ | ૯ | ૬ |
| ૩ | ૪ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૧ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૨ | ૯ | ૮ | ૪ | ૩ | ૭ | ૧ |
| ૨ | ૮ | ૭ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૭ | ૮ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૮ | ૭ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૮.૨.૨૦૨૬, બુધવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ એકમ, શતતારા નક્ષત્ર, શિવ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કુંભ (ગ,સ,શ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે, દિવસ મધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે, કામકાજમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ) :** સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ) :** તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ (મ,ટ) :** અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા (પ,ઠ,ણ) :** લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય, અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા (ર,ત) :** સવાર બાજુ દોડધામ રહે, સાંજ ખુશનુમા વીતે, ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** આધ્યાત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** વિલંબથી પણ તમને કાર્યમાં સફળતા મળે,અંતરાય દૂર થાય,જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે.

**કુંભ (ગ,સ,શ ) :** તમે તમારી જાત સાથે રહી શકો,શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય, અંતરાયો દૂર થાય.

# જે ઇ ઇ મેઇનમાં મોદી સ્કૂલનું નામ ચમક્યું: ૯૯.૯૯ પી.આર સાથે ટોચના ૧૫૦માં જાગૃત મોદીએ સ્થાન મેળવ્યું


## ૯૯ પી.આરથી વધુ ૬૩ વિદ્યાર્થીઓ, ૯૮ પી.આરથી વધુ ૧૦૪ અને ૯૭ પી.આરથી વધુ ૧૫૧ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી

**અબતક, રાજકોટ**

જે ઇ ઇ મેઇન ૨૦૨૬ના જાન્યુઆરી પ્રયત્નના પરિણામોમાં સમગ્ર ગુજરાતમાં મોદી સ્કૂલે સર્વોત્તમ પ્રદર્શન કરી શૈક્ષણિક ક્ષેત્રે નવી સિદ્ધિ નોંધાવી છે. રાજ્યભરમાં જાહેર થયેલા પરિણામોમાં મોદી સ્કૂલનું નામ અગ્રપંક્તિમાં રહ્યું છે, જેને લઈને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકવર્ગમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

મોદી જાગૃતે ૯૯.૯૯ પી.આર પ્રાપ્ત કરીને દેશભરના આશરે ૧૩ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓમાંથી ટોચના ૧૫૦માં સ્થાન મેળવ્યું છે. આ વિશિષ્ટ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ સમગ્ર શાળા પરિવાર માટે ગૌરવનો ક્ષણ બની છે.


શાળાના ૧૨ વિદ્યાર્થીઓએ ૯૯.૯૦ કે તેથી વધુ પી.આર મેળવી ઉત્તમ પ્રતિભાનું પ્રદર્શન કર્યું છે. આ સાથે જ ૯૯ પી.આરથી વધુ ૬૩ વિદ્યાર્થીઓ, ૯૮ પી.આરથી વધુ ૧૦૪ વિદ્યાર્થીઓ અને ૯૭ પી.આરથી વધુ ૧૫૧ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી શાળાની મજબૂત શૈક્ષણિક પરંપરાને વધુ મજબૂત બનાવી છે.


જાગૃત મોદી


મોક્ષરાજસિંહ જાડેજા


ભવ્ય રૈયાણી



જય સરધારા


અક્ષતસિંહ ચાંડેલ


ઓમ મેનપરા


સુજલ સાધરીયા


સ્મિત સિદપરા


મંત્રા જાની


આયુષ અજુડીયા


પાર્થ વોરા


શિવાંશીવ લાડવા

આ આંકડા દર્શાવે છે કે મોદી સ્કૂલ સતત મહેનત, યોગ્ય માર્ગદર્શન અને સઘન તૈયારી દ્વારા વિદ્યાર્થીઓને ઊંચી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સક્ષમ બનાવી રહી છે. શાળાની શિક્ષણ પદ્ધતિ, નિયમિત પરીક્ષણ અને વ્યક્તિગત માર્ગદર્શનનો આ પરિણામમાં મહત્ત્વનો ફાળો રહ્યો હોવાનું વાલીઓએ પણ જણાવ્યું છે.

આ ગૌરવમય પરિણામ બદલ શાળાના સંચાલક ટ્રસ્ટી મોદીભાઈ, સંચાલક નિયામક ધવલભાઈ અને હિત ભાઈ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આગામી પ્રવેશ પરીક્ષાઓમાં પણ આવું જ ઉત્તમ પ્રદર્શન જાળવી રાખવા માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા. સાથે જ શિક્ષકવર્ગની નિષ્ઠા, મહેનત અને સમર્પણને પણ વિશેષ બિરદાવવામાં આવ્યું. મોદી સ્કૂલનું આ પરિણામ સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત બની રહ્યું છે અને રાજ્યના શૈક્ષણિક ક્ષેત્રે નવી પ્રેરણા પૂરું પાડે છે.

# મારવાડી યુનિવર્સિટીમાં વાર્ષિક રમતોત્સવ એટલે રમત, શિસ્ત અને એકતાનો મહામેળો

**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટી ખાતે વાર્ષિક રમતોત્સવ ૨૦૨૬નું ત્રિદિવસીય આયોજન ઉત્સાહ અને ઉમંગભેર પૂર્ણ થયું હતું. ત્રણ દિવસ સુધી ચાલેલા આ મહોત્સવમાં કુલ




## વાર્ષિક રમતોત્સવમાં ૩,૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ કૌવત બતાવ્યું

૩,૬૬૭ વિદ્યાર્થીઓએ ૨૭ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાં ૨,૫૧૯ ભાઈઓ અને ૧,૧૪૮ બહેનોનો સમાવેશ થતો હતો. સમગ્ર પરિસર રમતગમતના જુસ્સાથી ગુંજી ઉઠ્યું હતું.

ઉદઘાટન સમારોહમાં સૌરાષ્ટ્રના પ્રખ્યાત પૂર્વ પ્રથમ શ્રેણીના ક્રિકેટર તથા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સાથે સંકળાયેલા વરિષ્ઠ પ્રશાસક નિરંજન શાહ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રમતગમત માત્ર શારીરિક તંદુરસ્તી માટે નહીં પરંતુ વ્યક્તિત્વ વિકાસ માટે પણ મહત્વપૂર્ણ છે. શિસ્ત, સમર્પણ અને યોગ્ય સુવિધાઓ દ્વારા જ પ્રતિભા ખીલે છે, એવો તેમણે ભાર મૂક્યો હતો.

આ વર્ષે તરતરણ, યોગ, વજન ઉઠાવવાની સ્પર્ધા, હેન્ડબોલ, ટેનિસ અને કુસ્તી સહિત ૧૦ નવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નવા ઉમેરાયેલા વિભાગોને કારણે વિદ્યાર્થીઓમાં વધુ ઉત્સાહ જોવા મળ્યો હતો અને સ્પર્ધાઓ દરમિયાન દર્શકોની નોંધપાત્ર ઉપસ્થિતિ રહી હતી.

૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાપન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય પ્રકાશ વરમોરા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિજેતા ખેલાડીઓને ચંદ્રક અને ટ્રોફી અર્પણ કરી અને જીવનમાં રમતગમત તથા યોગના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. ખેલાડીઓને હાર-જીતથી પરે રહી રમતના સાચા આનંદ અને ટીમભાવનાને મહત્વ આપવા પ્રેરણા આપી હતી.




ફેકલ્ટીઓ વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં ઈજનેરી અને તકનીકી વિભાગે પ્રથમ સ્થાન મેળવ્યું હતું, ફિઝિયોથેરાપી વિભાગ દ્વિતીય સ્થાને રહ્યો હતો અને વ્યવસ્થાપન અભ્યાસ વિભાગે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન પ્રોવોસ્ટ ડો. આર.બી. જાડેજા, પ્રો-ઉપકુલપતિ ડો. સંજીત સિંહ, રજિસ્ટ્રાર પિન્ટો મામેન તથા રમત વિભાગના વડા રઈસખાન પઠાણ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણ દિવસ સુધી ચાલેલા આ રમતોત્સવે વિદ્યાર્થીઓમાં ક્રીડાસ્પૃહા, શિસ્ત, ટીમભાવના અને સ્વસ્થ સ્પર્ધાની ભાવના મજબૂત કરી હતી. યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રમતગમતને મહત્વ આપતા આવા કાર્યક્રમો ભવિષ્યમાં પણ ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# સીબીએસસી ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓની તૈયારી સાથે સફળતાનો સંકલ્પ મજબૂત

**અબતક, રાજકોટ**

દેશભરમાં આજે ૧૭ ફેબ્રુઆરીથી સીબીએસસીઇ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થયો છે. રાજકોટ જિલ્લામાં ૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ મહત્વપૂર્ણ પરીક્ષામાં ભાગ લઈ રહ્યા છે. પરીક્ષાના પ્રથમ દિવસે જ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો માહોલ જોવા મળ્યો હતો. બોર્ડ દ્વારા આ વર્ષે મહત્વપૂર્ણ ફેરફારો જાહેર કરવામાં આવ્યા છે. પ્રથમ વખત પરિણામ ૩૫ દિવસની અંદર જાહેર કરવાની જાહેરાત કરાઈ છે. ઉપરાંત ધોરણ ૧૨ની ઉત્તરવહીઓની તપાસ ડિજિટલ પદ્ધતિથી કરવામાં આવશે, જેથી પારદર્શિતા વધે અને ભૂલની શક્યતા ઘટે. આ સાથે વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન બે વખત પરીક્ષા આપવાની તક આપવામાં આવશે. વિદ્યાર્થી પોતાની ઈચ્છા મુજબ પેપરો આપી શકશે. મુખ્ય પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧૫ મેથી ફરી તક આપવામાં આવશે. પરીક્ષા કેન્દ્રો પર કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને હોલ ટિકિટ ફરજિયાત રાખવાની સાથે પારદર્શક પાણીની બોટલ અને પારદર્શક થેલી લઈ જવાની છૂટ આપવામાં આવી હતી. અન્ય કોઈપણ વસ્તુ લાવવાની મનાઈ રાખવામાં આવી હતી.


તસવીરઃ દર્શન વાડોલિયા

## જિલ્લામાં ૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી: પરીક્ષા પૂર્ણ થયા બાદ ૩૫ દિવસની અંદર પરિણામ જાહેર

રાજકોટની RKC School ખાતે પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓમાં ખાસ્સો ઉત્સાહ જોવા મળ્યો હતો. માતા-પિતાએ પણ કેન્દ્ર બહાર રહી બાળકોને શુભેચ્છા પાઠવી હતી. ધોરણ ૧૦ની પરીક્ષા ૧૧ માર્ચ સુધી ચાલશે, જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષા ૧૦ એપ્રિલ સુધી યોજાશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ૩૫ દિવસની અંદર પરિણામ જાહેર થવાનું બોર્ડ દ્વારા જણાવાયું છે.

### વિદ્યાર્થીઓએ દૈનિક ૧૨થી ૧૫ કલાક યોગ્ય રીતે અભ્યાસ અને પુનરાવર્તન કરવું: એસ.કે.પી. સ્કૂલના સંચાલક રમેશ પાંભરે



એસ.કે.પી. સ્કૂલના સંચાલક રમેશ પાંભરેજણાવ્યું કે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ દૈનિક ૧૨થી ૧૫ કલાક યોગ્ય રીતે અભ્યાસ અને પુનરાવર્તન કરવું જોઈએ. સંતુલિત અને સાદો આહાર લેવાની સલાહ આપતા તેમણે કહ્યું કે સ્વાસ્થ્ય બગડે તેવો ખોરાક ટાળવો જરૂરી છે.શાળાએ નવેમ્બરમાં જ અભ્યાસક્રમ પૂર્ણ કરી બે વખત સંપૂર્ણ પુનરાવર્તન કરાવ્યું છે. પાઠ પ્રમાણે અને બોર્ડની પદ્ધતિ મુજબ વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવ્યા છે, તેમજ નબળા વિદ્યાર્થીઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

### સતત લખીને પ્રેક્ટિસ કરો: જાનવી સાકરીયા



ધોરણ ૧૨ વિજ્ઞાન ગુજરાતી માધ્યમની વિદ્યાર્થીની જાનવી સાકરીયાએ જણાવ્યું કે સમયસર અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ સતત પુનરાવર્તન અને પ્રશ્નપત્ર પ્રેક્ટિસથી આત્મવિશ્વાસ વધ્યો છે. શાળાના શિક્ષકમંડળ દ્વારા રજૂઆત કેવી રીતે કરવી, પ્રાયોગિક પરીક્ષાની તૈયારી અને સમયનું સંચાલન જેવી બાબતોમાં માર્ગદર્શન આપવામાં આવે છે. તેણીએ વિદ્યાર્થીઓને સતત લખીને પ્રેક્ટિસ કરવાની સલાહ આપી.

### આયોજનબદ્ધ અભ્યાસ અને સમયનું યોગ્ય સંચાલન શ્રેષ્ઠ પરિણામ અપાવે: ધોળકિયા સ્કૂલના ટ્રસ્ટી જીતુભાઈ



ધોળકિયા અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું જીતુભાઈ ધોળકિયાએ જણાવ્યું કે આયોજનબદ્ધ અભ્યાસ અને સમયનું યોગ્ય સંચાલન શ્રેષ્ઠ પરિણામ અપાવે છે. શાળામાં નિયમિત રીતે પરીક્ષાની પદ્ધતિ મુજબ પ્રશ્નપત્ર લેવામાં આવે છે અને દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપવામાં આવે છે. તેમણે વિદ્યાર્થીઓને સકારાત્મક અભિગમ સાથે તૈયારી કરવાની અપીલ કરી.

### શાળામાં બોર્ડ જેવી જ પદ્ધતિથી પ્રશ્નપત્ર લેવાયા છે: કર્ણાવતી સ્કૂલના ટ્રસ્ટી અશોકભાઈ ભાંભર



અશોકભાઈ ભાંભરે જણાવ્યું કે શાળામાં બોર્ડ જેવી જ પદ્ધતિથી પ્રશ્નપત્ર લેવામાં આવે છે. નબળા વિદ્યાર્થીઓ માટે અલગ વર્ગો અને વિશેષ માર્ગદર્શન આપવામાં આવે છે. વિદ્યાર્થીઓએ સ્વાસ્થ્યનું ધ્યાન રાખીને સકારાત્મક વિચાર સાથે પરીક્ષા આપવા જવું જોઈએ. પરીક્ષા પૂર્વે થોડું મૌન પાળીને મન એકાગ્ર રાખવાની સલાહ પણ આપવામાં આવી.

### ૧૨માં પણ શ્રેષ્ઠ પરિણામ મેળવવાનો તેનો સંકલ્પ: વિદ્યાર્થી કુકડીયા પ્રસિલ



ધોરણ ૧૨ વિજ્ઞાનના વિદ્યાર્થી કુકડીયા પ્રસિલે જણાવ્યું કે તે ઓછા ગુણ આવતા વિષયોમાં વધુ ધ્યાન આપે છે. શાળામાં બોર્ડની પદ્ધતિ મુજબ પ્રશ્નપત્ર અને રજૂઆતની પ્રેક્ટિસ કરાવવામાં આવે છે.ધોરણ ૧૦માં ૯૯.૯૯ ટકા ગુણ મેળવનાર પ્રસિલે જણાવ્યું કે ૧૨માં પણ શ્રેષ્ઠ પરિણામ મેળવવાનો તેનો સંકલ્પ છે.

# કોર્ટમાં ૧૨:૨૦ એ વિસ્ફોટ થશે: આરડીએક્સ પ્લાન્ટ કરી દેવાયાનો ધમકીભર્યો ઈમેઈલ મળ્યો

## કોર્ટના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર સવારે ૧૦:૩૦ વાગ્યાં આસપાસ મેસેજ મળતા પોલિસની ટીમો દોડી








**અબતક, રાજકોટ**

રાજકોટની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં બપોરે ૧૨:૨૦ વાગ્યે બ્લાસ્ટ થશે, આરડીએક્સ પ્લાન્ટ કરી દેવાયાનો ધમકીભર્યો ઈમેઈલ મળતા તાત્કાલિક એસઓજી, ક્રાઇમ બ્રાન્ચ, ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ, ક્યુઆરટી સહીતની ટીમો દોડી ગઈ હતી અને કોર્ટ કાર્યવાહી મોકૂફ રાખી ખુણેખૂણામાં સઘન ચેકીંગ હાથ ધર્યુ હતુ પરંતુ ચેકીંગમાં કશું જ શંકાસ્પદ નહિ મળી આવતા કોર્ટ કાર્યવાહી ફરી રાબેતા મુજબ શરૂ કરી દેવાઈ હતી.

પ્રાપ્ત વિગત અનુસાર આજે ઉંઘડતી કોર્ટએ સવારે ૧૦:૩૦ વાગ્યાં આસપાસ ડિસ્ટ્રિક્ટ કોર્ટના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર એક ધમકીભર્યો ઈમેઈલ મળ્યો હતો. જે ઈમેઈલમાં 'કોર્ટ કેમ્પસમાં બપોરે ૧૨:૨૦ વાગ્યે મોટો વિસ્ફોટ થશે, આરડીએક્સ પ્લાન્ટ કરી દેવામાં આવ્યો છે' તેવી ધમકી આપવામાં આવી હતી. ઈમેઈલ મળતા જ કોર્ટ તંત્ર દ્વારા પોલિસ કંટ્રોલરૂમમાં જાણ કરવામાં આવી હતી. જે કોલ મળતા એસઓજી પીઆઈ એસ એમ જાડેજા, પીએસઆઈ વી વી ધ્રાંગુ, એમ વી

(અનુ. આઠમા પાને)

**ઘંટેશ્વર સ્થિત કોર્ટ કેમ્પસમાં એસઓજી, ડોગ સ્કવોડ, ક્યુઆરટી, ક્રાઇમ બ્રાન્ચ અને સ્થાનિક પોલિસે પરિસરના ખૂણેખૂણે ચેકીંગ કર્યું તપાસ આદરીઃ કશું જ શંકાસ્પદ નહિ મળતા કોર્ટ કાર્યવાહી ફરી રાબેતા મુજબ ચાલુ**

### રાજ્યની પાંચ કોર્ટને ઉડાવી દેવાની એકીસાથે ધમકી

અમદાવાદ, રાજકોટ, વડોદરા, ગાંધીનગર અને વલસાડની કોર્ટને આજે ધમકી ભર્યા મેઈલ મળ્યા છે.રાજ્યમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકીની ગજબની પેટર્ન જોવા મળી રહી છે. પહેલાં સ્કૂલોને મેઈલ કરવામાં આવે છે અને પછી કોર્ટને ઉડાવી દેવાના મેઈલ મળી રહ્યા છે. રાજકોટના નવા કોર્ટ બિલ્ડિંગને પણ ઉડાવી દેવાની વારંવાર ધમકીઓ મળી હતી. આથી મોટે ભાગે દર માસે રાજકોટના કોર્ટ બિલ્ડીંગની રેગ્યુલર તપાસ કરવામાં આવી રહી છે.

# ‘બરફીલા અમરનાથ’ની દિવ્ય ઝાંખી નિહાળીને ભાવિકો થયા અભિભૂત

**અબતક, રાજકોટ**

રાજકોટના ગોંડલ રોડ સ્થિત પંચશીલ સોસાયટી ખાતે આવેલા જ્યોતિ દર્શન સેવા કેન્દ્રમાં બ્રહ્મા કુમારીઝ સંસ્થાએ મહા શિવરાત્રી નિમિત્તે ૯૦મી ત્રિમૂર્તિ શિવજયંતીનો ભવ્ય અને આધ્યાત્મિક મહોત્સવ ઉજવ્યો હતો. વહેલી સવારે શિવધ્વજારોહણ વિધિ સાથે કાર્યક્રમનો પવિત્ર પ્રારંભ થયો હતો.

આ પ્રસંગે વિશેષ આકર્ષણરૂપે તૈયાર કરવામાં આવેલી ‘બરફીલા અમરનાથ’ની મનોહર ઝાંખીએ ભાવિકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સવારે ૭ વાગ્યાથી જ ભકતોએ શ્રદ્ધાભાવે દર્શન કર્યા અને મહાઆરતીમાં ભાગ લીધો હતો. સમગ્ર પરિસરમાં ભકિતમય માહોલ છવાઈ ગયો હતો અને શિવનામના ગુંજનથી વાતાવરણ પવિત્ર બન્યું હતું.

સાંજે ‘અમરકથા’ તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ભાવિકોએ ભગવાન શિવના મહિમાનો શ્રવણ કરી આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો તેમજ શિવપ્રસાદનો લાભ લીધો હતો.

આ પ્રસંગે સંસ્થાની ગુજરાત નિર્દેશિકા બ્રહ્માકુમારી ભારતી દીદીજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના પાવન સાનિધ્યમાં સંસ્થાના ૯૦ વર્ષના ગૌરવમય સફરના ઉપલક્ષ્યમાં કેક વિધિ પણ યોજાઈ હતી. સાથે જ જ્યોતિ દર્શન સેવા કેન્દ્રના ૨૪મા સ્થાપના દિવસની ખુશી પણ સહુએ ઉજવી હતી.

પ્રવચનમાં જણાવાયું હતું કે વર્તમાન સમયમાં માનસિક શાંતિ, નૈતિક મૂલ્યો અને વિશ્વ સદભાવના માટે આધ્યાત્મિકતા અત્યંત આવશ્યક છે. સંસ્થાએ માનવ કલ્યાણ અને વિશ્વ પરિવર્તનના કાર્યોને વધુ વેગવાન બનાવવા સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શ્રદ્ધાળુઓનું સતત આગમન ચાલુ રહ્યું હતું. અંતે મિની સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે મહોત્સવ આનંદમય વાતાવરણમાં પૂર્ણ થયો હતો.







## બ્રહ્માકુમારી દ્વારા ૯૦મી ત્રિમૂર્તિ શિવજયંતીની ભવ્ય ઉજવણી

# પચ્છેગામમાં ત્રિવેણી મહોત્સવઃ સંત લાલબાપુની પ્રેરણાથી વ્યસનમુક્તિ અભિયાન

## લાલબાપુનો સંકલ્પઃ વ્યસન છોડનારને મળશે ગાયત્રી મંત્રનું પુણ્ય, ૧૨ કરોડ જાપ સાથે વ્યસનમુક્તિ અભિયાન

## લાલબાપુ અને ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા પચ્છેગામ પધારશેઃ ૫૪ ગામોમાં ધુમાડા બંધ ભોજન પ્રસાદ સાથે લાલબાપુના મેળવશે આશીર્વાદ

**અબતક, રાજકોટ**

ભાવનગરના વલ્લભીપુર તાલુકાના પચ્છેગામ મુકામે ત્રિવેણી મહોત્સવ. તા. ૨૨-૨-૨૦૨૬ થી તા. ૨૮-૨-૨૦૨૬ સુધી ચાલનારા આ મહોત્સવમાં મુરલીધર દાદા મંદિરમાં નિજ પ્રવેશોત્સવ, શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ તથા ૫૫૧ કુંડી મહાવિષ્ણુયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા પણ ઉપસ્થિત રહેશે.

આ ધાર્મિક મહોત્સવ અંતર્ગત તા. ૨૬-૨-૨૦૨૬, ગુરૂવારના રોજ સંત લાલબાપુ (ગધેથડ) પચ્છેગામ પધારશે.

લાલબાપુ તરફથી આ દિવસે ભવ્ય ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વલ્લભીપુર શહેર સહિત તાલુકાના ૫૪ ગામોમાં ધુમાડાબંધ ભોજન પ્રસાદ પીરસવામાં આવશે.

વ્યસનમુકિત માટે વિશેષ અભિયાન અને સેવાકાર્યો લાલબાપુ દ્વારા વ્યસન મુક્તિના ભાગરૂપે એક અનોખું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

જે વ્યક્તિ તમાકુ છોડશે તેમને ૫૫૧ ગાયત્રી મંત્રનું અને દારૂનું વ્યસન છોડશે તેમને ૧૧૦૦ ગાયત્રી મંત્રનું પુણ્ય અર્પણ કરવામાં આવશે. આ હેતુ માટે લાલબાપુએ ૧૨ કરોડ ગાયત્રી મંત્રના જાપનો સંકલ્પ કર્યો છે, જેથી પરિવારો સુખી થાય.

વધુમાં, સેવા સ્વરૂપે વલ્લભીપુર શહેર તથા તાલુકાના ૫૪ ગામોમાં ગાયોને નીરણ, કુતરાને લાડુ, પંખીને ચણ, માછલીઓને બુંદીદાણા અને કીડીઓને કીડીયારૂ આપવાનો સહયોગ લાલબાપુ તરફથી આપવામાં આવશે.

ગધેથડ ગાયત્રી આશ્રમ દ્વારા સર્વે ધર્મપ્રેમી જનતાને આ પાવનકારી મહોત્સવમાં ભોજનપ્રસાદ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.



### શબ્દોનું ફાનસ લઈ બધે ફરૂ છું

# સાહિત્ય સેતુના કવિચિત્રી સંમેલનમાં સાહિત્ય પ્રેમીઓ બસ ઝુમતા રહ્યા

## કવિચિંત્રી સંમેલનમાં સાહિત્ય રસીકો સાથે સામાજીક આગેવાનો રહ્યા ઉપસ્થિત

**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ અને શ્રીમતી જે.જે કુંડલિયા ટીચર્સ કોલેજ દ્વારા સંતકબીર રોડ પર આવેલ જે જે કુંડલીયા ટીચર્સ કોલેજમાં કવયિત્રી સંમેલન યોજવામાં આવેલ. કવયિત્રી સંમેલનમાં અતિથિ વિશેષ તરીકે કેળવણીકાર ડો. અલ્પનાબેન ત્રિવેદી,બ્રહ્માકુમારી રેખાદીદી, પરિમલભાઈ પરડવા, સ્વાતંત્ર્ય સેનાની પરિવારના અશ્વિનભાઈ વિઠલાણી, શૈલેષભાઈ સોજીત્રા, શરદભાઈ દવે, રૂચીર પંડયા ઉપસ્થિત રહેલા હતા. કવયિત્રી સંમેલનમાં કવયિત્રી જશુબેન બકરાણીયા, હેમલ દવે,રક્ષાબેન કાચા, શિલ્પાબેન કોટક, શીતલબેન ભાડેશીયા, વિદ્યાબેન ગજર, સ્વાતિબેન સવસેતા એ ભાગ લઈ પોતાની સુંદર રચનાઓ તમસ ના તરુને હું નિશ દિન ચરુ છું. હું




(અનુ. આઠમા પાને)

# બાગેશ્વર ધામ ખાતે ૩૦૧ દીકરીઓને કલ્યાણી હેર બ્યુટીસલૂન એ વિનામૂલ્ય સજાવી દુલ્હન રૂપમાં

## ૪૦થી વધુ મેકઅપ આર્ટિસ્ટ ટીમ દ્વારા દીકરીઓને અપાય નીખાર



**અબતક, રાજકોટ**

મધ્યપ્રદેશ સ્થિત બાગેશ્વર ધામ ખાતે તાજેતરમાં ૩૦૧ દીકરીઓના ભવ્ય સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે દેશભરમાંથી લાખો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમૂહલગ્નમાં રાજકોટ શહેરના કલ્યાણી હેર બ્યુટી સલૂને વિશેષ સેવા આપી માનવતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું.

શહેરના કલ્યાણી હેર બ્યુટી સલૂનના સંચાલક પરેશભાઈ જોટંગિયા, જે બાગેશ્વરધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના અનુયાયી છે, તેમના માર્ગદર્શન હેઠળ ૪૦થી વધુ મેકઅપ કલાકારોની ટીમ સમૂહલગ્ન સ્થળે પહોંચી હતી. ટીમ દ્વારા તમામ ૩૦૧ દીકરીઓને વિનામૂલ્યે દુલ્હનરૂપે તૈયાર કરવામાં આવી હતી. આ સેવા કાર્યમાં સંચાલક આશાબેન જોટંગિયા સહિત બહેનો પણ જોડાયા હતા.

લગ્ન સમારંભ દરમિયાન માત્ર શૃંગાર સેવા જ નહીં, પરંતુ ચારથી વધુ સ્થળોએ જલસેવાનું આયોજન કરી પાણી વિતરણની સેવા પણ પૂરી પાડવામાં આવી હતી. અગાઉ દિલ્હીથી વૃંદાવન સુધી યોજાયેલી પદયાત્રા દરમિયાન પણ યાત્રાળુઓને

(અનુ. આઠમા પાને)



# કણસાગરા કોલેજમાં વિદ્યાર્થીઓને અગ્નિ શમન માટે કરાયા તાલીમબદ્ધ

## આગ લાગે ત્યારે ફાયર બોટલનો ઉપયોગ કેમ કરવો? તેનું અપાયું જીવંત નિર્દેશન



**અબતક, રાજકોટ**

આગ લાગે ત્યારે કુવો ન ખોદાય પણ સાધનો કેમવાપરવા તેની ખબર હોવી જોઈએ. કણસાગરા કોલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે આગ જેવી આપત્તિ સમયે ફાયર બોટલ (ફાયર એક્સ્ટિંગ્યુઈશર) નો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સુરક્ષા જાગૃતિ વધારવાનો અને આપત્તિ સમયે યોગ્ય પ્રતિસાદ આપવાની તાલીમ આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત દ્વારા PASS પદ્ધતિ અંગે સમજાવવામાં આવ્યું - P (Pull): પિન બહાર ખેંચવી,A (Aim): આગના તળિયે નિશાન સાધવું, S (Squeeze): હેન્ડલ દબાવી સ્પ્રે છોડવો, S (Sweep): આગના તળિયે ડાબે-જમણે સ્પ્રે ફેરવવો

વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની ફાયર બોટલ જેવી કે વોટર, ફોમ, $CO_2$ અને ડ્રાય કેમિકલ પાઉડર એક્સ્ટિંગ્યુઈશર વિશે માહિતગાર કરવામાં આવ્યા અને કઈ પ્રકારની આગમાં કયો એક્સ્ટિંગ્યુઈશર ઉપયોગી રહે છે તે પ્રાયોગિક રીતે બતાવવામાં આવ્યું.

માર્ગદર્શન દરમિયાન વિદ્યાર્થીઓને ગભરાટ વિના તાત્કાલિક એલાર્મ આપવો, આસપાસના લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા અને જરૂર જણાય તો ફાયર બ્રિગેડને જાણ કરવાની સૂચના આપવામાં આવી.

આ કાર્યક્રમથી પ્રિન્સિપાલ સ્નેહલ કોટક રાજેન્દ્ર સેજલીયા વિદ્યાર્થીઓમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ વધી અને આપત્તિ સમયે યોગ્ય અને ઝડપી કાર્યવાહી કરવાની તૈયારી વિકસે તેવો વિશ્વાસ વ્યકત કરવામાં આવ્યો હતો. મેનેજમેંટના પ્રતિનિધિ રાજેશ કલારીયાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોમ સાયન્સ ભવન ખાતે વિદ્યાર્થીનીઓ આંતરીક વિકાસ દ્રઢ કરવા ફેશન શો યોજાયો



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ડિઝાઈન અને એડવાન્સ ફેશન અ ડિઝાઈન વિથ ટ્રેડીશન સાથે ફેશન શો આયોજન થયો , વિદ્યાર્થીનીઓ ના આંતરિક ગુણોના વિકાસ તથા તેમની પ્રતિભા બહાર આવે અને સૌંદર્યની સાથે દ્રઢ ઈચ્છા શક્તિનો ગુણ ડેવલોપ થાય. તે હેતુ હતો. હોમ સાયન્સ ભવનમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને અભયાસિક પ્રવૃત્તિના ભાગરૂપે છે આ ફેશન શો યોજાયો હતો. રસોઈ કરવાની સાથે બાહ્ય દેખાવની સાથે બીજી કલામાં પારંગત થાય તે હેતુ હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ઉત્પન્ન જોશી એ પણ વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી ભવનના એક્ટિંગ અધ્યક્ષ ડો. રેખાબા જાડેજા અને પૂર્વ અધ્યક્ષ ડો. એન .આર .દવે તથા સૌ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ જોડાયેલ હતા.

### શહેરમાં ભેળસેળ અને અખાદ્ય વસ્તુઓ વેચનારાઓની ખેર નહીં રહે

# ફૂડ ચેકિંગ ટીમે દાવત, નેચરલ હિના, વેદિકા મિનરલ વોટર બિસલેરીની બોટલોના લીધા નમુના

## શહેરમાં લાઈસન્સ વગર ખાણીપીણીનો ધંધો ધમ ધમાવતા ૧૨ ધંધાર્થીઓને પરવાના લઈ લેવા તાકીદ

**અબતક, રાજકોટ**

રાજકોટ કોર્પોરેશન ના ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ દરમિયાન સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત શહેરની અલગ અલગ ત્રણ પેઢીઓની ચકાસણી કરી ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ અન્વયે પેકિંગ પાણી ની બોટલોના છ નમુના લેવામાં આવ્યા હતા

ચેકિંગ દરમિયાન લેવાયેલા નમૂનામાં કિસાનપરા ચોકમાં લંડન આઈ પાસે આવેલ મહાવીર એજન્સી માંથી દાવત કંપનીની પાણીની બોટલ, આ જ રીતે કિસાન પરા માં આવેલ એસ એસ ડી એન ગ્લોબલ ટ્રેડિંગ લિમિટેડ માંથી ૭૫૦ ળહ ની ઈન્ડિપેન્ડન્સ વોટર બોટલ, જાગનાથ માં આલાભાઈ ના ભઠ્ઠા પાસે આવેલ અંબિકા એન્ટરપ્રાઈઝ માંથી ક્લિયર પેકેજ ડ્રીન્કિંગ વોટર ની બોટલ, અને નેચર હીના ડ્રિંકિંગ હોટલ ની એક એક લીટર ની બોટલ અને શક્તિ કોલોની બે માં મહાવીર એજન્સીમાંથી બિસલેરી વેદિકા હિમાલય સ્પ્રિંગ વોટર બોટલ અને બિસલેરી ની એક લીટર ની બોટલ ના નમુના લેવાયા હતા.

કોર્પોરેશનની ટીમ એફ એસ





(અનુ. આઠમા પાને)

# આઈટી કંપની શરૂ કરી બે વેપારીઓ સાથે ત્રણ કરોડની છેતરપિંડી

## મુંબઈના દંપતીએ સોફ્ટવેર ડિઝાઈન, વેબ હોસ્ટીંગ, નેટવર્કીંગ સહિતની કંપની ચાલું કરવાનું કહીં મહાવીર પોલીપ્રીન્ટના માલિકને ફસાવ્યા: વેપારીએ રૂ.૧.૩૦ કરોડનું રોકાણ કર્યું, ડેવલોપીંગમાં નાણાં ઘટતાં અન્ય એક વેપારીએ પણ રૂ.૧.૭૦ કરોડ આપ્યા'તા

**અબતક, રાજકોટ**

રાજકોટના પ્લાસ્ટિક બેગના વેપારીને ઠગ દંપતીનો ભેંટો થઈ જતાં કરોડો રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો હતો. મુંબઈના દંપતીએ બે વેપારીઓ સાથે ત્રણ કરોડની છેતરપીંડી આચરી લેતા આર્થિક ગુના નિવારણ શાખાની ટીમે ગુનો નોંધી તપાસ આદરી હતી.મુંબઈના દંપતીએ સોફ્ટવેર ડિઝાઈન, વેબ હોસ્ટીંગ, નેટવર્કીંગ સહિતની કંપની ચાલુ કરવાની કહીં મહાવીર પોલીપ્રીન્ટના માલિકને ફસાવી વેપારીએ રૂ.૧.૩૦ કરોડનું રોકાણ કર્યું, ડેવલોપીંગમાં રોકાણ ઘટતાં અન્ય એક વેપારીએ પણ રૂ.૧.૭૦ કરોડ રોકયા હતાં.આરોપી દંપતીએ ત્રણ વર્ષમાં ઉભી કરેલ પેઢીના તમામ ડેટા પોતાની કંપનીમાં ટ્રાન્સફર કરી મોટું નુકસાન પહોંચાડી છેલ્લા એક વર્ષના હિસાબ ન આપી વિશ્વાસઘાત પણ કર્યો હતો.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગરોડ પર ઈન્દિરા સર્કલ પાસે સવન સાઈન એપાર્ટમેન્ટમાં રહેતાં નિલેશભાઈ હસમુખલાલ તુરખીયા (ઉવ.૪૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રવનીત રાઘવ કપુર અને રાઘવ અનિલ કપૂર (રહે, બી-૩૦૩, ડોમેન હાઈટસ, ફલેટ નં.૧૩૦૩, શ્યામલ ચાર રસ્તા સેટેલાઈટ, અમદાવાદ, મુળ બાંદ્રા(વેસ્ટ) મુંબઈ) નું નામ આપતાં આર્થિક ગુના નિવારણ શાખાની ટીમે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને મહાવીર પોલીપ્રીન્ટ, ૧૨/૩ ભકિતનગર સ્ટેશન પ્લોટ, મહાવીર ચેમ્બરમાં આવેલ ઓફીસમાં પ્લાસ્ટીકની બેગનો વેપાર કરે છે. તેઓએ રવનીત કપુર સાથે મળી તા.૩૧/૦૧/૨૦૨૨ ના નવકાર ટેકનોલોજી એન્ડ કોમ્યુનીકેશ નામે સોફટવેર ડેવલોપમેન્ટ માટેની પેઢી શરૂ કરેલ હતી.

ફરીયાદી મહાવીર પોલીપ્રી નામની પેઢીમાંથી પ્લાસ્ટીક બેગનુ વેચાણ કરવાનું કામકાજ કરતાં ત્યારે વર્ષ ૨૦૦૮ મા રવનીત કપૂર તથા તેઓના પતિ રાઘવ કપુરને મુંબઈમાં પ્લાસ્ટીકના દાણાનુ ટ્રેડીંગનું કામકાજ હોય અને પ્લાસ્ટીકની બેગ બનાવવા માટે પ્લાસ્ટીકના દાણાની ખરીદી કરવાની હોય જેથી વેપારીઓ મારફતે બંને સાથે પરીચય થયેલ હતો.

તે દરમિયાન આરોપી દંપતીએ વાત કરેલ કે, મુંબઈ ધંધામાં નુકશાની આવતા તેઓ બંને અમદાવાદ રહેવા માટે આવતા રહેલ હતા. તેઓની આર્થિક પરીસ્થિતી સારી ન હોય અને રવનીત કપુર બેંકમાં ડીફોલ્ટ જાહેર થતાં બેંકમાં રૂપીયા ભરી શકેલ ન હોય જેથી તેઓને મુંબઈ ખાતે જેલ થયેલ હતી. રવનીત કપુરએ ફરિયાદીનો સંપર્ક કરી જણાવેલ કે હાલમાં પોતાની પરીસ્થિતી સારી ન હોય અને પોતે ધંધો કરવા માંગે છે, ધંધામાં રૂપીયાની જરૂરીયાત છે અને પોતાનુ ઘર ચલાવવા માટે પણ રૂપીયાની જરૂરીયાત છે, જેથી આર્થિક મદદ માંગેલ અને ભાગીદારીમાં સી.આર.એમ વ્હોટસપ બેઈઝ પ્રોગ્રામ ધંધો કરવાની વાત કરી તે કામકાજ કરવામાં આશરે રૂ.૭૦ લાખથી રૂ.૮૦ લાખનો ખર્ચ થાય તેમ હોવાનું જણાવેલ અને બંને વચ્ચે તા.૩૧/૦૧/૨૦૨૨ ના રોજ એલ.એલ.પી. એગ્રીમેન્ટનું લખાણ થયેલ અને જે વેપાર ધંધો થાય તેમાં ૫૦%-૫૦% ના નફા નુકશાનીમાં ભાગીદાર તરીકે રહેવાનું નકકી થયેલ હતું.

એગ્રીમેન્ટ થયા બાદ બંને ભાગીદારો વચ્ચે મૌખીક વાતચીત થયેલ જેમાં તમામ પ્રકારનું રોકાણ મારે કરવાનુ અને સોફટવેર ડેવલોપીંગનું કામકાજ તથા ઓફીસ મેનેજમેન્ટનું કામકાજ રવનીત કપુરએ કરવાનુ હતું. નવકાર ટેકનોલોજી એન્ડ કોમ્યુનીકેશન એલ.એલ.પી. એ સોફટવેર ક્ષેત્રની સેવા જેવી કે મેસેજીંગ/ કોમ્યુનીકેશન, પ્લેટફોર્મ કે જે ડીસ્ટ્રીબ્યુટર, ડીલર વિગેરેને ઉપયોગી થાય તેમજ વેબ ડીઝાઈન, વેબ હોસ્ટીંગ, નેટવર્કીંગ, કોમ્પ્યુટર આધારીત સોફટવેર સોલ્યુશન કે કન્સલટન્સી સર્વીસીસ વિગેરે જેવી સેવાઓ આપવાનું કામકાજ કરવાનુ હતું. જે તમામ કામકાજ અમદાવાદ ખાતેથી કરવાનુ તેમ નક્કી થયેલ હતું.

જેથી નવકાર ટેકનોલોજી એન્ડ કોમ્યુનીકેશન એલ,એલ.પી. પેઢીના નામે સૌપ્રથમ અમદાવાદમાં પ્રહલાદનગર ટ્રેડ સેન્ટર, વેજલપુરમાં ઓફીસ ભાડેથી રાખેલ હતી. આરોપી દંપતી કંપનીની તમામ કામગીરી જૂન ૨૦૨૫ સુધી કરતા હતા.

આરોપી દંપતીએ કંપનીના વિકાસ માટે ફરીયાદી પાસે રૂ.૧,૨૯,૯૯,૩૪૯ નું રોકાણ કરાવ્યું હતું. જે બાદ પેઢીના ધંધાના વિકાસ માટે વધુ રૂપિયાની જરૂરત પડતા નવા ભાગીદાર તરીકે કેવિન અશ્વિનભાઈ મિસ્ત્રી જોડાયેલ હતા અને તેઓએ પણ પેઢીના ધંધાના વિકાસ અર્થે રૂ. ૧,૭૦,૭૮,૬૬૪ નું રોકાણ કરેલ હતું. ફરિયાદી અને કેવિન મિસ્ત્રીએ કુલ રૂપિયા ત્રણ કરોડથી વધુનું રોકાણ કરેલ હતું, જે રકમનો ઉપયોગ ફક્ત પેઢીના વિકાસ અર્થે કરવાનો હોય તેમ છતાં આરોપીઓએ નવકાર ટેકનોલોજી એન્ડ કોમ્યુનિકેશન પેઢીનો તમામ ડેટા ફરિયાદીની જાણ બહાર પોતાની એલએનએચ ઈન્ફોટેક નામની પેઢી શરૂ કરી તેમાં ટ્રાન્સફર કરેલ હતો.

તેમજ આરોપી દંપતિએ દુબઈ ખાતે પણ હેલોફાઈલ નામે કંપની શરૂ કરેલ તેના ડાયરેક્ટર તરીકે આરોપી રાઘવના ઓળખીતા હોય તેઓને પણ ફરિયાદીની જાણ બહાર તમામ ડેટા ટ્રાન્સફર કરી દીધા હતા. તેમજ આરોપીઓએ ફરિયાદીનું સોફ્ટવેર ડેવલપ કરી આપેલ ન હોય અને તે પેઢીના વિકાસ તે રોકાણ રકમ પૈકી આરોપીઓએ કંપનીના સોફ્ટવેર માટે આશરે રૂ.૧.૮૩ કરોડ જેટલી રકમ વાપરી તે સિવાયની રકમ રૂપિયા ૩૨ લાખ પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાંખ્યા હતાં.

તેમજ અન્ય રૂ.૮૫.૨૭ લાખની રકમનો કોઈ હિસાબ ન આપી ફરીયાદી તથા તેમના ભાગીદાર સાથે છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી. જેથી આર્થીક ગુના નિવારણ શાખાની ટીમે બંને વેપારીઓ સાથે થયેલી રૂ. ૩ કરોડની છેતરપીંડીના ગુનામાં ગુનો દાખલ કરી આરોપીને પકડવા તજવીજ આદરી છે.

### કરોડોનું રોકાણ કરાવ્યા બાદ ભેજાબાજ દંપતીએ ત્રણ વર્ષમાં ઉભી કરેલ પેઢીના તમામ ડેટા પોતાની કંપનીમાં ટ્રાન્સફર કરી મોટું નુકસાન પહોંચાડ્યું

### છેલ્લા એક વર્ષનો હિસાબ પણ નહિ આપતાં ગુનો નોંધાયો: આર્થિક ગુના નિવારણ શાખાએ તપાસ હાથ ધરી

# મહિલા તબીબના હોસ્ટેલ રૂમમાંથી રૂ.૧.૫૫ લાખના ઘરેણાની ચોરી

## શકમંદોની આકરી પૂછપરછ, સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી રેસીડેન્ટ તબીબોની હોસ્ટેલમાં તસ્કર ત્રાટક્યો હતો. મહિલા તબીબે સફાઈ અર્થે ખુલ્લો રાખેલો રૂમના કબાટમાંથી તસ્કર રૂ. ૧.૫૫ લાખના ઘરેણાં ઉઠાવી જતાં પ્ર.નગર પોલિસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હતી.

બનાવ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સિનિયર રેસીડેન્ટ તબીબ તરીકે ફરજ બજાવતા અને મેડિકલ પી.જી. હોસ્ટેલ રૂમ નં.-૫૨૪ રહેતા મૂળ સુરેનદ્રનગરના વતની ડો. શાહનુબેન કરીમભાઈ ગોવાણીએ પ્ર.નગર પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૧૬/૦૨/૨૦૨૬ ના સવારના નવ વાગ્યે સિવિલ હોસ્પીટલમા નોકરીએ ગયેલ હતી અને મેડીકલ પી.જી. હોસ્ટેલ રૂમ નં.-૫૨૪ માં રહેતી હોય રૂમની સફાઈ કરવાની હોય જેથી મે મારા રૂમના દરવાજે ફક્ત આંકડિયો મારેલ હતો. બાદ બપોરના એક વાગ્યાની આસપાસ મારી નોકરી પુરી થતા હું રૂમ ખાતે પહોંચતા રૂમના કબાટનો દરવાજો ખુલ્લો હતો અને કબાટમાં રાખેલો તનિષ્ક જવેલર્સની બેગ બહાર પડેલ હતી. જેથી મે કબાટમા તપાસ કરતા રૂ. ૭૫ હજારની કિંમતની એક જોડી સોનાની બુટી, ૨૫ હજારની કિંમતનો સોનાનો નેકલેશ, રૂ. ૩૫ હજારની કિંમતનું સોનાનુ બ્રેસલેટ, રૂ. ૨૦ હજારની સોનાની રીંગ સહિતના ઘરેણાં કબાટમાં મળી આવ્યા ન હતા. બહારના ભાગે જોતા બિલનું કવર પડેલ હતું પણ તેમાં બિલ મળી આવ્યું ન હતું. જેથી મહિલા તબીબે રૂ. ૧.૫૫ લાખની કિંમતના ઘરેણાંની ચોરી અંગે ફરિયાદ આપતા પ્ર.નગર પોલિસની ટીમે ગુનો નોંધી શકમંદોની પૂછપરછ શરૂ કરી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

### ભેજાબાજ તસ્કર: ચોરીના ઘરેણાં સરળતાથી વેંચી શકાય માટે બિલ પણ ઉઠાવી ગયો

ચોરીની ઘટનામાં મહિલા તબીબના જણાવ્યા અનુસાર તસ્કર સોનાના ઘરેણાની સાથે ઘરેણાંનું બિલ પણ કાગળના કવરમાંથી તસ્કર ઉઠાવી ગયો હતો. જેથી ચોરીનો માલ વેચવામાં સરળતા રહે તેના માટે ભેજાબાજ તસ્કર બિલ ઉઠાવી ગયાનું પ્રાથમિક અનુમાન છે.

### ચોથા માળે પણ તસ્કર ત્રાટક્યો રૂમનો સામાન ફેંદી નાખ્યો

મહિલા તબીબના પાંચમાં માળે સ્થિત રૂમમાં ત્રાટકી કબાટમાંથી રૂ. ૧.૫૫ લાખના ઘરેણાંની ચોરીને અંજામ આપી તસ્કર અન્ય રૂમમાં પણ ત્રાટક્યો હતો. તસ્કર ચોથા માળે આવેલ ૪૨૯ નંબરના રૂમનો પણ દરવાજો ખુલ્લો જોઈ જતાં તે રૂમનો પણ મોટાભાગનો સામાન ફિંદી નાખ્યો હતો તેવું પોલિસની તપાસમાં સામે આવ્યું છે. જો કે, આ રૂમમાંથી કશું નહિ ચોરાયાનું સામે આવ્યું છે.

# પટેલનગરના ઘડિયાળના કારખાનામાં મજૂરી કરતા બાળકને મુક્ત કરાવાયો

## દૈનિક રૂ.૨૦૦ વેતન આપી મૂળ યુપીના કિશોર પાસે મજુરી કરાવતા'તા: શ્રમ અધિકારીની ફરિયાદ પરથી કારખાનેદાર સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના પટેલનગરમાં આવેલા ઘડીયાળના કારાખાનામાં ટાસ્ક ફોર્સની ટીમે દરોડો પાડતા અહીં ૧૨ વર્ષના બાળક પાસે બાળમજુરી કરવામાં આવતી હોવાનું માલુમ પડતા તેને મુકત કરાવ્યો હતો. આ અંગે શ્રમ અધિકારીની ફરિયાદ પરથી કારખાનેદાર સામે ચાઈલ્ડ લેબર પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

શ્રમ અધિકારી દિશા આર.કાનાણી દ્વારા ભકિતનગર પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પટેલનગરમાં ખોડલ ટેકનોકાસ્ટ નામનું કારખાનું ધરાવનાર હિમાંશુ રમેશભાઈ ભંડેરીનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સરકારી શ્રમ અધિકારી કચેરીમાં ફરજ બજાવે છે તેમની ફરજમાં બાળ મજુર જોગવાઈઓનું અમલીકરણ કરાવવાનું બાબતનો સમાવેશ થાય છે.

ગઈકાલે ફરિયાદી તથા એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનીટના પીઆઈ બી.એમ.ઝણકાટ એએસઆઈ અજયકુમાર શુકલા, એ.એન. મકવાણા(ડી.સી.પી.યુ) ,હેડ કોન્સ. હરસુખભાઈ વાછાણી, જયોતી બાબરીયા, જીજ્ઞેશ મારૂ સહિતની ટાસ્ટ ફોર્સની ટીમ બાળમજુરી નાબુદી ઝુંબેશ હેઠળ જુદી જુદી જગ્યાએ દરોડા પાડયા હતાં. આ દારોડાની કાર્યવાહી દરમિયાન પટેલનગર શેરી નં.૬ સરદાર પ્રોસેસની પાછળ સદભાવાના મેઈન રોડ ખાતે આવેલા ખોડલ ટેકનોકાસ્ટ નામના ઘડીયાળના કારખાનામાં તપાસ કરતા અહીં ૧૨ વર્ષના કિશોર પાસે બાળ મજુરી કરવામાં આવતી હોવાનું માલુમ પડયું હતું. જેથી તેને મુકત કરાવી આ સગીરની પુછપરછ કરતા તે મૂળ યુપીનો વતની હોવાનું અહીં સાત દિવસથી કામે રાખ્યો હોવાનું માલુમ પડયું હતું. અહીં એક દિવસની તેને રૂ.૨૦૦ મજૂરી ચૂકવવામાં આવતી હતી. આમ કારખાનેદાર હિમાંશુ રમેશભાઈ ભંડેરીએ બાળ મજુરને ગેરકાયદે રીતે કામે રાખી ગુનો કર્યા અંગે ભકિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# માંડા ડુંગર વિસ્તારમાં ફ્રિજ લેવા બાબતે પત્ની સાથે ઝગડો થતા યુવકનો આપઘાત

## સામાન્ય બાબતે દંપતી વચ્ચે બોલાચાલી થતા યુવાને ઝેર પી જીવન ટૂંકાવ્યૂ

**અબતક, રાજકોટ**

શહેરના માંડા ડુંગર વિસ્તારમાં રહેતા એક ૨૮ વર્ષીય યુવાને પત્ની સાથે ફ્રિજ લેવા બાબતે થયેલા ઝઘડા બાદ ઝેરી દવા પી લેતા, ટૂંકી સારવાર બાદ આજે તેનું મોત નીપજ્યું છે. હજુ એક વર્ષ પહેલા જ લગ્નગ્રંથિથી જોડાયેલા યુવાનના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ, આજીડેમ ચોકડી પાસે માનસરોવર-૨માં રહેતા નીતિન ઉર્ફે કલ્પેશ કેશુભાઈ ધોળકિયા (ઉ.વ. ૨૮) એ ગત તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ માંડા ડુંગર ખાણ વિસ્તારમાં ઝેરી દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં તેને પ્રથમ મવડીની આસ્થા હોસ્પિટલ અને ત્યારબાદ દોશી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં આજે સારવાર દરમિયાન તેણે દમ તોડ્યો હતો.મૃતક નીતિન માંડા ડુંગર વિસ્તારમાં જ 'ચામુંડા પાન' નામે દુકાન ચલાવતો હતો. પરિવારજનોના જણાવ્યા અનુસાર, નીતિન અને તેની પત્ની પાયલ થોડા સમય પહેલા જ માતા-પિતાથી અલગ થઈ તે જ વિસ્તારમાં ભાડે રહેવા ગયા હતા. જૂના ઘરેથી જૂનું ફ્રિજ લાવવું કે નવું ફ્રિજ ખરીદવું, તે બાબતે પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ સામાન્ય ઘરકંકાસથી કંટાળીને નીતિનએ આ પગલું ભર્યું હોવાનું અનુમાન છે. બનાવ અંગેની જાણ થતા આજીડેમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હેમંતભાઈ અને તેમની ટીમે હોસ્પિટલ પહોંચી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. પરણિત યુવાનના આ રીતે અકાળે અવસાનથી પરીવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# મવડી નજીક શ્રમિક બિલ્ડીંગ પરથી પટકાતા મોત

## બાલકનીમાં ચોથા માળે કલરકામ કરતા યુવાનનો પગ લપસતા નીચે પટકાતા મોત

**અબતક, રાજકોટ**

શહેરના મવડી- પાળ રોડ પર આવેલી બાંધકામ સાઈટ પર કલરકામ કરી રહેલા ૧૯ વર્ષીય પરપ્રાંતિય યુવાનનું ચોથા માળેથી નીચે પટકાતા મોત નીપજ્યું છે. અકસ્માતે નીચે પડતા યુવાનને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેણે દમ તોડ્યો હતો.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ખોડિયાર નગર, ગોવર્ધન ચોક પાસે રહેતા સૂરજ તિલક પાલ (ઉં.વ. ૧૯) છેલ્લા બે વર્ષથી રાજકોટમાં રહી કલરકામની મજૂરી કરતો હતો. ગઈકાલે સાંજે ૪:૦૦ વાગ્યાની આસપાસ તે મવડી-કાલાવડ રોડ પર વેગડ ચોકડી પાસે આવેલી 'ધ ફોર્ટિન' એચપી પેટ્રોલ પંપ નજીક નિમેશભાઈ મહેતાની બાંધકામ સાઈટ પર કામ કરી રહ્યો હતો. ચોથા માળે બાલકનીમાં કલરકામ કરતી વખતે અચાનક પગ લપસી જતાં સૂરજ સીધો નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા સૂરજને તાત્કાલિક બેભાન અવસ્થામાં રાજકોટ સિવિલ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલા જ તેનું મોત નીપજ્યું હતું. મૃતક સૂરજ એક ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો અને અપરિણીત હતો. વતનના મિત્રો સાથે રહીને મજૂરી કરી પરિવારને મદદરૂપ થતા આશાસ્પદ યુવાનના મોતથી શ્રમિક પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતના ગુનાની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સદર બજારમાં નિવૃત સફાઈ કામદારે ઝેરી દવા પીધી

## પાંચ મહિના પહેલા બીએસએનએલના નિવૃત્તિ લીધા બાદ અગમ્ય કારણોસર ભર્યું પગલું

**અબતક, રાજકોટ**

શહેરના સદર બજાર વિસ્તારમાં આવેલ ઠક્કરબાપા હરિજન વાસમાં રહેતા ૫૬ વર્ષીય પ્રૌઢે અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં તેમને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, સદર બજાર, ઠક્કરબાપા હરિજન વાસ શેરી નંબર ૨ માં રહેતા જગદીશભાઈ મનજીભાઈ વાણીયા (ઉં.વ. ૫૬) આજે સવારે પોતાના ઘરે હતા, ત્યારે કોઈ અગમ્ય કારણોસર તેમણે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટના સમયે ઘરે કોઈ હાજર ન હોવાનું જાણવા મળ્યું છે. ઝેરી દવાની અસર થતા જ પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તેમને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે જગદીશભાઈ ઈજ્ણક માં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા અને માત્ર ૫ મહિના પહેલા જ તેઓ નિવૃત થયા હતા. પરિવારમાં તેમને સંતાનમાં બે દીકરા છે અને તેઓ એક ભાઈ તથા એક બહેનમાં સૌથી નાના છે. નિવૃત થયાના ટૂંકા ગાળામાં જ તેમણે આવું અંતિમ પગલું કેમ ભર્યું તે અંગે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. હાલમાં આ મામલે પોલીસે નોંધ કરી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# તું મારી ઘરે પાછી આવી જા, નહીંતર જાનથી મારી નાખીશ કહી પૂર્વ પત્નીને ધમકી

## પ્રેમલગ્ન બાદ ત્રણ માસમાં જ સંસાર ભાંગી પડતા બંનેએ છૂટાછેડા લીધા'તા: પૂર્વ પતિએ અપહરણ, ખૂનની ધમકી આપતાં ત્યકતાએ ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

રૈયા ગામમાં રહેતી ત્યકતાને પૂર્વ પતિએ પત્ની તરીકે ફરીથી અપનાવવા વારંવાર મેસેજ કરી યુવતીના ઘરે જઈ જાનથી મારી નાખવાની અને અપહરણ કરીને લઈ જવાની ધમકી આપતો હતો. જેથી કંટાળી જઈ અંતે યુવતીએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. રૈયાગામ શેરી નંબર ૧૧ માં રહેતી રેખાબેન ઉર્ફે કાજલબેન બાબુભાઈ પરમારે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પૂર્વ પતિ જગદીશ લક્ષ્મણભાઈ મકવાણા (રહે રીબડા,ગોંડલ) નું નામ આપ્યું છે.યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે હાલ માવતરના ઘરે રહે છે.ગત તા.૩૦/૦૩/૨૦૨૧ના રોજ જગદીશ લક્ષ્મણભાઈ મકવાણા સાથે પ્રેમલગ્ન કર્યા હતા.બાદ સમાજના રીતિ રિવાજ મુજબ લગ્ન કર્યા હતા.ત્રણ મહિના બાદ ગત તા.૧૮/૦૩/૨૦૨૧ ના રોજ નોટરી કરાર કરી છુટાછેડા લીધા હતા.

વધુમાં જણાવ્યું હતું કે, ગત તા.૧૦/૦૨/૨૦૬ ના રોજ રાત્રે નવ વાગ્યા આસપાસ તેના પિતા બાબુભાઈ મંગાભાઈ પરમારને પ્લમ્બરના કામ માટે ફોન આવ્યો હતો અને રૈયા સ્મશાન પાસે બોલાવ્યા હતા.ત્યારે પિતાએ કામ માટે ના પાડી દીધી હતી.થોડીવાર બાદ યુવતીનો પૂર્વ પતિ જગદીશ અને તેની સાથે પટેલ અને તેનો મિત્ર શિવરાજભાઈ ઘરે આવી પહોંચ્યા હતા. પૂર્વ પતિ જગદીશએ યુવતીને કહ્યું કે, ''તું મારા ઘરે આવી જા, જો તું નહીં આવે તો જાનથી મારી નાખીશ''તેવી ધમકી આપી હતી.તે સમયે યુવતીના મામા મૂળજીભાઈ ભુરાભાઈ સિધવને બોલાવતા તેમણે જગદીશને સમજાવતા તે અને તેના મિત્રો ત્યાંથી જતા રહ્યાં હતાં.પૂર્વ પતિ અગાઉ પણ યુવતીને પત્ની તરીકે ફરીથી અપનાવવા વારંવાર મેસેજ પણ કરતો હતો. પૂર્વ પતિ અપહરણ કરીને લઈ જશે તેની બીકે યુવતીએ પૂર્વ પતિ જગદીશ વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગ્રીનલેન્ડ ચોકડી પાસે દારૂ પીવાના મામલે બનેવી પર હુમલો

## મહેફિલ દરમિયાન થયેલી બોલાચાલી થતા બે સાળાએ સળિયા વડે માર માર્યો

**અબતક, રાજકોટ**

શહેરના ગ્રીનલેન્ડ ચોકડી નજીક આવેલી માલધારી સોસાયટીમાં દારૂ પીવા બેઠેલા સાળા-બનેવી વચ્ચે પત્નીએ દારૂ પીવાની ના પાડતા થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા સાળાઓએ પોતાના જ બનેવી પર સળિયા વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડતા ચકચાર મચી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, માલધારી સોસાયટીના બાપા સીતારામ ચોક વિસ્તારમાં રહેતા અને સેન્ટિંગ કામ કરતા જીતેશભાઈ રાજુભાઈ રાઠોડ (ઉ.વ. ૨૬) ગઈકાલે બપોરે પોતાના સાળા મહેશભાઈ રણછોડભાઈ સોલંકીના ઘરે ગયા હતા. ત્યાં સાળા-બનેવી અને અન્ય શખ્સો સાથે મળીને દારૂ પીવાની મહેફિલ જમાવી હતી. દારૂની મહેફિલ ચાલતી હતી તે દરમિયાન જીતેશભાઈની પત્ની કિરણે ત્યાં આવીને દારૂ ન પીવા માટે ટોક્યા હતા. પત્નીની આ રોકટોકને કારણે બોલાચાલી શરૂ થઈ હતી, જેમાં સાળા મહેશ સોલંકી અને પ્રકાશ સોલંકીએ ઉશ્કેરાઈ જઈને જીતેશભાઈ પર હુમલો કર્યો હતો. બંને શખ્સોએ સળિયા અને ઢીંકાપાટુનો માર મારતા જીતેશભાઈને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તનું નિવેદન લેવાની તજવીજ હાથ ધરી હતી.


**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫૫

**સોના ધિરાણ લેનારના દાગીનાની જાહેર હરરાજી**

આથી નીચે જણાવેલ ખાતેદારોને બેન્ક દ્વારા સોનાના દાગીના ઉપર ધિરાણ આપવામાં આવેલ. જેની ચડત હપ્તાની રકમ ભરપાઈ ન થતાં/ધિરાણ ભરપાઈ કરવાની મુદત પુરી થતાં તે ખાતાઓ એન.પી.એ. થયા છે. નીચે દર્શાવેલ બાકીદારો કે જેઓને અવારનવાર નોટીસથી જાણ કરવામાં આવેલ છે છતાં ધિરાણની બાકી રકમ ભરપાઈ કરેલ નથી. આ સબબ આ જાહેરાતથી આખરી નોટીસ આપવામાં આવે છે કે જો તેઓના ખાતાની ચૂકતે બાકી રકમ **૧૮/૦૩/૨૦૨૬** સુધીમાં ભરપાઈ નહીં કરવામાં આવે તો તેમણે થાલમાં મુકેલ સોનાના દાગીના જાહેર હરરાજીથી વેચાણ કરી નાખવામાં આવશે અને બેન્કની વ્યાજ સહિતની બાકી નિકળતી રકમની વસુલાત કરવામાં આવશે. આ અંગેની સઘળી જવાબદારી સોના ધિરાણ ખાતેદારના શિરે રહેશે.

**જાહેર હરરાજી : તા. ૨૦/૦૩/૨૦૨૬, શુક્રવાર, સવારે ૧૦.૦૦ કલાકે, ઉદ્યોગનગર શાખા રાજકોટ**

| શાખા | ખાતા નંબર | નામ |
|---|---|---|
| ઉદ્યોગનગર શાખા | ૦૧૧૦૧૪૪૦૦૧૧૦૪૩૩ | શ્રી ખાંડલા વિષ્ણુ જયંતીભાઈ |

જો ભુલ હશે તો બેન્કનું રેકર્ડ જ માન્ય ગણાશે. રાજકોટ, તા. ૧૭-૦૨-૨૦૨૬, સી.એમ. (રિકવરી વિભાગ)



**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

ટેન્ડર નોટીસ જાહેરાત ક્ર.-૨૯/૨૦૨૫-૨૬

રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય રાજયોની જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટર્સ પાસેથી નીચે દર્શાવેલ કામો માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કામનું નામ | Construction Work of New MCA Building at Saurashtra University, Rajkot | |
| અંદાજીત રકમ | રૂ.૫,૫૩,૭૭,૯૧૭/- | |
| કામની સમયમર્યાદા | ૧૨ મહિના | |
| ઈ.એમ.ડી. | રૂ.૫,૫૩,૭૭૯/- | |
| ટેન્ડર ફી | રૂ.૧૪,૧૬૦/- | |
| સ્થળ, તારીખ અને સમય જ્યાં ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવશે. | https://tender.nprocure.com | |
| ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | ૧૬:૦૦ |
| અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | ૧૮/૦૩/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ટેન્ડર ક્યા ક્યારે અને કોના દ્વારા ખોલવામાં આવશે તેની માહિતી | https://tender.nprocure.com | |
| વેબસાઈટ | www.saurashtrauniversity.edu | |

ઉપરોકત ટેન્ડરો https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડરો nprocureમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સએ ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.ટેન્ડરની તમામ વિગતો ઉપરોકત વેબસાઇટ ઉપરથી મળી શકશે.

માહિતી -રાજ-૧૭૯૬-૨૫-૨૬ કુલસચિવ

## તંત્રી લેખ

# તીર્થ સ્થળોનો વિકાસ સંસ્કૃતિના ગૌરવ સાથે અર્થતંત્ર માટે પણ બનશે શુકનવંતુ

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ રીતે આગળ આગળ વધી રહ્યું છે, આર્થિક વિકાસ દર ઊંચો રાખવા ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદન દર ની સાથે સાથે નિકાસ ક્ષેત્રને મજબૂત બનાવવાની દિશા સાથે ઘર આંગણે આવક વધારવા ના પ્રયાસો ના પ્રયોગો માં પણ ઘણી સફળતા મળી છે, ત્યારે વડાપ્રધાનના વિકાસ અભિગમ અને દુરદેશી ને લઈને કૃષિ ઉત્પાદન, અને ઘર આંગણે ઔદ્યોગિક ઉત્પાદન ના વધારા ને લઈને આયાતનું ભારણ ઘણું ઓછું થઈ રહ્યું છે, સૌથી વધુ ભારરૂપ પેટ્રોલિયમ પેદાશોની આયાત ઘટાડવા અને વીજળીના ઉત્પાદનમાં વૈકલ્પિક વ્યવસ્થા ના ભાગરૂપે દેશમાં સૂર્ય અને પવન ઊર્જા ના વપરાશની સાથે સાથે ઈલેક્ટ્રોનિક વાહનો ના કારણે પેટ્રોલિયમ પેદાશો નીયાતમાં પણ ઘટાડા ની શરૂઆત થઈ ચૂકી છે ,આ તમામ પરિબળો અર્થતંત્રને મજબૂત બનાવશે અને ભારતને આર્થિક મહાસત્તા બનવામાં સરળતા રહેશે સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ધાર્મિક જગ્યાઓ તરફના ઝુકાવ થી રીયલ એસ્ટેટ અને સ્થાનિક રોજગાર અને વિકાસને એક નવી દિશા અને રફતાર મળી છે શ્રદ્ધા ત્યાં સંપત્તિ ના સૂત્ર સાથે અયોધ્યા બાદ કાશી ,મથુરા, દ્વારકાના વિકાસ તરફ રિયલ એસ્ટેટ મીટ માંડી છે દેશના દિગ્ગજ બિલ્ડરો ની નજર ટેમ્પલ ટાઉન તરફ ગાઈ છે મોટાભાગના સક્ષમ લોકો નિવૃત્તિ બાદ અને વિદેશમાં વસી રહેલા ભારતીય વતન અને સંસ્કૃતિ સાથે જોડાય રહેવા યાત્રાધામની ઓળખ ધરાવતાબીશહેરોમાં વસવાટ માટે આતુર બન્યા છે.

ગુજરાતના તીર્થ સ્થળો પણ આ પસંદગીમાંથી બાકાત નથી રિલિજિયન ટુરીઝમ ની અત્યારે બોલબાલા ઉભી થઈ છે ગુજરાતમાં પણ દ્વારકા સોમનાથ , જુનાગઢ, પોરબંદર, માધવપુર,પાલીતાણા તુલસીશ્યામ, ધારી વિરપુર જેવા પ્રતિષ્ઠિત અને પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા શહેરો તરફ લોકોના ઝુકાવથી વિકાસ એ એક નવી દિશા અખત્યાર કરી છે, પ્રાચીન સામાજિક ધર્મ સંસ્કૃતિમાં હંમેશા તીર્થ સ્થળોની યાત્રાનું ખૂબ જ મહત્વ રહ્યુ છે, ધર્મ અને ધર્મ ક્ષેત્રના લગાવ ની આ પરંપરા પરોક્ષ રીતે આર્થિક ઉન્નતી ના બીજ બની રહે છે હવે સમય બદલાયો છે તેમ છતાં આપણી ધર્મ સંસ્કૃતિ અને અનુકંપાની સ્થિતિ યથાવત રહે છે ધાર્મિક જગ્યાઓ તરફનો રોકાવને તીર્થ સ્થળો ના વિકાસ હંમેશા અર્થતંત્ર માટે શુકનવન્તુ બની રહ્યું છે દેશમાં ધાર્મિક જગ્યાઓના વિકાસની આ હવા અર્થતંત્રને વધુ સક્ષમ બનાવશે તેમાં બે મત નથી.

# રાજય કર્મચારી મહામંડળ રાજકોટ જિલ્લા પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજાનો જન્મદિવસ



રાજકોટ બહુમાળી ભવન સ્થિત પેન્શન ચૂકવણા કચેરી ખાતે સબ એકાઉન્ટ તરીકે ફરજ બજાવતા ક્રિપાલસિંહ જાડેજા નો આજે જન્મદિવસ છે. કોટડા સાંગાણી તાલુકાના માણેકવાડા ગામના વતની અને રાજકોટ શહેર પોલીસના નિવૃત્ત એએસઆઈ લખધીરસિંહ વનુભા જાડેજાના પુત્ર ક્રિપાલસિંહ જાડેજા જીવનના ૩૭ વર્ષ પૂર્ણ કરી ૩૮ વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. રાજકોટ ખાતે પીટીસી, બી .કોમ. અને એમ.કોમ. સુધી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વર્ષ ૨૦૧૩માં રાજકોટ ખાતે ટ્રેઝરી ઓફિસમા ક્લાર્ક તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. ક્રિપાલસિંહ જાડેજાને નાની ઉંમરે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, રાજકોટ જિલ્લા પ્રમુખ અને ગુજરાત રાજ્ય હિસાબી સેવા(બિ.રા.પ.) કર્મચારી મંડળમાં સંગઠન મંત્રી તરીકેની જવાબદારીઓ મળતા તેઓ કર્મચારીઓના પ્રશ્નોને સરકાર સમક્ષ રજૂઆત કરી વાચા આપી રહ્યા છે. મળતાવડા સ્વભાવના કારણે બહોળુ મિત્ર વર્તુળ ધરાવે છે. ક્રિપાલસિંહ જાડેજાનો આજે જન્મદિવસ હોય સગા- સંબંધી, ઓફિસરો અને કર્મચારીઓ તેમજ મિત્ર વર્તુળો દ્વારા મોબાઈલ નં.૯૭૨૩૦૦૦૦૧૮ પર શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# જામનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજભા જાડેજાનો જન્મદિવસ



જામનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજભા જાડેજાનો આજે જન્મદિવસ છે. મૂળ ધ્રોલ તાલુકાના વાગુદળ ગામના વતની એવા રાજભા જાડેજાના જન્મદિવસ નિમિત્તે સવારથી જ કાર્યકરો, મિત્ર વર્તુળ અને શુભેચ્છકો દ્વારા શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

રાજભા જાડેજાની રાજકીય સફર ખૂબ જ સંઘર્ષમય અને પ્રેરણાદાયી રહી છે. તેમણે અગાઉ ધ્રોલ તાલુકા ભાજપ પ્રમુખ તરીકે સંગઠનને ગામે-ગામ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની આ નિષ્ઠા, સંગઠન શક્તિ અને લોકો સાથેના સીધા જોડાણને ધ્યાને રાખીને પક્ષ દ્વારા તેમને જામનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જેવી મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૧૦મું ચક્ષુદાન




**અબતક, રાજકોટ**

પ્રમોદભાઈ વનમાળીદાસ જસાણીનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૧૦ ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન શશીકાંતભાઈ પોપટના સહયોગથી થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવ્યુ છે.

# જીવનમાં સફળ થવા માટે બુધ્ધિ-ભાવના અને આધ્યાત્મિકતાનો સમનવય જરૂરી

## શહેરમાં અભ્યાસિકા મંડળ દ્વારા રવિવારે લેવાશે શાળા કોલેજોની ટેસ્ટ



**અબતક, રાજકોટ**

ભારતીય જીવનમૂલ્યો જેમનો જીવનાધાર છે એવા યુવા નેતૃત્વનું નિર્માણ જેનો સંકલ્પ છે એવી સંસ્થા અભ્યાસિકા રાજકોટ દ્વારા ‘‘શોધ‘‘ - એક અનોખો આત્મ શોધ અભીયાન

જે તમને તમારી સાચી ક્ષમતા સાથે જોડશે તેમજ તમારી અંદરની શક્તિઓને ઓળખવામાં મદદ કરશે. જેમાં ૧કયું, ઈકયુ અને એસકયું દ્વારા એક સાયકોલોજીકલ ટેસ્ટ તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ પી. ડી. માલવિયા કોલેજ રાજકોટ ખાતે લેવામાં આવશે અને તેના મૂલ્યાંકન દ્વારા તમારી સાચી ભ્રમતા તેમજ તમારી અંદરની શક્તિઓ ઓળખવામાં મદદરૂપ થવા માટે અભ્યાસિકા મંડળ આપને મદદરૂપ થશે. જેમા ભાગ લેવા માટે ૩૦ વર્ષથી નીચેના વિદ્યાર્થીઓ આપેલ કયુંઆર કોડ સ્કેન કરીને google ફોર્મ ભરી ભાગ લઈ શકે છે.

આજના સમયમાં માત્ર વધારે બુદ્ધિશાળી હોવું પૂરતું નથી. જીવનમાં સાચી સફળતા મેળવવા માટે આઈકયુ, આઈકયુ અને એસકયું- ત્રણેય મહત્વના છે. આઈકયું (બુદ્ધિ ગુણાંક) આપણને અભ્યાસમાં મદદ કરે છે. ગણિતના ઉકેલો શોધવા, વિજ્ઞાનના સિદ્ધાંતો સમજવા અને તર્કશક્તિ વધારવા માટે આઈકય જરૂરી છે. ઊંચી આઈકય ધરાવતો વિદ્યાર્થી પ્રશ્નો ઝડપથી સમજી શકે છે. પરંતુ માત્ર બુદ્ધિ પૂરતી નથી.

ઈકયું (ભાવનાત્મક બુદ્ધિ) આપણને પોતાની અને બીજા લોકોની ભાવનાઓ સમજવામાં મદદ કરે છે. મિત્રો સાથે સારો વ્યવહાર કરવો, ગુસ્સો નિયંત્રિત કરવો અને મુશ્કેલીમાં શાંત રહેવું- આ બધું ઈકયુંથી શક્ય બને છે.

તે ઉપરાંત એસકયુ (આધ્યાત્મિક બુદ્ધિ) આપણને જીવનના સાચા મૂલ્યો અને હેતુ સમજવામાં મદદ કરે છે. સારા વિચારો, સારા વર્તન અને આંતરિક શાંતિ માટે એસકયુ જરૂરી છે.અંતમાં કહી શકાય કે, એક સારો વિદ્યાર્થી અને સારો માનવી બનવા માટે આઈકયુ ઈકયુ અને એસકયુ - ત્રણેયનું સંતુલન જરૂરી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અભ્યાસિકા મંડળ રાજકોટના મંત્રી વૈશાલીબેન ચાંદેગરા, તેમજ કાર્યકર્તાઓ -ડો. હાર્દિક ગોહિલ, જયભાઈ ચાવડા, ચિંતનભાઈ પંચાસરા, ડો. પંકજભાઈ સોલંકી, ડો. કવનભાઈ અંધારિયા, વૃષ્ટિબેન ડોબરિયા, પાયલબેન જોશી, હેતલબેન ગોહિલ, ક્રીનાબેન રામાણી, અક્ષદાબેન શાહ, નિકુંજભાઈ જગતીયા, હર્ષિદાબેન ગોહિલ, અર્જુનભાઈ કણઝારીયા તેમજ ટીમ મહેનત કરી રહ્યા છે. વધુ વિગતો માટે વૈશાલીબેન ચાંદેગરો ૯૦૩૩૭૭૮૩૫૭, ૮૯૦૫૦૧૬૦૪૨ પર સંપર્ક કરવો.

# વેસ્ટ ઝોન યુથે ફેસ્ટીવલમાં સાકળચંદ પટેલ યુનિ.ની ટીમે વગાડયો સફળતાનો ડંકો

## કલાસીકલ નૃત્ય, કોરીયોગ્રાફી અને ડાન્સ કોમ્પીટીશનમાં સાકળચંદ યુનિ.નો રચ્યો દબદબો




**અબતક, રાજકોટ**

રાજયભરના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને મુલ્ય નિષ્ઠ શિક્ષણ માટે જાણીતી વિસનગરની સાકળચંદ પટેલ યુનિ. ની ટીમ એસો. ઓફ ઈન્ડિયન યુનિ.ના ૩૯મા આંતર યુનિ. વેસ્ટ ઝોન યુથ ફેસ્ટીવલનો દબદબો ઉભો થયો હતો.

AIUના ૩૯મા આંતર-યુનિવર્સિટી વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલમાં ઐતિહાસિક પ્રદર્શન


સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની ટીમે પ્રથમવાર એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ દ્વારા આયોજિત ૩૯મા આંતર-યુનિવર્સિટી વેસ્ટ ઝોન યુથ ફેસ્ટિવલ ૨૦૨૫-૨૬ માં ભાગ લઈ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. આ પ્રતિષ્ઠિત યુથ ફેસ્ટિવલમાં ગુજરાત તથા રાજસ્થાનની કુલ ૩૩ યુનિવર્સિટીઓમાંથી ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. આટલી વિશાળ સ્પર્ધા વચ્ચે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની ટીમે પોતાની પ્રતિભા, મહેનત અને સમર્પણથી વિશેષ છાપ છોડી છે.

૧) ક્લાસિકલ ડાન્સ પાંચમું સ્થાન ૨) ક્રિએટિવ કોરિયોગ્રાફી બીજું સ્થાન ૩) ડાન્સ વિભાગમાં ઓવરઓલ ચેમ્પિયનશિપ ચોથું સ્થાન આ ઉપરાંત, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ અન્ય વિવિધ કેટેગરીઝમાં પણ પ્રશંસનીય પ્રદર્શન કરીને યુનિવર્સિટીની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. યુનિવર્સિટી પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલ દ્વારા આ સિદ્ધિ અંગે જણાવ્યું કે,સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં જે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે તે સમગ્ર યુનિવર્સિટી પરિવાર માટે ગર્વની વાત છે. પ્રથમવાર ભાગ લઈ આટલી મોટી સિદ્ધિ હાંસલ કરવી એ વિદ્યાર્થીઓની પ્રતિભા, શિક્ષકોના માર્ગદર્શન અને ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ છે. યુનિવર્સિટી હંમેશા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને આવી સિદ્ધિઓ અમને આગળ વધવા માટે વધુ પ્રેરણા આપે છે.

આ સફળતા માટે યુનિવર્સિટી પ્રોવોસ્ટ ડો. પી.એમ. ઉદાની, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી, કલ્ચર કોર્ડિનેટર, ડો. વિલાસ પટેલ સ્ટુડન્ટ અફેર્સ ડીન ડો. જે.જે. પટેલ, ટીમ મેનેજર નમસ્વિની પાઢ્યા તથા જય પટેલ અને અન્ય સ્ટાફ મિત્રોના માર્ગદર્શન અને સહયોગનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

# સી.જે.ગ્રુપના રાજેન્દ્રભાઈ રોઘેલીયાને ‘સેવા સન્માન એવોર્ડ ૨૦૨૬’થી નવાજાયા

## રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે એવોર્ડ એનાયતઃ ૭૫માં આઝાદી અમૃત મહોત્સવ નિમિત્તે લખનૌની સંસ્થા દ્વારા સન્માન



**અબતક, રાજકોટ**

૭૫મા આઝાદી અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વિઝન વેલનેસ ફાઉન્ડેશન ટ્રસ્ટ (લખનૌ) દ્વારા રાજકોટના સી.જે.ગ્રુપના રાજેન્દ્રભાઈ જે. રોઘેલીયાને 'સેવા સન્માન એવોર્ડ ૨૦૨૬' આપીને સન્માનિત કરવામાં આવ્યા છે. આ પ્રતિષ્ઠિત સન્માન રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે અર્પણ કરવામાં આવ્યું હતું.

લોધિકા ગામના વતની અને સી.જે.ગ્રુપના રાજેન્દ્રભાઈ રોઘેલીયાની આ સિદ્ધિ બદલ સમગ્ર સી.જે.ગ્રુપ તેમજ સમસ્ત સોરઠીયા દરજી સમાજમાં હર્ષની લાગણી છ્વાઈ ગઈ છે. એવોર્ડ સ્વીકારતી વખતે સી.જે.ગ્રુપ રાજકોટના સ્થાપક પ્રમુખ ચિરાગભાઈ ધામેચા (જલારામ), હોદ્દેદાર શૈલેષભાઈ વોરા અને કેતનભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. રોઘેલીયા પરિવારે આ સન્માન બદલ સાંસદ રામભાઈ મોકરીયા અને સી.જે.ગ્રુપના સહયોગી મિત્રોનો આભાર વ્યક્ત કર્યો છે.

# માલીયાસણઃ શિવાજી સેના ગુજરાત દ્વારા સમુહ લગ્નોત્સવમાં ૨૧ દીકરીઓ પ્રભુતામાં પગલા માંડશે



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડઃ** રાજકોટ - અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલ માલિયાસણ ગામે શિવાજી સેના ગુજરાત આયોજીત આગામી તારીખ ૨૨ ને રવિવાર ના રોજ ૨૧ સર્વ જ્ઞાતિની લાડકડી દીકરી ઓના ૩૪ મા સમૂહ લગ્નોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્ય સમૂહ લગ્નોત્સવ ના મુખ્ય આયોજક વિક્રમ સોરાણી અને માલિયાસણ ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી રાજુભાઈ તથા ગ્રામ પંચાયત ના ઉપસરપંચ વિશાલભાઈ ભૂત સહિત ગ્રામ પંચાયત ના તમામ સભ્યો દ્વારા સમૂહ લગ્નોત્સવ મા પધારવા અને ૨૧ સર્વ જ્ઞાતિની લાડકડી દીકરી ઓને આશિર્વચન પાઠવવા ભાવભર્યું નિમંત્રણ પાઠવેલ છે.

# ઢસાઃ ગઢડામાં શનિવારે માતૃભાષા મહિમાગાન અંગે વ્યાખ્યાન માળા યોજાશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સાહિત્ય અકાદમી અને વિવેકાનંદ વિદ્યા પ્રતિષ્ઠાન, ઢસા (ગામ)ના સંયુકત આયોજનમાં વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે ગુજરાતી ભાષાનો મહિમા વધારવા માટે એક વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકભારતી, સણોસરાના નાયબ નિયામક નીતિનભાઈ ભીંગરાડિયા માતૃભાષાથી 'માનવ વિકાસ' વિષય ઉપર પ્રકાશ પાડશે, જયારે આર્યા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને જિલ્લા કાનૂની સલાહકાર ડો. ભાવનાબેન કક્કડ સાયબર ફ્રોડ, મહિલાઓના આરોગ્ય અને વધતા જતા રોગો અંગે દાખવવા જોઈતી જાગૃતિ અને બાળકોના ઉછેર અને સંસ્કાર બાબતે લેવી જોઈતી કાળજી અંગે જાણકારી આપશે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સ્વામી નિર્દોષાનંદજી માનવ સેવા હોસ્પિટલ, ટીંબીના ઉપપ્રમુખ બી. એલ. રાજપરા, ડો.દેવ વિઠલાણી, અતિથિ વિશેષ તરીકે મનોજભાઈ મિયાણી, મુકેશભાઈ રાજપરા વગેરે ઉપસ્થિત રહેશે.

વિવેકાનંદ વિદ્યા પ્રતિષ્ઠાન, ઢસાના મેનેજિંગ ટ્રસ્ટી અશોક વેકરિયા અને આચાર્યા હિતા વેકરીયા, ઘનશ્યામ ભીંગરાડિયાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમની તૈયારી આદરી દેવામાં આવી છે.

માતૃભાષા પ્રત્યે પ્રેમ ધરાવનાર સર્વે ભાવકોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે આયોજકો તરફથી અપીલ કરવામાં આવી છે.

# પોરબંદરઃ સાંદીપની શ્રીહરિ મંદિરમાં ભવ્ય રીતે મહાશિવરાત્રીની ઉજવણી

## લઘુરુદ્રાભિષેક, વિશેષ શૃંગાર અને સંગીત સહિતના કાર્યક્રમ યોજાયો



સાંદીપનિ વિદ્યાનિકેતનના હરી મંદિરમાં મહાશિવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ

ઓઝાની ઉપસ્થિતિમાં ચાર પ્રહરમાં લઘુરુદ્રાભિષેક પૂજા અને વિશેષ શૃંગાર દર્શનનું આયોજન થયું.

સાંજ સુધીના કાર્યક્રમમાં વર્લ્ડફેમસ કાશી વિશ્વનાથ મહાદેવના દર્શનાર્થીઓ અને વિદ્વાનો દ્વારા ષોડશોપચાર પૂજન અને મહાઆરતી સંપન્ન કરાઈ. પૂજ્ય ભાઈશ્રીના માર્ગદર્શન હેઠળ થયેલ આ વધુદ્રિષેકની સેવામાં દેશ-વિદેશથી અનેક ભાવિકોએ ભાગ લીધો.

ત્રિદિવસીય સંગીત મહોત્સવ ૧૪ થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન યોજાયો. આ સંગીત સમારોહમાં પ્રખ્યાત નૃત્ય અને સંગીત કલાકારો દ્વારા કથાની રજૂઆત કરવામાં આવી અને પ્રદર્શન કરનારા કલાકારોને ભાઈશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યું.

પોરબંદરથી ૯ કિમી દૂર આવેલા બાબડામાં આવેલ બાબડેશ્વર મહાદેવનું લઘુદ્રાભિષેક પણ ઋષિકુમારો દ્વારા વિધિપૂર્વક કરવામાં આવ્યું, જે સ્થળ સાંદીપનિની પ્રથમ સંસ્કૃત પાઠશાળાના સ્થળ તરીકે મહત્વ ધરાવે છે.

મહાશિવરાત્રી નિમિત્તે મંદિરમાં વિશેષ શિવલિંગની સ્થાપના અને દર્શન સાથે રાત્રે ૯:૦૦ થી બીજા દિવસે સવારે ૬:૦૦ સુધી પ્રહરપૂજા-અભિષેક સંપન્ન થયું. રાત્રે ૧૨:૦૦ વાગ્યે મહાઆરતીથી પર્વનો સમારોહ સમાપ્ત થયો.

આ તમામ પૂજાવિધિ, અભિષેક અને આરતીનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું, જેના માધ્યમથી દેશ-વિદેશના ભક્તોએ દર્શનનો લાભ લીધો.

# પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરી દ્વારા મનપસંદગીના નંબર મેળવવા ઓનલાઈન પ્રક્રિયા

## થ્રી વ્હીલ વાહનોના રી ઓકશન કરી ગોલ્ડન સિલ્વર સહિતના મનપસંદ નંબર મેળવી શકાશે

**અબતક, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા તમામ મોટર વાહન માલિકોને જણાવવામાં આવેછે કે, અત્રેની કચેરીમાં 3WHEELER, (ટ્રાન્સપોર્ટ), વાહનોને લગતી હાલની સીરિઝનું રી-ઓકશન 3WHEELER જી.જે.૦૩. સી.વી. નું રી-ઓકશન તા.૨૫-૦૨-૨૦૨૬થી શરૂ કરવામાં આવનાર હોઈ ગોલ્ડન, સીલ્વર કે અન્ય પસંદગીના નંબર. મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરી onlinehttp://parivahan.gov.in/fancy online રજીસ્ટ્રેશન કરી રી-ઓકશનમાં ભાગ લઈ શકશે જે માટે અરજદારોએ નીચે દર્શાવેલ પ્રક્રિયા તેમજ સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે. જેની નોંધ લેવી. અરજદારે parivahan.gov.in વેબસાઈટ પર જવું.

વેબસાઈટ માં દર્શાવેલા ઓનલાઈન સર્વિસ પર ક્લિક કરવું.

ત્યારબાદ fancy number booking પર ક્લિક કરવું.

જેમાં પબ્લિક યુઝર પસંદ કરી આઈ.ડી. બનાવવું. આઈ.ડી.બનાવ્યા બાદ સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભરવું. પસંદગીનો નંબર સિલેકટ કરી દર્શાવેલી ઓછામાં ઓછી ફી ભરવી. ઓનલાઈન ફી ભર્યા બાદ બિડિંગ એટલેકે હરાજીમાં ભાગ લેવો. હરાજીમાં નંબર મેળવ્યા બાદ ‘‘૫‘‘ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવી. હરાજીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ કચેરીએથી એપૂઅલ લઈ નંબર મેળવવો.

વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ ફોર્મ ભરવાનું રહેશે.

3WHEELER kuqfT જી.જે.૦૩.સી.વી.નું ઓનલાઈન રી-ઓકશન થશે.

નવી સીરિઝ ના ગોલ્ડન, સીલ્વર કે અન્ય પસંદગીના નંબર મેળવવા માટે તા.૨૫-૦૨-૨૦૨૬ થી ૨૮-૦૨-૨૦૨૬ ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે. તેમજ તા ૨૮-૦૨-૨૦૨૬ થી ૦૨-૦૩-૨૦૨૬ના સાંજે ૪:૦૦ કલાક સુધી ઓનલાઈન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા ૩-૨-૨૦૨૬ ના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે.

વાહનનું રજીસ્ટ્રેશન કરાવેલુ હોવું જરૂરી છે.

# સોના-ચાંદીના ભાવમાં ગાબડું : ચાંદીમાં ૬ હજાર તો સોનામાં રૂ.૨૯૦૦ ઘટયા

## સોના અને ચાંદીના ભાવમાં સતત ચોથા દિવસે પણ ઘટાડાનો દોર યથાવત રહ્યો : છેલ્લા ચાર દિવસના ગાળામાં જ ચાંદીમાં રૂ.૩૨,૦૦૦ થી વધુનો ઘટાડો નોંધાયો

**અબતક, નવી દિલ્હી**

સોના અને ચાંદીના ભાવમાં સતત ચોથા દિવસે પણ ઘટાડાનો દોર યથાવત રહ્યો છે. મંગળવારે (૧૭ ફેબ્રુઆરી) બુલિયન માર્કેટમાં મંદીનું મોજું ફરી વળ્યું હતું, જેમાં ખાસ કરીને ચાંદીના ભાવમાં મોટો કડાકો જોવા મળ્યો છે. માત્ર છેલ્લા ચાર દિવસના ગાળામાં જ ચાંદીમાં રૂ.૩૨,૦૦૦ થી વધુનો ઘટાડો નોંધાયો છે, જ્યારે સોનાના ભાવમાં પણ નોંધપાત્ર કરેક્શન આવ્યું છે.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, આજે ચાંદીના ભાવમાં પ્રતિ કિલો રૂ.૬,૬૬૭ નો તોતિંગ ઘટાડો નોંધાયો છે. સોમવારે ચાંદીનો ભાવ રૂ ૨,૪૦,૯૪૭ હતો, જે આજે ઘટીને રૂ.૨,૩૪,૨૮૦ પ્રતિ કિલો થઈ ગયો છે. બીજી તરફ, સોનામાં પણ નરમાઈ જોવા મળી છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૨,૯૦૩ ઘટીને રૂ.૧,૫૧,૧૯૫ પર પહોંચ્યો છે. સોમવારે આ ભાવ રૂ.૧,૫૪,૦૯૮ હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ચાર કારોબારી દિવસોમાં



સોનું કુલ રૂ.૬,૧૨૭ અને ચાંદી કુલ રૂ.૩૨,૧૬૯ સસ્તી થઈ છે.

સપ્તાહના બીજા ટ્રેડિંગ દિવસે એટલે કે મંગળવારે પણ એમસીએક્સ પર ચાંદીના ભાવ ખુલતાની સાથે જ ઘટતા જોવા મળ્યા હતા. સોમવારે ૫ માર્ચની એક્સપાયરી વાળી ચાંદી રૂ. ૨,૩૯,૮૯૧ પ્રતિ કિલો પર બંધ થઈ હતી.

જેની સરખામણીમાં મંગળવારે ખુલતાની સાથે જ તે ઘટીને રૂ. ૨,૩૫,૨૦૬ પર આવી ગઈ હતી. સોનાના ભાવે પણ ગત ૨૯ જાન્યુઆરીએ ચાંદીની જેમ જ તેની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીને સ્પર્શી હતી. રોકેટની ગતિએ વધતા સોનાના ભાવ (૨૪ કેરેટ) પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૯૩,૦૯૬ પર પહોંચ્યા હતા. આ સ્તરે પહોંચ્યા બાદ કિંમતો ઘટવાનો એવો સિલસિલો શરૂ થયો જેની અસર અત્યાર સુધી જોવા મળી રહી છે. સોનું તેના હાઈ લેવલથી અત્યાર સુધીમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૩૮,૩૩૬ સસ્તું થઈ ચૂક્યું છે.

### ઓલટાઈમ હાઈથી ભાવમાં થયેલું જબરદસ્ત ધોવાણ

વર્ષ ૨૦૨૬ની શરૂઆત સોના-ચાંદી માટે ઐતિહાસિક તેજીવાળી રહી હતી, પરંતુ જાન્યુઆરીના અંત પછી બજારમાં મોટું કરેક્શન આવ્યું છે.

૨ સોનું: ૨૯ જાન્યુઆરીએ સોનું રૂ.૧,૭૬,૧૨૧ ની ઓલટાઈમ હાઈ સપાટીએ હતું. ત્યારથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં રૂ૨૪,૯૨૬ નો ઘટાડો થયો છે.

૨ ચાંદી: ચાંદીએ ૨૯ જાન્યુઆરીએ રૂ ૩,૮૫,૯૩૩ ની વિક્રમી સપાટી બનાવી હતી. ત્યારથી લઈને અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં રૂ.૧,૫૧,૬૫૩ નો જંગી ઘટાડો નોંધાયો છે.

### ૨૦૨૫ રોકાણકારો માટે સુવર્ણ વર્ષ સાબિત થયું હતું

વર્તમાન ઘટાડા પહેલા, વર્ષ ૨૦૨૫ સોના-ચાંદીના રોકાણકારો માટે ધીકતી કમાણીનું વર્ષ રહ્યું હતું.

૨ સોનું: વર્ષ ૨૦૨૫માં સોનાના ભાવમાં ૭૫% નો વધારો થયો હતો. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ભાવ રૂ.૭૬,૧૬૨ હતો, જે વર્ષના અંતે (૩૧ ડિસેમ્બર ૨૦૨૫) વધીને રૂ.૧,૩૩,૧૯૫ થયો હતો. એટલે કે એક વર્ષમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૫૭,૦૦૦ નો વધારો.

૨ચાંદી: ચાંદીએ તો તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. ૨૦૨૫માં ચાંદી ૧૬૭% મોંઘી થઈ હતી. વર્ષની શરૂઆતમાં રૂ.૮૬,૦૧૭ નો ભાવ વર્ષના અંતે રૂ.૨,૩૦,૪૨૦ પર પહોંચ્યો હતો.

### ભારતીય ઘરોમાં સોનાનો ભંડાર જીડીપી કરતાં પણ વધુ

મોર્ગન સ્ટેનલીના તાજેતરના રિપોર્ટમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. સોનાના ભાવ આસમાને પહોંચવાને કારણે ભારતીય પરિવારો પાસે રહેલા સોનાની કુલ વેલ્યુએશન દેશની અર્થવ્યવસ્થાને પણ પાછળ છોડી દીધી છે. ભારતીય ઘરોમાં અંદાજે ૩૪,૬૦૦ ટન સોનું પડ્યું છે. આ સોનાની કુલ કિંમત ૫ ટ્રિલિયન ડોલર (રૂ ૪૫૦ લાખ કરોડ) ને પાર કરી ગઈ છે. સરખામણીમાં, ભારતની કુલ જીડીપી ૪.૧ ટ્રિલિયન ડોલર (રૂ.૩૭૦ લાખ કરોડ) છે. આમ, ભારતીયો પાસે દેશની જીડીપી કરતાં પણ વધુ કિંમતનું સોનું તિજોરીઓમાં પડ્યું છે.

# એસઆઈઆર: જિલ્લામાં ૩.૦૧ મતદારોના નામ રદ, હવે કુલ ૨૦,૮૯,૩૭૭ મતદારો

## એસઆઈઆર દરમિયાન ડ્રાફ્ટરોલ યાદી પછી નો-મેપીંગ અને લોજીકલ ડિસ્ક્રીપ્શનવાળા કુલ ૩,૩૭,૩૧૦ મતદારોના નામ શરૂ રાખવા ઓળખના પૂરાવા રજૂ કરાયા: નામ ઉમેરવા, કમી, સુધારા સહિતના કુલ ૭૬,૨૩૬ ફોર્મ ભરાયા

### ૧૦૦ વર્ષથી વધુના ૪૬૦ મતદારો

રાજકોટ જિલ્લાના કુલ આઠ વિધાનસભા વિસ્તારના ૧૮-૧૯ વર્ષના ૨૬૫૯૧ મતદારો, દિવ્યાંગ ૧૨,૯૨૯ મતદારો તેમજ ૮૦ વર્ષથી વધુ વયના ૪૪૬૯૦ મતદારો અને ૧૦૦ વર્ષથી વધુ વયના ૪૪૬ મતદારોનો સમાવેશ થાય છે.



### વિધાનસભા મુજબ મતદારોની સંખ્યા

| વિધાનસભા | કુલ મતદારો |
|---|---|
| ૬૮-રાજકોટ પૂર્વ | ૨,૫૨,૨૫૦ |
| ૬૯-રાજકોટ પશ્ચિમ | ૨,૯૭,૭૩૩ |
| ૭૦-રાજકોટ દક્ષિણ | ૨,૦૯,૧૪૬ |
| ૭૧-રાજકોટ ગ્રામ્ય | ૩,૫૯,૬૪૮ |
| ૭૨-જસદણ | ૨,૫૮,૪૧૪ |
| ૭૩-ગોંડલ | ૨,૧૩,૦૦૮ |
| ૭૪-જેતપુર | ૨,૫૪,૬૫૫ |
| ૭૫-ધોરાજી | ૨,૪૪,૫૨૩ |

**અબતક, રાજકોટ**

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા જાહેર કરવામાં આવેલી તા.૦૧.૦૧.૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં સઘન મતદાર યાદી સુધારણાનો કાર્યક્રમ તા.૨૮.૧૦.૨૦૨૫ના રોજ શરૂ થયો હતો.

જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં મતદારો માટે કુલ ૨૩,૯૧,૦૨૭ એન્યુમરેશન ફોર્મ પ્રિન્ટ કરવામાં આવ્યા હતા.

એસ.આઈ.આર.ની કામગીરી માટે ૨૨૫૬ બી.એલ.ઓ. તથા ૨૩૩ બી.એલ.ઓ. સુપરવાઈઝરને સઘન તાલીમ આપવામાં આવી હતી. રાજકીય પાર્ટીઓ દ્વારા કુલ ૪૩૭ બૂથ લેવલ એજન્ટસની નિમણૂક કરવામાં આવી હતી.

જિલ્લામાં અંદાજે ૬૦૦૦ બૂથ લેવલ પદનામિત અધિકારીઓની નિમણૂકો કરવામાં આવી. તમામ તાલુકાઓ અને શહેરી વિસ્તારમાં ત્રણ સેક્ટર રૂટ દીઠ એક સિનિયર નાયબ મામલતદાર કક્ષાના અને અન્ય ૦૨ કર્મચારીઓને સુપરવિઝનની ફરજના હુકમો કરવામાં આવ્યા હતા.

જિલ્લામાં કુલ ૨૨૫૬ બૂથ લેવલ ઓફિસર દ્વારા તા. ૦૪/૧૧/૨૦૨૫થી ૦૪/૧૨/૨૦૨૫ સુધી ઘરે-ઘરે જઈને ઈ.એફ. ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરમિયાન બી.એલ.ઓ.એ મતદારોના ઘરની ત્રણવાર મુલાકાત લઈને ફોર્મ ભરાવવામાં મદદ કરીને ફોર્મ પરત મેળવ્યા હતા. આ કામગીરીનું ૨૩૩ બી.એલ.ઓ. સુપરવાઈઝર દ્વારા સઘન સુપરવિઝન કરવામાં આવ્યું હતું.

સને ૨૦૦૨ની મતદાર યાદી સાથે કુલ ૮,૨૩,૬૬૮ મતદારોએ પોતાની માહિતી આપેલી છે, તેમજ ૧૦,૦૬,૧૭૭ મતદારોએ પોતાની વંશાવલી દ્વારા મેપિંગ કરાવ્યું છે. બાદમાં રાજકોટ જિલ્લામાં આઠ વિધાનસભા મત વિસ્તારમાં મતદાર નોંધણી અધિકારી દ્વારા ડ્રાફ્ટ મતદાર યાદી તૈયાર કરી, તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ આ ડ્રાફ્ટરોલ (મુસદ્દા યાદી) પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ યાદીમાં જિલ્લાના કુલ-૦૮ વિધાનસભા મત વિસ્તારમાં ૨૦,૫૫,૩૫૭ મતદારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

મુસદ્દા યાદી તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ પ્રકાશિત થયા બાદ, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા નોટિસ જારી કરીને, વાંધાઓ-દાવાઓ મેળવવામાં આવ્યા હતા અને મતદારોને યોગ્ય દસ્તાવેજો સાથે પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી હતી.

રાજકોટ જિલ્લામાં કુલ ૩,૪૪,૫૧૩ મતદારો જેમાં નો મેપિંગ અને લોજિકલ ડિસ્ક્રિપન્સિસવાળા મતદારોને નોટિસ પાઠવવામાં આવી હતી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારી - કક્ષાએથી રૂબરૂ સાંભળવામાં આવ્યા હતા. જે પૈકી ૩,૩૭,૩૧૦ મતદારો દ્વારા મતદારયાદીમાં નામ ચાલુ રાખવા પોતાની ઓળખના પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. જ્યારે ૭૨૧૦ મતદારો દ્વારા પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા ન હોવાના, કારણે તેમના નામ મતદાર યાદીમાંથી કમી કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લામાં, નવા નામ ઉમેરવા ૩૩,૪૫૨ ફોર્મ-૬ ભરાયા, નામ કમી કરવા માટે ૯૨૪૫ ફોર્મ-૭ ભરાયા, સ્થળાંતર તેમજ અન્ય વિગત સુધારવા માટે ૩૩,૫૩૯ ફોર્મ-૮ ભરાયા હતા. આમ કુલ ૭૬,૨૩૬ હક્ક-દાવા રજૂ કરવામાં આવ્યા હતા. જેનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવ્યો હતો.

રાજકોટ જિલ્લામાં કુલ-૦૮ વિધાનસભા મત વિસ્તારમાં ૨૦,૮૮,૭૭૯ મતદારો તથા ૫૯૮ સેવા મતદારો (સર્વિસ વોટર્સ) મળીને કુલ ૨૦,૮૯,૩૭૭ મતદારોનો આખરી મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. જે આજરોજ તા. ૧૭/૦૨/૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સદરહુ મતદાર યાદીમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ નામો સામે અથવા કમી કરવામાં આવેલ નામો પરત્વે કોઈ મતદારનો વાંધો હોય તો તેઓ જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ આર.પી. એક્ટ ૧૯૫૦ની કલમ ૨૪ (એ) તળે, મતદાર નોંધણી નિયમો ૧૯૬૦ના નિયમ ૨૭થી નિયત કરેલ રીતે અપીલ દાખલ કરી શકે છે.

# સલમાન ખાનના પિતા સલીમ ખાનની તબિયત લથડી, લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાયા

## બેટલ ઓફ ગલવાનના શૂટિંગમાં વ્યસ્ત અભિનેતા સલમાન ખાન કડક સુરક્ષા વચ્ચે હોસ્પિટલની બહાર જોવા મળ્યો

**અબતક, રાજકોટ**

બોલિવૂડ ઉદ્યોગના પ્રખ્યાત લેખક અને સલમાન ખાનના પિતા સલીમ ખાન અચાનક બીમાર પડી ગયા છે. તેમને મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અભિનેતાના પિતાના સ્વાસ્થ્ય વિશે વધુ અપડેટની રાહ જોવાઈ રહી છે. જોકે, આજે સવારે સલમાન ખાન હોસ્પિટલમાં જોવા મળ્યો હતો. બેટલ ઓફ ગલવાનના શૂટિંગમાં વ્યસ્ત અભિનેતાને કડક સુરક્ષા વચ્ચે હોસ્પિટલની બહાર જોવા મળ્યો હતો.



હોસ્પિટલની બહારથી સલમાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ તેમના ચાહકો ચિંતિત થઈ ગયા હતા. લોકો અભિનેતાના પિતાના સારા સ્વાસ્થ્ય માટે સતત પ્રાર્થના કરી રહ્યા છે.સલમાનના પિતા સલીમ ખાન ૯૦ વર્ષના છે. ખાન પરિવારે હજુ સુધી તેમના બગડતા સ્વાસ્થ્ય વિશે કોઈ માહિતી જાહેર કરી નથી. ખુદ સલમાન ખાને પણ હોસ્પિટલની બહાર મીડિયા સાથે વાત કરી નથી. તે સ્પષ્ટ નથી કે સલીમ ખાનને કોઈ તકલીફ છે કે તેઓ ઉંમર સંબંધિત બીમારીઓથી પીડાઈ રહ્યા છે.

ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં સલમાન ખાન કાળી ટી-શર્ટ પહેરીને હોસ્પિટલ છોડી રહ્યો છે. કડક સુરક્ષા વચ્ચે તેમની કાર રવાના થઈ. જોકે, અભિનેતાના ચહેરા પર તણાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. તેમની સાથે જોવા મળતા ઘણા લોકો બેટલ ઓફ ગલવાન ટી-શર્ટ પહેરેલા હતા. એક નવા વીડિયોમાં, અતુલ અગ્નિહોત્રી પણ લીલાવતી હોસ્પિટલમાં પહોંચતા જોવા મળે છે. એક નિર્માતા અને સલમાનની બહેન, અલવીરા ખાનના પતિ, પણ જાણીતા છે. સલમાન ખાન ક્યારે હોસ્પિટલમાં પહોંચ્યો તે જાણી શકાયું નથી, પરંતુ તેમને ત્યાંથી જતા જોવામાં આવ્યા હતા. હકીકતમાં, ૬૦ વર્ષની ઉંમરે, સલમાન ખાન અપરિણીત રહે છે. તે તેના માતાપિતા સાથે રહે છે અને તેમની સંભાળ રાખે છે.

# ગુજરાત બોર્ડની ધો.૧૨ની પરીક્ષાની હોલ ટીકીટ આજથી ડાઉનલોડ કરી શકાશે

## બોર્ડની પરીક્ષાઓ ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થઈને ૧૮ માર્ચ સુધી ચાલશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ ના લાખો વિદ્યાર્થીઓ માટે એક મહત્ત્વની અપડેટ સામે આવી છે. ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમ)ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. ત્યારે આજથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે. પરીક્ષાર્થીઓની હોલ ટિકિટ બપોરે ૧૫:૦૦ કલાકથી બોર્ડની વેબસાઈટ ssc.gsebht.in અથવા gsebht.in અથવા gseb.org પર ઉપલબ્ધ થશે. હોલ ટિકિટમાં વિષય, માધ્યમ કે નામમાં કોઈ ભૂલ હોય તો તુરંત બોર્ડની કચેરીએ જાણ કરવી અનિવાર્ય છે.

ગુજરાત બોર્ડની મુખ્ય પરીક્ષાઓ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ થી શરૂ થઈને ૧૮ માર્ચ ૨૦૨૬ સુધી ચાલશે. અગાઉ જાહેર કરાયેલા સમયપત્રકમાં કેટલાક વહીવટી કારણોસર ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં ૪ માર્ચની પરીક્ષા હવે ૧૮ માર્ચના રોજ લેવામાં આવશે. ધોરણ ૧૦ ની પરીક્ષા સવારના ૧૦:૦૦ થી ૧:૧૫ અને ધોરણ ૧૨ ની પરીક્ષા બપોરના ૩:૦૦ થી ૬:૧૫ ના સેશનમાં લેવામાં આવશે.

ફેબ્રુઆરી-૨૦૨૬ની પરીક્ષાના પરીક્ષણ કાર્ય માટે મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પરના શિક્ષકોના એસેસમેન્ટ ઓર્ડર હોલ ટિકિટ સાથે ઓનલાઈન જ મોકલી આપવામાં આવેલા છે, જે શાળા દ્વારા ઓનલાઈન ડાઉનલોડ કરવાના રહેશે. એસેસમેન્ટ ઓર્ડર ડાઉનલોડ કરી નિમણૂક પામેલા શિક્ષકોને જરૂરી વિગતો ભરી ઓર્ડર તથા સૂચનાઓ સુપ્રત કરવાની રહેશે. એસેસેન્ટ ઓર્ડરની વિતરણ યાદી ડાઉનલોડ કરી તેમાં શિક્ષકોને નિમણૂકપત્ર મળ્યા બદલની સહી મેળવી શાળાના રેકર્ડ પર રાખવાની રહેશે અને નિમણૂકપત્રની નકલ પણ શાળા કક્ષાએ સાચવી રાખવાની રહેશે.

# ભારત - અમેરિકા ટ્રેડ ડીલ રદ્દ કરવાની માંગ સાથે 'આપ'ની કલેકટરને રજૂઆત

## અમેરિકા સાથેની ટ્રેડ ડીલ રદ્દ નહિં થાય તો રાજ્યવ્યાપી આંદોલનની 'આપ'ની ચીમકી

**અબતક, રાજકોટ**

ભારત - અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલ રદ્દ કરવાની માંગ સાથે રાજકોટમાં આમ આદમી પાર્ટીના પ્રમુખ દિનેશભાઈ જોશી સાથે શિવલાલ બારસીયા, દિલીપસિંહ, સંજયસિંહ વાઘેલા સહિતના આગેવાનોએ આજે ડેપ્યૂટી કલેક્ટર મારફત રાજ્યપાલને આવેદન પાઠવી ભારત - અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ રદ્દ કરવા માંગ કરી છે.

'આપ' દ્વારા અપાયેલા આવેદનમાં જણાવાયું છે કે ભારત સરકાર દ્વારા કરવામાં આવેલી અમેરિકા સાથેની ટ્રેડ ડીલ દેશના સાર્વભૌમત્વ, આર્થિક નીતિ અને



કૃષિ ક્ષેત્ર માટે ગંભીર પડકાર ઉભો કરે છે. આ ડીલ દ્વારા ખેતી, પશુપાલન, ટેક્સટાઈલ, હીરા ઉદ્યોગ સહિતના અનેક ક્ષેત્રોનું ભવિષ્ય જોખમમાં મૂકવામાં આવ્યું છે. ડેરી ઉત્પાદનોને ઝીરો ઈમ્પોર્ટ ડ્યુટી સાથે ભારતમાં આયાત કરવાની છૂટ આપવામાં આવે તો તે ભારતના પશુપાલકો માટે ઘાતક સાબિત થઈ શકે છે.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબિન શુક્રવારથી ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવશે

## પાર્ટીની મજબૂતી અને કાર્યકરોને પ્રેરણા આપવા માટે રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબિનની મુલાકાત મહત્વની બની રહેશે: 'કમલમ' ખાતે અધ્યક્ષ જગદિશ વિશ્વકર્માએ પત્રકાર પરિષદમાં માહિતી આપી

**અબતક, રાજકોટ**

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબીન રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિમણૂક પછી પ્રથમ વખત ગુજરાતમાં પ્રવાસે આવ્યા છે. આ ત્રણ દિવસીય મુલાકાત ૨૦ ફેબ્રુઆરીથી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે.

ગુજરાત ભાજપના પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ માહિતી જાહેર કરી. તેમણે જણાવ્યું કે આ પ્રવાસ




દરમિયાન રાષ્ટ્રીય અધ્યક્ષ કાર્યકરોમાં નવી ઉર્જા ભરવા, સંગઠન મજબૂતી અને સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણી પૂર્વે પ્રેરણા આપવા માટે વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે.

પ્રથમ દિવસે અમદાવાદમાં સાંસદો અને ધારાસભ્યો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ, બીજા દિવસે અટલ બ્રિજ પર મોર્નિંગ વોક અને કાર્યકરો સાથે સંવાદ યોજાયો.

### ત્રણ દિવસના કાર્યક્રમની વિગત

૨૦ ફેબ્રુઆરી: અમદાવાદમાં સાંસદો અને ધારાસભ્યો સાથે મહત્વપૂર્ણ બેઠક

૨૧ ફેબ્રુઆરી: અટલ બ્રિજ પર મોર્નિંગ વોક, કાર્યકરો સાથે સંવાદ, માર્ગદર્શન અને સંભવિત જનસભા

૨૨ ફેબ્રુઆરી: મન કી બાત કાર્યક્રમ બાદ દિલ્હી પરત ફિરવાનો કાર્યક્રમ

આ દરમિયાન અધ્યક્ષે માર્ગદર્શન આપ્યું અને સંભવિત જનસભામાં પણ ભાગ લીધો. પ્રવાસ અંતે મન કી બાત કાર્યક્રમ પૂર્ણ કર્યા પછી તેઓ દિલ્હી પરત ફરશે.

પત્રકાર પરિષદમાં પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંતભાઈ કોરાટ, મુખ્ય પ્રવક્તા ડો. અનિલભાઈ પટેલ અને અન્ય પદાધિકારીઓ હાજર રહ્યા હતા. સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓ પહેલાં આ પ્રવાસને કારણે રાજ્યભરમાં ભાજપ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો.

જેન્ટલમેન ગેમ

# ગાવસ્કર, કપિલ દેવ સહિત વિશ્વના ૧૪ કેપ્ટનોએ ઈમરાન ખાનની સંભાળ રાખવા પાક સરકારને કરી વિનંતી

## ઈમરાન ખાનને તેમની પસંદગીના નિષ્ણાત ડોક્ટરો દ્વારા તાત્કાલિક સારવાર અપાય તેમજ આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ જેલમાં માનવીય સુવિધાઓ પૂરી પાડવામાં આવે એવી કેપ્ટનોની વિનંતી

**અબતક, રાજકોટ**

ક્રિકેટના મેદાનમાં ભલે ગમે તેટલી કટ્ટર હરીફાઈ હોય, પણ જયારે વાત માનવતા અને ખેલદિલીની આવે છે ત્યારે ક્રિકેટ જગત હંમેશા એકજુટ દેખાય છે. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને ૧૯૯૨ના વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન ઈમરાન ખાનની જેલમાં બગડતી જતી તબિયતને લઈને હવે વિશ્વના દિગ્ગજ ક્રિકેટરો મેદાનમાં આવ્યા છે. ભારત સહિત પાંચ દેશોના ૧૪ પૂર્વ કેપ્ટનોએ સંયુકતપણે પાકિસ્તાન સરકારને પત્ર લખીને ઈમરાન ખાનની યોગ્ય સંભાળ રાખવા અને તેમને તાત્કાલિક તબીબી સારવાર આપવા અપીલ કરી છે.



**દ્રષ્ટિ ગુમાવવાનો ભય અને જેલમાં અમાનવીય વ્યવહાર**

છેલ્લા ૮૦૦થી વધુ દિવસોથી જેલમાં બંધ ઈમરાન ખાનની હાલત અત્યંત નાજુક હોવાના અહેવાલ છે. તેમના વકીલના જણાવ્યા અનુસાર, જેલ સત્તાવાળાઓની બેદરકારીને કારણે ઈમરાન ખાનની જમણી આંખની દ્રષ્ટિમાં ૮૫ ટકાનો ઘટાડો થયો છે, એટલે કે હવે તેમની પાસે માત્ર ૧૫ ટકા જ વિઝન બચ્યું છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને ક્રિકેટના દિગ્ગજોએ પાકિસ્તાની વડાપ્રધાન શહેબાઝ શરીફને પત્ર લખીને ચિંતા વ્યક્ત કરી છે.

દિગ્ગજ કેપ્ટનોએ અંતમાં ઉમેર્યું હતું કે, ક્રિકેટ હંમેશા દેશો વચ્ચે સેતુ બની રહ્યું છે. મેદાનની દુશ્મની મેચ પૂરી થતા જ પૂરી થઈ જાય છે, પરંતુ પરસ્પર સન્માન કાયમ રહે છે. આ અપીલ કોઈ રાજકીય પૂર્વગ્રહ વગર માત્ર માનવતાના ધોરણે કરવામાં આવી છે.

### વિશ્વના ૧૪ દિગ્ગજ કેપ્ટનોની સહી

આ અપીલ પત્રમાં ભારતના મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કર, ૧૯૮૩ના વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન કપિલ દેવ, ઓસ્ટ્રેલિયાના એલન બોર્ડર, ગ્રેગ ચેપલ, ઈયાન ચેપલ, સ્ટીવ વો, વેસ્ટ ઈન્ડિઝના કલાઈવ લોયડ અને ઈંગ્લેન્ડના નાસિર હુસેન સહિતના ૧૪ દિગ્ગજોએ હસ્તાક્ષર કર્યા છે. પત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે, ''ભલે મેદાન પર અમે હરીફ હતા, પરંતુ એક ખેલાડી તરીકે ઈમરાન ખાનનું સન્માન અકબંધ છે. એક પૂર્વ રાષ્ટ્રીય નેતા અને ગ્લોબલ સ્પોર્ટિંગ આઈકોન તરીકે તેમની સાથે ગરિમાપૂર્ણ વ્યવહાર થવો જોઈએ.'' તેમજ વધુમાં ઈમરાન ખાનને તેમની પસંદગીના નિષ્ણાત ડોક્ટરો દ્વારા તાત્કાલિક સારવાર અપાય. આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ જેલમાં માનવીય સુવિધાઓ પૂરી પાડવામાં આવે. તેમના પરિવારને મળવાની મંજૂરી આપવામાં આવે અને કાયદાકીય પ્રક્રિયા પારદર્શક રહે.

# બેંકમાં ગીરો મુકેલુ ૧ કિલો સોનુ ગુમ અંગે કેન્દ્રીય નાણામંત્રીને રાવ

## ઈન્ડિયન બેંકે રૂ. ૧.૧૫ કરોડનું સોનું લોકરમાંથી ગાયબ અંગે ન્યાય નહીં મળતા રાજમોતી ઓઈલ મીલના પરિવારના દંપતિએ માંગી ઉચ્ચ કક્ષાએ માંગી દાદ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના જાણીતી રાજમોતી ઓઈલ મીલના પરિવારના દંપતિએ બેંકમાંથી સોના પર ધિરાણ લીધા બાદ ગિરવે મુકેલું સોનું ગાયબ થયા અંગેની ફરીયાદ બાદ લોન ધારક દંપતિને આજ સુધી ન્યાય ન મળતા કેન્દ્રીય નાણામંત્રીને પત્ર લખી ન્યાયની માંગ કરી યોગય કરવાની રજુઆત કરવામાં આવીછે.

શ્રીમતી સંગીતા શ્યામભાઈ શાહ અને શ્રી શ્યામ મધુકંતભાઈ શાહ ઈન્ડિયન બેંકની રાજકોટ શાખા દ્વારા ગીરવે મુકેલા અમારા સોનાના દાગીનાની સુરક્ષામાં રાખવામાં આવેલી ગંભીર બેદરકારી અને ગેરવર્તણૂક વિશે બેંકિંગ સિસ્ટમમાં આવી ઘટનાઓને રોકવા માટે આપની હસ્તક્ષેપની માંગ કરવા માંગીએ છીએ.

અમે ઈન્ડિયન બેંક, શાખાના લાંબા સમયથી ગ્રાહક છીએ. ૨૦૨૩ માં, ૧૦૦૪.૧૦ ગ્રામ ૨૨-કેરેટ સોનાના દાગીના ગીરવે મુકીને બેંક પાસેથી બે MSME ગોલ્ડ લોન લીધી હતી. ગીરવે મુકેલા દાગીનાની બજાર કિંમત આશરે રૂ. ૧.૧૫ કરોડ હતી. અને અમે નિયમિતપણે લોનનું વ્યાજ ચૂકવ્યું હતું. વાસ્તવમાં, નવેમ્બર ૨૦૨૫ સુધી અમે તમામ વ્યાજ (૨૪ લાખથી વધુ) સંપૂર્ણ અને સમયસર ચૂકવ્યું હતું.

પ્રક્રિયા મુજબ, ગોલ્ડ લોન વાર્ષિક રિન્યુઅલ ને આધીન હતી. ઓક્ટોબર ૨૦૨૫ માં, અમે લોનની મુદ્દત પૂરી થાય તે પહેલાં તેને રિન્યુ કરવા માટે બેંકનો સંપર્ક કર્યો. અમને ત્યારે આઘાત લાગ્યો જ્યારે ૨૯.૧૦.૨૦૨૫ ના રોજ બેંકે અમને પહેલીવાર જાણ કરી કે તે ''લોન રિન્યુ કરી શકતી નથી'' કારણ કે ''ગીરવે મુકેલું સોનાનું પેકેટ તેના રાખવાના સ્થળે ઉપલબ્ધ નથી'', જેનો અર્થ એ કે બેંકે સ્વીકાર્યું કે અમારું ગીરવે મુકેલું સોનું બેંકના લોકરમાંથી ગુમ છે. બેંકની લેખિત જાણમાં સ્વીકારવામાં આવ્યું છે કે દાગીના ખોવાઈ ગયા છે/ગુમ છે.

ઈન્ડિયન બેંકે ખોવાઈ ગયાની જાણ થતાં જ તાત્કાલિક એફઆઈઆર પણ નોંધાવી ન હતી. તેના બદલે, બેંકે માત્ર ૨૨.૦૭.૨૦૨૫ ના રોજ સ્થાનિક પોલીસને અરજી આપી હતી ત્યારે પણ, પોલીસે માત્ર બિન-કોગ્નિઝેબલ ''જાણવા જોગ'' નોંધ તરીકે નોંધી હતી, અને સત્તાવાર એફઆઈઆર. માત્ર ૧૮.૧૨.૨૦૨૫ ના રોજ નોંધવામાં આવી હતી -

નુકસાનની જાણ કરવાની સાથે, બેંકે અમને ગુમ થયેલા સોના માટે ભરપાઈ દાવા સબમિટ કરવા નિર્દેશ આપ્યો હતો, જેમાં ₹૧૦,૮૧૩ પ્રતિ ગ્રામ (૨૪-કેરેટ) નો સંદર્ભ દર ટાંકવામાં આવ્યો હતો. અમે સૂચના મુજબ દાવો દાખલ કર્યો હતો. જો કે, અમને વળતર ક્યારે મળશે તેની કોઈ સમયરેખા કે ખાતરી આપવામાં આવી ન હતી. આજ સુધી, અમને અમારા ખોવાયેલા અસ્કયામતો માટે વળતર અંગે કોઈ વચગાળાની રાહત કે સ્પષ્ટ પ્રતિબદ્ધતા મળી નથી.

પ્રાથમિક ભંગ એ છે કે બેંકની કસ્ટડીમાં રાખેલું ૧.૧૫ કરોડનું સોનું તેમની નજર સામે ગુમ થઈ ગયું. પ્રાથમિક તથ્યો ગંભીર આંતરિક ક્ષતિઓ સૂચવે છે - તે પણ બહાર આવ્યું છે કે વરિષ્ઠ કર્મચારીએ ગેરકાયદેસર રીતે લોકરની ચાવીઓ એક સબઓર્ડિનેટ (પટ્ટાવાળા) ને સોંપી દીધી હતી, જે સુરક્ષા પ્રોટોકોલનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આવી બેદરકારીએ બેંકના સુરક્ષિત લોકરમાંથી અમારા દાગીનાની ગુમ/ચોરીને સક્ષમ કરી, જે નિયંત્રિત બેંકમાં ક્યારેય થવી જોઈએ નહીં.

તેવી કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખી યોગ્ય કરવાની માંગ કરી છે.

# એરપોર્ટ રોડની પરિણીતાને ટોર્ચર કરી સાસરિયાઓએ ગર્ભપાત કરાવી નાખ્યો

## જસાણી પાર્કમાં રહેતી મહિલાની પતિ, સાસુ-સસરા અને નણંદ વિરુદ્ધ રાવ : ગાંધીગ્રામ પોલિસે ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

એરપોર્ટ રોડ પર જસાણી પાર્કમાં રહેતી ગર્ભવતી પરિણીતાને ટોર્ચર કરી ગર્ભપાત કરાવી નાંખનાર પતિ, સાસુ-સસરા અને નણંદ સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે એરપોર્ટ રોડ પર જસાણી પાર્કમાં રહેતી ૩૦ વર્ષીય પરિણીતાએ નોંધાવેલ ફરીયાદમાં તેના પતિ ધારવ શશીકાંત મજેઠીયા, સસરા શશીકાંત મજેઠીયા, સાસુ નયનાબેન મજેઠીયા અને નણંદ માનસીબેન મજેઠીયા વિરુદ્ધ માનસિક અને શારીરિક ત્રાસ આપી ગર્ભ પાત કરાવી નાંખયાની ફરીયાદ નોંધાવી હતી. વધુમાં પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પરણીતા ૩૦ વર્ષે છે અને તેમના લગ્ન છએક મહિના પહેલા ધારવ મજેઠીયા સાથે થયેલ હતા. થોડા દિવસો લગ્ન ગાળો સારી રીતે ચાલ્યા બાદ પતિ ધારવ મજેઠીયા શારીરિક અને માનસિક ત્રાસ આપવા લાગ્યો હતો. તેમજ સાસુ નયનાબેન, સસરા શશીકાંતભાઈ અને નણંદ માનસીબેન પણ ઘરકામને લઈ મેણાં મારી ત્રાસ આપવા લાગ્યા હતા. જે દરમિયાન પરિણીતા ગર્ભવતી થઈ હતી. જે તેના પતિ ધારવને ગમ્યું ન હતું.

દરમિયાન પરિણીતાને તેના પતિએ તેના ગર્ભમાં રહેલ બાળક કઢાવી નાંખવાનું કહેત પરિણીતાને પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જે બાદ સાસરીયાઓએ ધમકી આપી ગર્ભપાત કરાવવા દબાણ કરતાં અંતે લગ્ન સંસાર ટકાવવા પરિણીતા ગર્ભપાત કરાવવા મજબુર થઈ હતી. જો કે, આ વેદના સહન ન થતા તે પોલીસ પાસે પહોંચી હતી અને વેદના જણાવતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીઆઈ સેજલ મેઘાણીએ તપાસ હાથ ધરી હતી.

# જંગલેશ્વરનો લિસ્ટેડ બુટલેગર ઈમરાન શેખ પાસાના પાંજરે પુરાયો

## પીસીબીએ તૈયાર કરેલી દરખાસ્તને મંજુરી મળતા અમદાવાદ જેલ હવાલે કરી દેવાયો

**અબતક, રાજકોટ**

જંગલેશ્વરનો લિસ્ટેડ બુટલેગર ઈમરાનઅલી શેખ સામે પીસીબીની ટીમે પાસાનું હથિયાર ઊગામી તેને અમદાવાદ જેલ હવાલે કરવાં તજવીજ આદરી હતી.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેરમાં દારૂની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવાની આપેલ સૂચનાથી અગાઉ ઇંગ્લીશ દારૂના ગુનામાં પકડાયેલ લીસ્ટેડ બુટલેગર ઈમરાનઅલી અનીશભાઈ શેખની ગુન્હાહીત પ્રવૃતિ અટકાવવા માટે તેના ઉપર



અસરકારક અટકાયતી પગલા લેવા પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાએ બુટલેગરની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલતા પોલીસ કમિશ્નર દ્વારા બુટલેગરની ગુન્હાહીત પ્રવૃતિ તથા ગુન્હા ધ્યાને લઈ પાસા હેઠળ કાર્યવાહી કરવાનો હુકમ કરતાં

ઈમરાનઅલી અનીશભાઈ શેખ (ઉ.વ.૩૬, રહે.જંગલેશ્વર શેરી નંબર-૨ શાળા નંબર-૭૦ ની પાછળ નદીના કાંઠે) ને પાસા હેઠળ અટકાયતમાં લઈ પાસા વોરંટની બજવણી કરી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, આરોપી વિરુદ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં દારૂના અનેક ગુના નોંધાયેલ છે.

(પહેલા પાનાનું ચાલું)

### નોટબંધી...

છે એટલું જ નહીં, પણ અર્થતંત્રના કદની સાથે વધી પણ છે.તાજેતરમાં જ અનેક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાઈ હતી અને હવે આગામી સમયમાં પણ ચૂંટણીઓ આવી રહી છે. સામાન્ય રીતે ચૂંટણીના સમયગાળામાં રોકડનો પ્રવાહ વધતો હોય છે, જેની અસર પણ આ આંકડાઓમાં જોવા મળી શકે છે.

ભારત ભલે 'ડિજિટલ' બની રહ્યું હોય, પણ માનસિક રીતે તે હજુ પણ 'કેશ લવિંગ' સોસાયટી છે. જ્યાં સુધી અર્થતંત્રનો મોટો હિસ્સો (ખાસ કરીને અસંગઠિત ક્ષેત્ર) રોકડ પર નિર્ભર રહેશે, ત્યાં સુધી ચલણમાં રોકડનું પ્રમાણ ઘટવાને બદલે વધતું જ રહેશે. આરબીઆઈ માટે પણ આ એક સંકેત છે કે ભારતમાં 'કેશલેસ' નહીં પણ 'લેસ-કેશ' સોસાયટી બનવામાં હજુ વાર લાગશે.

### દેવું...

આ આંકડા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાટે મુશ્કેલી વધારી શકે છે. થોડા સમય પહેલા જ આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટીની બેઠક મળી હતી, જેમાં વ્યાજદરો યથાવત રાખવામાં આવ્યા હતા. મધ્યસ્થ બેંકને આશા હતી કે મોંઘવારી કાબૂમાં આવશે તો રેપો રેટ ઘટાડી શકાશે. પરંતુ જથ્થાબંધ મોંઘવારીના આ ઉછાળા બાદ હવે નજીકના ભવિષ્યમાં હોમ લોન કે કાર લોનના વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતાઓ નહિવત બની ગઈ છે.

જથ્થાબંધ મોંઘવારી વધવાનો અર્થ એ છે કે ફેક્ટરી ગેટ પર ઉત્પાદકો માટે ખર્ચ વધ્યો છે. કાચા માલના ભાવ વધવાને કારણે કંપનીઓના માર્જિન પર દબાણ આવશે. જો આ ટ્રેન્ડ ચાલુ રહ્યો તો કંપનીઓ આ વધારાનો બોજ ગ્રાહકો પર નાખવા મજબૂર બનશે, જેનાથી અંતે રિટેલ માર્કેટમાં પણ ભાવ વધશે.

### મોદી

લોઢા' જેવા મોટા ગ્રુપે અયોધ્યા, વૃંદાવન અને અમૃતસર જેવા શહેરોમાં જંગી રોકાણની જાહેરાત કરી છે. તેમના પ્લોટિંગ પ્રોજેક્ટ્સ લોન્ચ થતાની સાથે જ સોલ્ડ-આઉટ થઈ રહ્યા છે. આ ઉપરાંત તાજ, મેરિયોટ અને રેડિસન જેવા હોસ્પિટાલિટી જાયન્ટ્સ પણ ધાર્મિક નગરીઓમાં પોતાની લક્ઝરી હોટેલ્સ ખોલી રહ્યા છે. ડીએલએફ અને ગોદરેજ જેવા દિગ્ગજો પણ આ ટ્રેન્ડ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે.

ડિમાન્ડ વધતા આ નાના શહેરોમાં પ્રોપર્ટીના ભાવ મેટ્રો સિટીઝની હરીફાઈ કરી રહ્યા છે. જે જમીન બે વર્ષ પહેલા કોડીના ભાવે મળતી હતી, તેના ભાવ આજે કરોડોમાં બોલાઈ રહ્યા છે. જોકે, નિષ્ણાતો ચેતવણી પણ આપે છે કે આંધળી દોટ મૂકતા પહેલા લીગલ ટાઈટલ અને સરકારી પરમિશનની ખાસ તપાસ કરવી જોઈએ, કારણ કે નાના શહેરોમાં જમીનના રેકોર્ડ્સ ઘણીવાર જટિલ હોય છે. ટૂંકમાં કહીએ તો, ભારતીયોની 'ભક્તિ' હવે અર્થતંત્રના ગ્રોથ એન્જિનમાં પરિવર્તિત થઈ રહી છે. 'ઈન ગોડ વી ટ્રસ્ટ' (ભગવાનમાં અમને શ્રદ્ધા છે) એ સૂત્ર હવે રિયલ એસ્ટેટ ડેવલપર્સ માટે 'ઈન ગોડ વી ઈન્વેસ્ટ' (ભગવાનના ધામમાં અમે રોકાણ કરીએ છીએ) બની ગયું છે.

### ગુજરાતના તીર્થધામો પણ રડાર પર

**આ તેજીમાં ગુજરાત પણ બાકાત નથી. દ્વારકા અને સોમનાથ જેવા સ્થળોએ પણ ટુરિઝમ વધતા જમીનની માંગ વધી છે. ખાસ કરીને દ્વારકામાં 'સિગ્નેચર બ્રિજ' અને ઓખા-બેટ દ્વારકા કનેક્ટિવિટીને કારણે ભવિષ્યમાં અહીં રિયલ એસ્ટેટ માર્કેટ મોટો જમ્પ લેશે તેવી શક્યતા છે.**

(ત્રીજા પાનાનું ચાલું)

### કોર્ટ...

જાડેજા અને વી કે ઝાલા સહીતની ટીમો કોર્ટ કેમ્પસ ખાતે દોડી ગઈ હતી. અહીં એસઓજી, ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ, ક્યુઆરટી, ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલિસ દ્વારા ખૂણેખૂણામાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન કોર્ટ કાર્યવાહી મોકૂફ રાખવામાં આવી હતી. જો કે, સઘન ચેકીંગમાં કશું જ વાંધાજનક નહીં મળી આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. બાદ કોર્ટ કાર્યવાહી રાબેતા મુજબ શરૂ કરી દેવાઈ હતી.

(ચોથા પાનાનુ ચાલું)

### સાહિત્ય સેતુ...

શબ્દોનું ફાનસ લઈ બધે ફરું છું/ પછાડો મને તો અસર ક્યાં પડે છે. રજૂ કરીને સાહિત્ય પ્રેમીઓના દિલ જીતી લીધા હતા. સંમેલનનું સફળ સંચાલન જાણીતી કવયિત્રી ઉદઘોષક હેમલ દવે કરેલ. કવયિત્રી સંમેલનમાં ડો.મધુરિકાબેન જાડેજા, કિશોર નથવાણી, વિજય ઓઝા, રાજભા જાડેજા, મહેશ સાગઠીયા સહિતના સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેલ. કુંડલીયા ટીચર્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. અજીતાબેન જાનીએ સૌનું સ્વાગત કરેલ. અનુપમ દોશીએ પૂર્વભૂમિકા અને કવયિત્રીઓ તેમજ અતિથિઓનો પરિચય આપેલ. આભારવિધિ પ્રોફેસર નિલેશ પટેલે કરેલ.

### બાગેશ્વર ધામ...

જલસેવા પૂરી પાડી સમાજસેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

રાજકોટની આ ટીમે નિસ્વાર્થ ભાવથી આપેલી સેવા અન્ય માટે પ્રેરણારૂપ બની છે. સમૂહલગ્ન જેવા પવિત્ર પ્રસંગે દીકરીઓના જીવનના મહત્વપૂર્ણ દિવસે તેમને સન્માનપૂર્વક સજાવી સમાજમાં સહકાર અને સેવા ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### ચેકિંગ...

વાન સાથે મોચી નગર મેઈન રોડ બજરંગવાડી માં આવેલ ખાદ્ય ચીજોના વેપારી ઓમાં ૨૪ સ્થળોએ ચકાસણી હાથ ધરવામાં આવી હતી તેમાં ૧૨ ધંધાર્થીઓ વગર લાયસન્સ છે ધંધો ધમધમા આવતા હોવાનું ખુલતા તેમને લાયસન્સ રાખી દે લઈ લેવા સૂચના આપી હતી અને ૨૪ નમૂના ની પીથલપુર ખરાઈ કરી હતી

જેમાં લાયસન્સ લેવાની જેને સુચના આપવામાં આવી છે તેમાં હિંદ બેકરી ,જય સોમનાથ પુરી શાક ,ખોડીયાર ફાસ્ટ ફૂડ ,ક્રિષ્ના જનરલ સ્ટોર, આવકાર પ્રોવિઝન સ્ટોર, ગણેશ મેડીકલ, મારુતિ દાલ પકવાન ,બાલાજી સેન્ડવીચ ,જય સોમનાથ ઘૂઘરા, રાધે ફરસાણ, શ્રીરામ ખમણ ને લાયસન્સ વગર ધંધો ન કરવા તાકીદ કરી લાયસન્સની કાર્યવાહી પૂરી કરવા સૂચના આપી હતી જ્યારે ચેકિંગ દરમિયાન આનંદ જનરલ સ્ટોર, અમૃત ડેરી ફાર્મ, ક્રિષ્ના ફરસાણ, જય ભવાની કોલ્ડ્રીંક, બજરંગ પ્રોવિઝન સ્ટોર, બજરંગ જનરલ સ્ટોર, શ્રી મહારાજ ફરસાણ, બાલાજી ફરસાણ, વરીયા ખમણ, ગજાનંદ સોડા શોપ, જલેશ્વર સેલ્સ એજન્સી, અને જલારામ ખમણ માં ખાજ વસ્તુઓની ચકાસણી કરવામાં આવી હતી

(છેલ્લા પાનાનું ચાલુ)

### સીબીએસઈ બોર્ડની પરીક્ષા...

વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો હતો. ધોરણ-૧૦માં ૨૪.૧૨ લાખ અને ધોરણ-૧૨માં ૧૭.૮૮ લાખ વિદ્યાર્થી મળી કુલ ૪૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જોકે, હવે મંગળવારથી શરૂ થનારી પરીક્ષામાં ધોરણ-૧૦ના ૨૫.૦૮ લાખ અને ધોરણ-૧૨ના ૧૮.૫૯ લાખ મળી કુલ ૪૩.૬૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધોરણ-૧૦ની પરીક્ષા માટે સમગ્ર દેશમાં ૮૦૭૫ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા માટે ૭૫૭૪ પરીક્ષા કેન્દ્રો નક્કી કરાયા છે. સમગ્ર ગુજરાતમાંથી પણ આ વખતે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ૮૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નોંધાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ધોરણ-૧૦માં ૪૫ હજારથી વધુ અને ધોરણ-૧૨માં ૩૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ વખતે બોર્ડની પરીક્ષામાં હાજર રહેશે. ગત વર્ષે રાજ્યમાંથી ૭૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં ઉપસ્થતિ રહ્યા હતા. ધોરણ-૧૦ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીના રોજ શરૂ થશે અને ૧૧ માર્ચના રોજ પૂર્ણ થશે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૦ એપ્રિલના રોજ પૂર્ણ થશે.

### ફોગા યુએસએ...

સિટી (ગુજરાત આંતરરાષ્ટ્રીય નાણાકીય તકનીકી નગર) સહિત ગુજરાતમાં વિકસતા વિવિધ મૂડીરોકાણ ક્ષેત્રોની તકો અંગે પણ ચર્ચા થઈ. મુખ્યમંત્રીએ જણાવ્યું કે વિદેશમાં વસતા ગુજરાતી સમાજ રાજ્યના વિકાસમાં મહત્વપૂર્ણ સહભાગી બની શકે છે અને તેમની સક્રિય ભાગીદારી ગુજરાતની પ્રગતિને નવી દિશા આપશે.

પર્યટન વિકાસના ક્ષેત્રમાં સહકાર વધારવા પર પણ ભાર મૂકાયો. ફોગા યુએસએએ પર્યટન પ્રોત્સાહન, આર્થિક વિકાસ અને વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે મજબૂત જોડાણો ઉભા કરવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

આ બેઠકમાં ડૉ. વસુદેવ પટેલની આગેવાની હેઠળ હર્ષદ પટેલ, પ્રકાશ પટેલ, ભુપેશ શાહ, નિશા પટેલ, ધીરુભાઈ પટેલ, ડૉ. પ્રદીપભાઈ કણસાગરા, સુરેશ રાજપૂત, સુરેશ પટેલ, નીલકંઠ પટેલ, પરિમલભાઈ પટેલ, ડૉ. રશ્મી પટેલ, રમેશ પટેલ, પ્રતિક પટેલ અને ચતુર છાભાયા ઉપસ્થિત રહ્યા હતા.

આ મુલાકાત દ્વારા ગુજરાત અને વિદેશમાં વસતા ગુજરાતી સમાજ વચ્ચે વેપાર, મૂડીરોકાણ, પર્યટન અને સાંસ્કૃતિક એકતાના ક્ષેત્રોમાં સહકાર વધારવાની સંયુક્ત દ્રષ્ટિ વધુ દ્રઢ બની હોવાનું સ્પષ્ટ થયું. બંને પક્ષોએ ભવિષ્યમાં પણ આવા સંવાદ અને સહકારને આગળ વધારવાની આશા વ્યક્ત કરી.

### કથિત બોગસ પોલિટિકલ ડોનેશન...

આરોપ લગાવ્યો હતો.

આઈ-ટી વિભાગ અનુસાર, લગભગ ૨૮ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે 'બોગસ દાન યોજના' તરીકે વર્ણવેલા ક્લાયન્ટ્સ પાસેથી પૈસા માંગ્યા હોવાનું જાણવા મળ્યું હતું. કાયદાની કલમ ૧૩૨(૪) અને ૧૩૧(૧એ) હેઠળ નોંધાયેલા નિવેદનોમા સીએએ કથિત રીતે તેમની ભૂમિકા સ્વીકારી હતી.

વિભાગે આરોપ લગાવ્યો હતો કે વ્યાવસાયિકોએ કરચોરી અને 'છેતરપિંડીપૂર્ણ ચૂંટણી ભંડોળ'ને સરળ બનાવવા માટે ચોક્કસ રાજકીય પક્ષો સાથે જોડાયેલા મુખ્ય વ્યક્તિઓ સાથે સાંઠગાંઠ કરી હતી. કરપાત્ર આવક ઘટાડવા માંગતા ગ્રાહકોને રાજકીય પક્ષોના નિયુક્ત બેંક ખાતાઓમાં 'દાન' મોકલવા માટે કથિત રીતે સમજાવવામાં આવ્યા હતા.

### કોંગ્રેસ...

પર ૧૮ ટેરિફ લગાડયો જયારે ભારતે અમેરિકા પર શુન્ય ટેરિફ લગાવ્યો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતી ત્યાં સુધી સંઘર્ષ કરશે જયાં સુધી ગુજરાતમાંથી ભુપેન્દ્ર પટેલની સરકારને સતામાંથી દુર કરી દઈએ.

ગાંધીનગરના સત્યાગ્રહ છાવણીમાં જન આક્રોશ સભાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમીતીના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતં કે, કમૌસમી વરસાદથી પીડીત ખેડુતો માટે સૌરાષ્ટ્રમાં ૧૧૦૦ કિલોમીટરની સોમનાથથી દ્વારકા સુધીની કિશાન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. મધ્ય ગુજરાતમાં ફાગવેલ થી કંબોઈ ગામ સુધીની ૧૪૦૦ કિલોમીટરની જન આક્રોશ યાત્રા યોજવામાં આવી હતી. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ચાલતી ભાજપ સરકારના શાસનાં સામાન્ય લોકોના જીવનમાં ભય, અન્યાય અને તકલીફો વધી છે. રાજય આજે વિકાસના દાવાઓની પાછળ છુપાયેલા કડવા સત્યનો સામનો કરી રહ્યું છે. ગુજરાતની પ્રજાએ વિશ્વાસ અને આશાભેર સરકારને બહુમતિ આપી હતી. પરંતુ આજે લોકો રોજગાર, ખેતી, શિક્ષણ આરોગ્ય અને સલામતી જેવી મુળભુત જરુરીયાતોથી વંચિત છે. દરેક ગામમાં મનરેગા અને નલ સે જલ યોજનાઓમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર જોવા મળે છે. ભાજપના નેતાોએ જલ સે જલ યોજનાને નળ સે ધન યોજના બનાવી દીધી છે. આદિવાસી યુવાનો બેરોજગારીથી ત્રસ્ત છે. ખેડુતો દેવામા ડૂબ્યા છે મહિલાઓની સુરક્ષા જોખમમાં છે.

### પોરબંદર...

બોલે છે. ડ્રગ્સ સ્મગલર હાજી ફિદાએ મોકલેલો આશરે ૨૦૦ કિલોનો શંકાસ્પદ કેમિકલનો જથ્થો અબ્દુલ મજીદ અને અબ્દુલ સત્તાર નામના બે શખ્સ ઈરાનના કોનારક બંદરેથી બોટમાં ભરી નીકળ્યા હતા.

તપાસ એજન્સીઓએ ૧૪૦ માઈલ દૂર દરિયામાં ઓપરેશન કર્યું હતું. બોટની બનાવટ ઈરાનની છે. બોટમાં એક્સ્ટ્રા ડીઝલ પણ હતું, ખાવાની વસ્તુઓ પણ હતી. ૩-૪ દિવસ ચાલે એટલો સામાન હતો. પોરબંદરમાં અગાઉ ૨ વખત સ્પીડ બોટ આવી હતી, જેમાં ૬ શખસ હતા. ઈરાનથી શખસ ગેરકાયદે રીતે આવ્યો હતો. મોટી બોટ પકડાઈ જાય એટલે નાની બોટમાં આવ્યા હતા.

# શિવરાત્રીમાં જુનાગઢના લોકલંગરી આશ્રમે લોકગાયક કૌશિક મહેતાએ કરી ભજન સેવા

**અબતક, રાજકોટ**

જુનાગઢના અતિ પ્રખ્યાત એવા શિવરાત્રીના મીની કુંભમેળામાં સૌરાષ્ટ્ર-ગુજરાતના ખ્યાતનામ રાજકોટના પહાડી કંઠન લોકગાયક અને હાસ્ય લોકસાહિત્યકાર કૌશિક મહેતા એ શીવરાત્રીની પૂર્વ સંધ્યાએ જુનાગઢમાં આવેલ એવા પ્રગટ ભવનાથ મહાદેવ ની બાજુમાં મહાસિદધ યોગી મહાત્મા લોહલંગરી બાપુ ગોંડલના ઉતારામાં મુખ્ય સ્ટેજ ઉપરથી સાજીદાઓના સથવારે ભજન, સંતવાણી, હાસ્ય લોકસાહિત્ય અને કાઠીયાવાડી દુહાછંદની બઘડાટી, રમઝટ બોલાવી લોકસાહિત્યની ભાષામાં દેવાધીદેવ મહાદેવ અને પાર્વતી માતાનો ઈતિહાસ રજુ કરી મેળામાં



પધારેલા શિવભકતોને શિવરાત્રી પર્વનું મહત્વ સમજાવ્યું હતું. આ તકે લોહલંગરી બાપુ ગોંડલના શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર મહંત સીતારામબાપુએ તથા સુપ્રસિધ્ધ એવા ગોરક્ષનાથ આશ્રમના મહંત પીરયોગી શેરનાથજી બાપુએ (આદેશ) આપણી આધ્યાત્મિક લોક સંસ્કૃતિની ટકાવી રાખવા કાર્યક્રમ રજુ કરતા સમગ્ર ભારત દેશ અખીલ ભારતીય બ્રહ્મસમાજના આગેવાન અને રાજકોટ સમસ્ત બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખ તેમજ પ્રદેશ ભાજપના સભ્ય નિડર, નિષ્ઠાવાન અને સ્પષ્ટ વકતા કશ્યપભાઈ શુકલે કૌશિક મહેતા ને શુભેચ્છ અને અભિનંદન પાઠવેલ છે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ:** સોની મુકેશભાઈ (ભાયલાલભાઈ) વિઠ્ઠલદાસ લાઢીગરા (ઉ.વ.૭૮) તે મનીષભાઈ, રૂપલબેન, હેમાબેન, નીશાબેનના પિતા, હેમીલભાઈ, ખુશ્બુબેન, અર્પીતાબેનના દાદા, સોની ત્રિભોવનદાસ દુર્લભજીભાઈ રાજપરા (વેરાવળ) ના જમાઈનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૧૯ ને ગુરુવાર બપોરે ૩.૩૦ થી ૫.૩૦ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ પાસે, રાજકોટ મુકામે રાખેલ છે.

તેમજ વેરાવળ મુકામે ટેલીફોનીક સવારે ૧૦ થી ૧૨ દરમિયાન દામોદરભાઈ મો. નં. ૯૪૦૯૨ ૪૯૫૫૧, જેશુખભાઈ મો. નં. ૯૮૯૮૩ ૬૨૭૨૧, શરદભાઈ મો. નં. ૯૪૯૯૬ ૭૯૬૫૧ પર રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ‘જેને કોઈ ચિજ વસ્તુમાં આસકિત કે સંગ્રહ પરિગ્રહની ઈચ્છા રહેતી નથી અને તદ્ન નિઃસ્પૃહ થઈ જાય છે, તે સમગ્ર વિશ્વને જીતી લે છે’

## ‘‘આત્મા અને પરમાત્માને ભેગા કરવા નવા કોઈ સાધન - કર્મ - પરિષ્કારની જરૂર નથી, માત્ર જરૂર છે એવી ઈચ્છાની શ્રધ્ધા અને ભક્તિની!’’

### નહિ જાણેલુ રહસ્ય

‘દરેક મનુષ્ય પોતાના જીવનના બે રસ્તા (૧) શ્રેય (જ્ઞાન) અને (૨) પ્રેય (ભૌતિક સુખો) પૈકી એક પસંદ કરી તે તરફ ગતિ કરે છે, અને તે પ્રમાણે તેની ગતિ થાય છે’

‘નચિકેતા’ આ શબ્દ તો તમામે સાંભળ્યો જ હશે તે એક ઋષિ પુત્ર હતો. તેના પિતા વાજશ્રવસે સર્વસ્વ દક્ષિણા યજ્ઞ કર્યો,. આ યજ્ઞ એવો હતો કે જેમાં યજ્ઞ કરનાર પોતાનું પ્રિય અને કિંમતી તમામ બ્રાહ્મણોને દક્ષિણામાં આપવાનું હોય છે, તે સમયે ગાયો ને જ ‘ધન’ ગણવામાં આવતું. ઋષિબાળક નચિકેતા ને મનમાં થયું કે તેના પિતા વાજશ્રવસે સર્વસ્વ દાન એટલે કે ગાયો સહિતની તમામ પ્રિય અને કિંમતી વસ્તુનું દાન કરવાના છે તો હું પણ પિતાજીનો પ્રિય પુત્ર છું તો મારૂ દાન પિતાશ્રી કોને કરશે? આથી તેના પિતાને પુછયું કે પિતાશ્રી મારૂ દાન તમે કોને કરવાના છો? આથી પિતા એવા ઋષિએ કોઈ જવાબ આપ્યો નહિ. આથી નચિકેતાએ ફરીથી એજ પ્રશ્ન પૂછયો. બીજી વખત પણ તેના પિતાએ કોઈ જવાબ આપ્યો નહિ. આથી નચિકેતાએ તેના પિતાને ત્રિજીવાર પણ એજ પ્રશ્ન પુછયો. પિતાજી કહોને આ યજ્ઞમાં તમે મને કોને આપવાના છો? મારૂ દાન કોને કરવાના છો? આતો સર્વસ્વ દક્ષિણા યજ્ઞ છે જેમાં જે પોતાનું સર્વસ્વ તમામ સંપતિ વિશ્વના હિત માટે આપી દે છે તેને કોઈ ચિજ વસ્તુમાં આસશકિત કે સંગ્રહ પરિગ્રહની ઈચ્છા રહેતી નથી. અને નિઃસ્પ્રહ થઈ ને વર્તે છે તે જ સમગ્ર વિશ્વને જીતી લે છે. આતો આપ આવો વિશ્વજીત યજ્ઞ કરી રહ્યા છો તેથી પુછું છું કે તમે મારૂદાન કોને કરવા ના છો?


નચિકેતાના પિતાને હજુ પુરી અનાશકિત આવી ન હતી. તેઓ સારી સારી ગાયો રાખી મુકી ને દુબળી ઘરડી ગાયોને દાનમાં આપતા હતા, વળી તેમને પુત્ર પ્રત્યે પણ ખૂબજ આસકિત, મમતા હતી. જેનો તેઓ ત્યાગ કરવા માંગતા ન હતા. આમ છતા નચિકેતાએ ત્રિજીવાર પુછયું અને આગ્રહ કરી પુછવા લાગતા નચિકેતાના પિતાએ કાંઈક આવેશમાં આવી ને કહી દીધું કે તને હું યમરાજ ને સોંપું છું. આથી નચિકેતા તપ કરી યમદેવના ઘેર ગયો. નચિકેતાને થયું કે યમરાજાના ઘેર તો મારા પહેલા મારા જેવા અનેક પહોચ્યા હશે, અને હવે પછી પણ જશે. આવામાં મારાથી તેમનું શુ કામ થઈ શકશે? આમ જોવા જઈએ તો સંસારમાં તમામ જીવો જેમ ખેતરમાં ધાનના છેડવાઓની જેમ ઉત્પન્ન થાય છે. અને અનાજની ફસલ પુરી થતા છેડવાઓ સુકાય જાય તેમ નાશ પામે છે. દુનિયામાં જીવાત્માઓનો પણ આજ ક્રમ સંસારમાં ચાલી રહ્યો છે.

નચિકેતાએ યમરાજાને મૃત્યુ પછી જીવની શું સ્થિતિ થાય છે તે જાણવાની ઈચ્છા વ્યકત કરી યજરામાને થયું કે આ બાળકને શું થયું છે ? આથી તેમણે નચિકેતાને કહ્યું તું સંસારમાં પાછો જઈને સંસારના સુખ ભોગવ આમ છતા વૈરાગી નચિકેતાએ પાછા જવાને બદલે પોતાની માગણી જ ચાલુ રાખી યમરાજાએ તેને પૃથ્વી ઉપર ના સુખોના અનેક પ્રકારના પ્રલોભનો આપી મૃત્યુ પછીની જીવની સ્થિતિ જાણવાનો નચિકેતાનો પ્રશ્ન ત્રણ વખત ટાળ્યો. પરંતુ નચિકેતા કોઈ પ્રલોભનમાં ફસાયો નહિ કેમકે તેમણે જોયેલું કે સંસારનું દરેક સુખ નાશવંત છે. અને જીવની શકિતને તથા ઈન્દ્રિયોના તેજને ક્ષીણ કરનારૂ છે. તેને સુખોપ્રત્યે કોઈ રૂચિ હતી નહી આથી ચોથી વાર પણ એજ પ્રશ્ન યમરાજને પુછયો. યમરાજા સમજી ગયા કે નચિકેતા વિદ્યાનો પાકો અધિકારી છે. આથી તેમણે નચિકેતાને ત્રણ વરદાનો માંગવા માટે કહ્યું. નચિકેતાએ પહેલો વર એ માંગ્યો કે મારા પિતા મારા પર રોષે ભરાયા છે. તેમનો રોષ શાંત થઈ જાય અને તેઓ પ્રસન્ન થઈ જાય ! તેણે બીજો વર એ માગ્યો કે નચિકેતાસ (વૈશ્વાનર) નામના સ્વર્ગ ના અગ્નિનું રહસ્ય મને જણાવો. આથી યમરાજાએ સમસ્ત લોક ના કારણ એવા અગ્નિતત્વની વ્યાખ્યા કરી અને ત્રણ પ્રકારના અગ્નિથી જ સમગ્ર વિશ્વનું ત્રિકાત્મક (આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક) રૂપ તૈયાર થાય છે જે કોઈ જાણતુ નથી જે મનુષ્ય આ અગ્નિની પ્રક્રિયાને જાણી ને પોતાના જીવનનો નિર્ણય કરે છે તેને સમજાય છે કે જીવ ભૌતિક વસ્તુઓમા આસક્ત બની બંધાય છે. અને તેથી આખરે તેને શોક પ્રાપ્ત થાય છે, અને જો તેમાં આસકિત ન રાખે તો જીવનમાં આનંદ આનંદ જ છે!




ત્યાર પછી યમરાજાએ નચિકેતાને ત્રિજું વરદાન માગવા કહ્યું જેથી નચિકેતા એ આત્માનું સ્વરૂપ જાણવાની ઈચ્છા બતાવી. પરંતુ યમરાજાને આ ગુઢ વિદ્યા નચિકેતાને આપવાનું ઠીક લાગ્યું નહિ અને કહ્યું તું મારી પાસેથી વધુ સો વર્ષનું આયુષ્ય, પુત્રો; પૌત્રો, ગાયો,હાથી ઘોડા, સોનું, રત્નો વિગેરે મૃત્યુ લોકની તમામ અતિદુર્લભ વસ્તુઓ માગ અને મૃત્યુ પછી જીવના અસ્તિત્વ વિશે પ્રશ્ન નહિ કરવા કહ્યું. પરંતુ નચિકેતા અડગ જ રહ્યો અને તે પ્રશ્નનો જ જવાબ માગ્યો.

વાસ્તવિક રીતે દરેક વ્યકિત નચિકેતાનોજ પ્રતિનિધિ છે. નચિકેતાનો બીજો અર્થ અવિજ્ઞાન એટલે કે નહિ જાણેલુ રહસ્ય એવો છે જેને વૈશ્વાનર કહે છે. તેનો બીજો અર્થ પ્રાણાગ્નિ પણ છે. દરેક જીવંત વસ્તુના કેન્દ્રમાં વૈશ્વાનર અગ્નિ જ ‘ચેતન તત્વ’ છે. તેનોસંબંધ યમરાજા સાથે છે. આ



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

‘વૈશ્વાનર અગ્નિ’ની સમજૂતી આપવી તેજ આ નચિકેતાના પ્રશ્નનો આશય છે. બ્રહ્માંડમાં રહેલો સૂર્ય એજ યમદેવતા છે. તે સૂર્યનું એક કીરણ અથવા અંશ કે ચિનગારી એજ વ્યકિતગત વૈશ્વાનર છે. અગ્નિ છે. વિશ્વમાં જેટલા અગ્નિ છે. તેનું મુળ સ્થાન સૂર્ય (યમરાજા જ છે) તે રીતે જ જેટલા વ્યકિતગત આત્મા ચૈતન્ય છે તેનું મૂળ બ્રહ્મ છે.

દરેક જીવનમાં આ નચિકેત અગ્નિ જ મન, પ્રાણ અને પંચમહાભૂતો ના રૂપોમાં ત્રણે પ્રકારે જીવનમાં વ્યકત થઈ રહ્યો છે. જે ત્રણેની સંયુકત સંજ્ઞા જ નચિકેત છે.

નચિકેતાએ તેના મૂળ પ્રશ્ન જીવનનો અંત શું છે? તે જાણવાનોજ આગ્રહ રાખતા કોઈ પ્રલોભન સ્વિકાર્યું નહિ ત્યારે યમરાજા એ... માનો ને કે આપણા તપસ્વિઓએ યમરાજાના નામે સનાતન સત્ય રજુ કર્યું.

જીવનનાં લાભો અને અનુભવોને બે વિભાગ છે, એક શ્રેય અને બીજો પ્રેયની રીતે વ્યાખ્યાયીત કર્યું છે. જેમાં મંદબુધ્ધિ વાળો જીવ ઉપરથી સુંદર લાગતા પ્રેય પ્રાપ્તિના પ્રપંચમાં સપડાય છે. જયારે ધીર અને બુધ્ધિમાન જીવ શ્રેયને પસંદ કરે છે. જેમાં નચિકેતાએ શ્રેયને પસંદ કરી પ્રેય ને છોડી દીધું. આ દુનિયામાં મોટાભાગના લોકો દુન્યવિ લાભો રૂપીયા, પૈસા, સંપતિ વિ.ની સાંકળથી બંધાય છે. જે અવિધા છે. જયારે શ્રેય વિદ્યા છે. જે બંને વચ્ચે અંધારા-અજવાળા જેટલો ફેર છે.

પ્રેયમાં સપડાયેલા જીવ વારંવાર જન્મ લઈ મૃત્યુ પામે છે, જયારે શ્રેય (વિદ્યા) (આત્મજ્ઞાન કે બ્રહ્મ જ્ઞાન) સાથે જોડાયેલા લોકો બહુ ઓછા હોય છે. જેઓ ક્રમશઃ ઉચ્ચગતિ પ્રાપ્ત કરી ને મુકિત તરફ પ્રયાણ કરે છે.

આત્મજ્ઞાન (આધ્યાત્મ જ્ઞાન) અંગેની વાતો કરનારા ઘણા છે. પરંતુ સાચુ કહેનાર મળી જાય તોજ આશ્ચર્ય છે. આ જ્ઞાનમાં ખાલી તર્ક નો આધાર લેવો કે બહુ ભણીલેવાથી કે બહુ બુધ્ધિ કુશળતાથી પણ આ જ્ઞાન પ્રાપ્ત થતુ નથી. આમાં તો ઈશ્વર અને ગુરૂની કૃપા જ મુખ્ય છે. આતો એક પ્રકારનો સ્વયંવર છે. આત્મા (જે પરમાત્મા જ છે) તે જેને ચાહે છે તેની આગળ તેનું સ્વરૂપ પ્રગટ કરે છે.

આત્મા નિત્ય છે. અને સંસાર અનિત્ય છે. આ અનિત્ય જગતમા રહેવા છતા કોઈ એવા નિત્ય વિકાસ (અગ્નિ)નો સંચય કરી શકે છે આ રીતે અનિત્ય (જગત જીવન) દ્વારા નિત્ય (અત્મા-પરમાત્મા)ને પામી શકે છે. આ માટે ખુબ જીજ્ઞાસા-ધીરજ અને પુરૂષાર્થની જરૂર પડે છે, તે દ્વારા જ આવી વ્યકિતની અંતર ગુહામાં પ્રવેશ કરી યોગવિદ્યાની ઉપાસના દ્વારા જાણી શકે છે, તે પછી આવી વ્યકિતને કશાથી કોઈ હર્ષ કે શોક, સુખ કે દુઃખ થતુ નથી. આત્માને જાણીને મૃતક વ્યકિત પોતાના સુક્ષમ ધર્મને ઓળખીને તે આનંદમય તત્વને જાણીને પરમાનંદનો અનુભવ કરે છે. આવા આત્માને ટુંકમાં સંજ્ઞા આપી છે. ‘ૐ’ લોકો અક્ષર (અવિનાશી) આવા તત્વની પ્રાપ્ત માટે જ તપ-બ્રહ્મચર્યનું પાલન કરે છે.જેને અક્ષરબ્રહ્મ કહેવાય છે. આ અક્ષર સર્વનું આલંબન આધાર છે. અને સઘળુ તેમાંજ રહેલું છે. તે જન્મ રહિત અને શાશ્વત છે. તે કદી નાશ પામતુ નથી. કે ઉત્પન્ન થતુ નથી. જે તેને મરેલું કે મૃત્યુ પામનાર સમજે છે તેને જ્ઞાન પ્રાપ્ત થયું નથી.

વૈશ્વાનરનું સ્વરૂપ અગ્નિ, વાયુ અને આદિત્ય અથવા ત્રણ જયોતિ ત્રણ સંચાલક પ્રાણોના જ્ઞાનથી જાણી શકાય છે. મન, પ્રાણ અને વાણીએ ત્રણ જયોતિઓ છે. મન એ ધુ લોકની જયોતિ છે, પ્રાણ અથવા વાયુ અંતરિક્ષ (અવકાશ)ની જયોતિ છે. અને વાણીએ ભૌતિક (પૃથ્વી લોક) જયોતિ છે. આ ત્રણેય જયોતિનો સમન્વય (સંયુકતભાવ)એ જ મનુષ્ય છે. ભૂત,ભૌતિક પુરૂષ, પ્રાણાત્મક પુરૂષ અને વિજ્ઞાનાત્મક-મનોમય પુરૂષ આ ત્રણેય જયારે એકત્ર થાય ત્યારે વૈશ્વાનર પુરૂષ બને છે. મનુષ્ય શરીરમાં રહેલ પ્રાણાગ્નિ એજ વૈશ્વાનર છે. અને તેનું રહસ્ય જાણવું જરૂરી છે. આમ જીવાત્માએ પરમાત્માનો અંશ જ છે. જે તેને જાણી શકતો નથી તે વારંવાર જન્મ લે છે.

છેલ્લે યમરાજ નચિકેતા ને કહે છે કે ‘સાંભળ મર્યા પછી આત્માની શું ગતિ થાય છે. કેટલાક લોકો શરીર ધારણ કરવા માટે પોત પોતાની યોનિઓમાં જાય છે, તો કેટલાક જીવો તેમના કર્મ અનુસાર જડ શરીર અથવા વૃક્ષ આદિના રૂપમાં પરિવર્તન પામે છે. જે શરીરમાં જે આત્મા ‘કામના’ મુકત થઈ શુધ્ધ બનતા તે અમૃત અથવા બ્રહ્મમાં વિલિન થઈ જાય છે. આ આખુ વિશ્વ તેના આધારે જ છે.’

**વિશ્વરસઃ ‘મન સહિત ઈન્દ્રિયો ને દ્રઢતા પૂર્વક સ્થિર કરવી તેનું નામ જ યોગ છે’**

# શ્રીનાથજી ધામ હવેલીમાં ફુલ ફાગ ઉજવાશે

## નામાંકિત ગાયક કુમનદાસ કરાવશેઃ સંગીત રસપાન

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે વીવાયઓ શ્રીનાથ ધામ હવેલીના પટાંગણમાં તારીખ ૧૮ ફેબ્રુઆરી ના રોજ વૈષ્ણવાચાર્ય પૂ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિમાં હોલી-રસિયા-ફુલ-ફાગનુ ભવ્યાતિ ભવ્ય આયોજન.



વૈષ્ણવ સંપ્રદાય દ્વારા હોલી ખેલના દિવસોમાં ઠાકોરજીને અલૌકિક રીતે ફૂલો દ્વારા ખેલાવવાની પરંપરા છે. અને વિવિધ શહેરોમાં વીવાયઓ દ્વારા હોલી રસિયાના આયોજન થઈ રહ્યા છે. ત્યારે રાજકોટમાં આગામી તારીખ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ (બુધવાર) ના રોજ રાત્રે ૮:૦૦ કલાક થી વીવાયઓ શ્રીનાથ ધામ હવેલીના પટાંગણમાં વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિમાં ભવ્યાતિ ભવ્ય હોલી રસિયા - ફુલ ફાગ ઉજવવામાં આવશે. આ હોલી રસિયા સુરતના નામાંકિત ગાયક વૃંદ કુમનદાસ આસોદારીયા દ્વારા પ્રસ્તુત કરવામાં આવસે. અને વહેલા તે પહેલાના ધોરણે બેઠક વ્યવસ્થા રાખવામાં આવી છે, જેની સર્વ ભાવિકજનોએ નોંધ લેવી.



તારીખ ૧૯ ફેબ્રુઆરી ના રોજ સવારે ૭:૦૦ કલાકે શ્રી ઠાકોરજી સમક્ષ બ્રહ્મસબંધ દીક્ષા અને ઠાકોરજી પુષ્ટી કરણ કરવામાં આવશે. ઈચ્છુક વૈષ્ણવોએ મો. નં. ૯૩૧૬૨૫૩૪૨૩ નંબર પર સંપર્ક કરી બ્રહ્મસબંધ દીક્ષા અને ઠાકોરજી પુષ્ટી કરણ તેમજ દ્વારા વીવાયઓ શ્રીનાથ ધામ હવેલી, મોટા મવા ખાતે માટે નામ નોંધાવવાનું જણાવામાં આવ્યું છે.

# અષ્ટાહ્નિકા મહાપર્વના પાવન અવસરે સિધ્ધચક્ર મહામંડલ વિધાન કાર્યક્રમનું આયોજન

**અબતક, રાજકોટ**

સુનીલસાગરજી મહારાજ એમના સાથે આશરે ૪૦ સાધુ તથા સાધ્વી ભગવંતોના પાવન મંગલ સાનિધ્યમાં રાજકોટ શહેરના ઈતિહાસમાં પ્રથમ વખત અષ્ટાહ્નિકા મહાપર્વના શુભ અવસરે સિદધચક્ર મહામંડલ વિધાનનું ભવ્ય ધાર્મિક આયોજન યોજાનાર છે. આ પાવન તથા આધ્યાત્મિક આયોજન સરાકોદ્ધારક આચાર્ય જ્ઞાન સાગર તપોવન ટ્રસ્ટના તત્વાવધાન હેઠળ ૧૦૦૮ સુમિતનાથ દિગંબર જૈન જિનાલય, (જ્ઞાન તપોવન સંત નિવાસ), રાજકોટપ્રોગ્રામ સ્થળ કાઠીયાવાડ નિરાશ્રિમ બાલાશ્રમ, ગોંડલ



રોડ, રાજકોટનું ખાતે યોજાશે. ઉકત કાર્યક્રમ દરમિયાન સિધ્ધચક્ર મહામંડલ વિધાનની વિધિવત આરાધના ગુરુદેવના મંગલ પ્રવચનો સાધુ-સાધ્વી ભગવંતોનું દિવ્ય સાન્નિધ્ય શહેર તથા આસપાસના શ્રધ્ધાળુનોની વિશાળ ઉપસ્થિતિ રહેશે.

# રાષ્ટ્રીય ઈન્ડિયન મિલિટરી કોલેજમાં ભણતા છાત્રોને ૬૦% ફી સહાય મળશે

## સ્કોલરશીપ-ફી સહાયની જુદી જોગવાઈ રદઃ ૧૫ વિદ્યાર્થીઓ સુધી ૬૦ ટકા ફી ચૂકવાશે

**અબતક, રાજકોટ**

રાજ્યના વિદ્યાર્થીઓ દહેરાદૂન સ્થિત રાષ્ટ્રીય ઈન્ડિયન મિલિટરી કોલેજમાં અભ્યાસ કરે ત્યારે શિક્ષણ વિભાગ તેમની સહાયમાં વધારો કરશે. અત્યાર સુધી ગુજરાતના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ રૂ. ૧૨ હજાર અને ફી સહાય રૂ. ૩૬ હજાર એમ મળી કુલ રૂ. ૪૮ હજાર આપવામાં આવતા હતા. હવે વિભાગે આ અલગ-અલગ જોગવાઈ રદ કરીને કોલેજ દ્વારા નક્કી કરાયેલી ફીના ૬૦ ટકા જેટલી રકમ સહાયરૂપે ચૂકવવાનો નિર્ણય કર્યો છે. જોકે, આ લાભ મહત્તમ ૧૫ વિદ્યાર્થીઓ સુધી મર્યાદિત રહેશે.શિક્ષણ વિભાગે ૨૦૧૩-૧૪ના બજેટમાં નવી જોગવાઈ હેઠળ રાષ્ટ્રીય ઈન્ડિયન મિલિટરી કોલેજ, દહેરાદૂનમાં અભ્યાસ કરતા ગુજરાતના વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૨ હજાર સ્કોલરશીપ અને રૂ. ૩૬ હજાર ફી સહાયનો પ્રાવધાન કર્યો હતો. આ મુજબ વિદ્યાર્થીદીઠ કુલ રૂ. ૪૮ હજાર ચૂકવાતા હતા. તાજેતરમાં કમિશનર ઓફ સ્કૂલ્સની કચેરીએ આ સહાયની રકમમાં વધારો કરવાની દરખાસ્ત સરકારને મોકલી હતી. આ દરખાસ્તના અનુસંધાને શિક્ષણ વિભાગે ઠરાવ બહાર પાડી નવી વ્યવસ્થા અમલમાં મૂકી છે. નવા ઠરાવ મુજબ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી રાષ્ટ્રીય ઈન્ડિયન મિલિટરી કોલેજ દ્વારા સમયાંતરે નક્કી થતી ફીના ૬૦ ટકા જેટલી સહાય રાજ્ય સરકાર ચૂકવશે. આ સહાય મહત્તમ ૧૫ વિદ્યાર્થીઓને જ આપવામાં આવશે.

# ‘વંદે માતરમ’: માત્ર એક ગીત નહીં, પણ ભારતમાતાની આરતી છેઃ રાજુભાઈ ધ્રુવ

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ક્રાંતિકારી નિર્ણય કરી ઈતિહાસની ભૂલ સુધરીઃ દાયકાઓ બાદ ‘વંદે માતરમ’ને મળ્યું તેનું સાચું ‘સિંહાસન’

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રગીત ‘વંદે માતરમ’ને ઉચિત સન્માન અને પ્રોટોકોલ આપવા અંગે જે ઐતિહાસિક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, તેને ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવે ભારતની રાષ્ટ્રચેતનાનો વિજય ગણાવ્યો છે. આ નિર્ણય બદલ ભારત સરકારને હૃદયપૂર્વક અભિનંદન પાઠવતા તેમણે જણાવ્યું હતું કે, આ માત્ર એક સરકારી ઓર્ડર નથી, પરંતુ આઝાદીના લડવૈયાઓનું ઋણ ચૂકવવાનો એક નમ્ર પ્રયાસ છે.

રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે, ‘‘વંદે માતરમ એ માત્ર શબ્દો નથી, એ ભારતની આઝાદીનો ‘બીજ મંત્ર’ છે. જે ગીતને હોઠો પર લઈને ખુદીરામ બોઝ અને ભગતસિંહ જેવા અનેક ક્રાંતિવીરો હસતા મુખે ફાંસીના માંચડે ચડી ગયા હતા, જે ગીત અંગ્રેજો માટે પણ સૌથી મોટો ડર બની ગયું હતું, તે ગીતને આઝાદી પછી તરત જે સન્માન મળવું જોઈતું હતું તે મળ્યું નહોતું. અત્યાર સુધીની વિપક્ષી સરકારોએ તુષ્ટિકરણની રાજનીતિ કે અન્ય સંકુચિત કારણોસર આ મહામૂલા ગીતને હાંસિયામાં ધકેલી દીધું હતું. ભારતવાસીઓના હૃદયમાં સ્થાન હોવા છતાં, સરકારી ચોપડે તેને જે ગરિમા મળવી જોઈતી હતી તેનાથી તેને વંચિત રાખવામાં આવ્યું હતું.’’

પરંતુ, પ્રવર્તમાન સરકારે પહેલીવાર ‘વંદે માતરમ’નું ઐતિહાસિક મહત્વ સમજીને તેને તેનું ઉચિત સ્થાન આપ્યું છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે ‘વંદે માતરમ’નું ગાયન થાય ત્યારે તેનું સન્માન કઈ રીતે જળવાવું જોઈએ. નવા જાહેરનામા મુજબ, રાષ્ટ્રગીત ‘વંદે માતરમ’ ગાતી વખતે કે વગાડતી વખતે શિષ્ટાચાર જાળવવો હવે ફરજિયાત બન્યો છે. આ એ સાબિત કરે છે કે રાષ્ટ્રની અસ્મિતા હવે સર્વોપરી છે.’’

અંતમાં, રાજુભાઈ ધ્રુવે લાગણીસભર અપીલ કરતા કહ્યું હતું કે, ‘‘આજે જ્યારે સરકાર કાયદાકીય રીતે આ ગીતને ગુંજારવ આપી રહી છે, ત્યારે આપણે સૌ નાગરિકો પણ સંકલ્પ કરીએ કે જ્યારે પણ ‘સુજલામ સુફલામ’ના સૂરો કાને પડે, ત્યારે આદર સાથે ઊભા થઈને આપણી માતૃભૂમિનું ઋણ અદા કરીએ.‘‘આને કેન્દ્ર સરકાર દ્વારા આ અભૂતપૂર્વ ઐતિહાસિક ક્રાંતિકારી નિર્ણય લઈ ‘‘વંદે માતરમ’’ના પવિત્ર રાષ્ટ્રમંત્ર-બીજમંત્રને દેશની એકતા અને અખંડિતતાની જાળવણી માટે યોગ્ય સમયે વૈધાનિક- બંધારણીય દરજ્જો આપવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહને ખૂબ-ખૂબ અભિનંદન આપી આભાર માનું છું.

## કર્ણાટકમાં રાજકીય ઉથલપાથલ

# ડીકે ગ્રુપમાં ઉઠાવી જવાની ભીતિએ સિદ્ધારમૈયાના ૨૭ ધારાસભ્યોને ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ પ્રવાસે મોકલ્યા

**અબતક, રાજકોટ**

કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટીની અંદર ચાલી રહેલી સત્તાની લડાઈ તાજેતરમાં નવી ઊંચાઈએ પહોંચી ગઈ છે. મુખ્યમંત્રી સિદ્દરામૈયાના ટેકેદાર શિબિરે આશરે ૨૭ ધારાસભ્યો અને ધારાસભ્ય પરિષદના સભ્યોને ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની વિદેશ પ્રવાસ પર લઈ જવાની યોજના બનાવી છે, જેને ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમાર દ્વારા કલેગ્સ લીડરશિપ પાર્ટી મીટિંગની માંગને અટકાવવાની રણનીતિ તરીકે જોવામાં આવી રહી છે.

આ વિદેશ પ્રવાસ આજથી શરૂ થયો છે અને તેમાં મુખ્યત્વે સિદ્દરામૈયાના વફાદાર ધારાસભ્યો સામેલ છે. પાર્ટીના આંતરિક સૂત્રો અનુસાર, આ પ્રવાસને રુટીન અથવા સ્ટડી ટુર તરીકે બતાવવામાં આવી રહ્યો છે પરંતુ તેનો મુખ્ય હેતુ ડી.કે. શિવકુમારની તરફથી મુખ્યમંત્રી પદ પર બદલાવની માંગ માટે કલેગ્સ લીડરશિપ પાર્ટીની મીટિંગ બોલાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવવાનો છે.



કોંગ્રેસ હાઈકમાન્ડે આ યોજના પર ચિંતા વ્યકત કરી છે.એઆઈસીસી નેતા રણદીપ સુરજેવાલાએ ઘણા ધારાસભ્યોને ફોન કરીને પ્રવાસને સ્થગિત કરવાનું કહ્યું છે. કેટલાક ધારાસભ્યોએ આ આદેશ માન્યો અને પ્રવાસમાંથી પાછા હટયા, પરંતુ અન્યોએ આગળ વધાર્યો, જેનાથી બંને શિબિરો વચ્ચેની નિષ્ઠા અને વિભાજન સ્પષ્ટ થયું છે.

# રૂ.૪.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં અમિષા પટેલ વિરૂધ્ધ બિનજામીનપાત્ર વોરંટ

**અબતક, રાજકોટ**

ચેક બાઉન્સ અને છેતરપિંડીના જૂના કેસમાં જ્યારે અભિનેતા રાજપાલ યાદવને તિહાડ જેલમાંથી જમાનત મળી ગઈ છે ત્યારે અભિનેત્રી અમીષા પટેલ સામે ૨૦૧૭ ના કેસમાં ગેર-જમાનતી વોરંટ જારી થયું છે. મુરાદાબાદની

## રાજપાલ યાદવ બાદ અભિનેત્રી સામે કાનૂની ગાળિયો કસાયોઃ મુરાદાબાદમાં લગ્ન સમારંભમાં પરફોર્મ કરવા ૧૧ લાખ લેવા છતાં હાજર નહિ રહેતા કેસ દાખલ થયો’તો

એસએએમ-૫ કોર્ટે અમીષા પટેલ નિર્ધારીત તારીખ પર ગેરહાજર રહેતા તેની સામે આ સખત પગલુ ભર્યું છે અને તેને ૨૭ માર્ચના રોજ હાજર થવાનો આદેશ આપ્યો છે.

આ કેસ વર્ષ ૨૦૧૭નો છે જ્યારે મુરાદાબાદમાં એક ઈવેન્ટ કંપનીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી કે અમીષા પટેલે એક લગ્ન સમારંભમાં પરફોર્મ કરવા માટે ૧૧ લાખ રૂપિયાની ફી લીધી હતી, પણ કાર્યક્રમમાં સામેલ નહોતી થઈ. આયોજકોના દાવા અનુસાર ફી લેવા છતાં અભિનેત્રીએ પોતાની કમિટમેન્ટ પૂરી ન કરી.

ઈવેન્ટ મેનેજર પવન વર્માએ આરોપ કર્યો છે કે અભિનેત્રી મુંબઈથી દિલ્હી સુધી આવી, પણ ત્યાં પહોંચીને બે લાખ રૂપિયા રોકડા વધારાની માગણી કરી. જ્યારે આયોજકોએ આ માગણી નકારી દીધી તો તે દિલ્હીથી જ પાછી મુંબઈ ચાલી ગઈ અને કાર્યક્રમમાં હાજર ન રહી.

આ ઘટના પછી પવન વર્માએ અમીષા પટેલ અને તેની ટીમ સામે કોર્ટમાં કેસ દાખલ કર્યો. અભિનેત્રી પર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦-બી, ૪૦૬, ૫૦૪ અને ૫૦૬ હેઠળ કેસ ચાલી રહ્યો છે. બે વર્ષ અગાઉ તેણે મુરાદાબાદ આવીને જમાનત મેળવી હતી, પણ આરોપ છે તેણે જમાનતની શરતોનું પાલન નથી કર્યું. કોર્ટે અનુપસ્થિતિ અને શરતોના ઉલ્લંઘનને ગંભીર ગણીને તેની સામે ફરીથી ગેર-જમાનતી વોરંટ જારી કર્યું. હવે અમીષાએ ૨૭ માર્ચના દિવસે કોર્ટમાં હાજર થવું અનિવાર્ય છે, અન્યથા કાનૂની કાર્યવાહી વધુ સખત થઈ શકે છે.



# દ્વારકાધીશ મંદિરે ૪થી માર્ચે દોલોત્સવ અને પાટોત્સવ દર્શનના સમયમાં ફેરફાર

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકાઃ** શ્રીકૃષ્ણ ભગવાનની નિવાસ ભૂમિ બેટ દ્વારકા તીર્થક્ષેત્રમાં આવેલા દ્વારકાધીશના મંદિરમાં આગામી ૪થી માર્ચના દોલોત્સવની પરંપરાગત રીતે ઉજવણી કરાશે. દોલોત્સવ નિમિત્તે ઠાકોરજીના દર્શન સમયમાં જરૂરી ફેરફાર નોંધાયો છે. બેટ દેવસ્થાન સમિતિના ઈન્ચાર્જ વ્યવસ્થાપકની યાદીમાં જણાવ્યાનુસાર ૪થી માર્ચે ઠાકોરજીની મંગલા આરતી સવારે ૭:૩૦ કલાકે, મોર આરતી ૮ કલાકે, શૃંગાર આરતી ૧૦ કલાકે તેમજ મધ્યાહન આરતી સવારે ૧૧:૩૦ કલાકે થશે. સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ ઠાકોરજીના દોલોત્સવ દર્શન પરંપરાગત રીતે થશે. બપોરે ૧:૩૦ કલાકે મીઠાજળ, સાંજે ૫ કલાકે ઉત્થાપન દર્શન તથા રાત્રે ૮ કલાકે ઠાકોરજીના શયન દર્શન થશે. તા.૫મી માર્ચના દ્વિતીયા પાટોત્સવ પ્રસંગે મંગલા આરતી સવારે ૭.૩૦ કલાકે તથા મોર આરતી સવારે ૭.૦૦ કલાકે યોજાયા બાદ તમામ મંદિરો બંધ રહેશે. શૃંગાર આરતી સવારે ૧૧ કલાકે, બપોરે ૧:૩૦ કલાકે અનોસર (દર્શન બંધ) થશે. સાંજના ૪:૩૦ કલાકે ઉત્થાપન દર્શન તથા રાત્રિના ૮.૦૦ કલાકે શયન થશે.

# ભારત-ફ્રાન્સ સંબંધોને મળશે નવી ગતિ: રાષ્ટ્રપતિ મેક્રોન ત્રણ દિવસની ભારત મુલાકાતે

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચે સાંજે બેઠક, જેમાં બંને દેશોના સંબંધોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે અને સંરક્ષણ, વેપાર, ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિ જેવા ઉભરતા ક્ષેત્રોમાં નવા સહયોગની ચર્ચા કરાશે

**અબતક, રાજકોટ**

ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને પ્રથમ મહિલા બ્રિઝિટ મેક્રોન આજે તેમની ભારત યાત્રા અંતર્ગત મુંબઈ ખાતે પહોંચી ગયા છે. તેમની આ ભારત યાત્રા ૧૯ ફેબ્રુઆરી સુધી ચાલશે. ફ્રાંસના રાષ્ટ્રપતિ અને ફર્સ્ટ લેડીનું મુંબઈના એરપોર્ટ પર રાજ્યપાલ દેવવ્રત આચાર્ય અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સ્વાગત કર્યું હતું.ઈમેન્યુઅલ મેક્રોન ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતે ભારત આવ્યા છે. દરમિયાન તેઓ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. પીએમ નરેન્દ્ર મોદીના આમંત્રણ પર તેઓ મુંબઈ પહોંચ્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ તરીકે તેમની આ ભારતની ચોથી અને મુંબઈની પ્રથમ મુલાકાત છે.રાષ્ટ્રપતિ મેક્રોન એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ભાગ લેશે તેમજ મુંબઈમાં પ્રધાનમંત્રી મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. બંને નેતાઓ આજે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વાટાઘાટો કરશે. રક્ષા સહકાર અંતર્ગત ૧૧૪ રાફેલ વિમાનો અને હેમર મિસાઈલની ખરીદી અંગે મંજૂરી આપવામાં આવે તેવી શક્યતા છે.ઉપરાંત રશિયા-યુક્રેન તણાવ અને પશ્ચિમ એશિયાની સ્થિતિ પર પણ ભારત અને ફ્રાંસનો તાલમેલ ખાસ માનવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારના સવાલ પર ફ્રાંસ પરંપરાગત રીતે ભારતની સ્થાયી સદસ્યતાને સમર્થન આપે છે.

### ૧૧૪ રાફેલ ફાઈટર જેટ માટેની મેગા ડિફેન્સ ડીલ કેન્દ્રમાં રહેશે

મેક્રોનની મુલાકાતની સૌથી મોટી હાઈલાઈટ ૧૧૪ રાફેલ ફાઈટર જેટ માટેની મેગા ડિફેન્સ ડીલ હોઈ શકે છે.

આશરે ૩.૨૫ લાખ કરોડના આ સોદાને તાજેતરમાં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. બંને નેતાઓ કર્ણાટકના વેમગલમાં ટાટા એરબસના ઈ૧૨૫ લાઈટ યુટિલિટી હેલિકોપ્ટરની અંતિમ એસેમ્બલી લાઈનનું સંયુક્ત રીતે ઉદઘાટન પણ કરશે.

### ભારત-ફ્રાન્સ નવીનતા વર્ષ ૨૦૨૬' નું લોન્ચિંગ

વડા પ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ મેક્રોન આજે સાંજે મુંબઈમાં ભારત-ફ્રાન્સ નવીનતા વર્ષ ૨૦૨૬ નું સંયુક્ત રીતે ઉદઘાટન કરશે. આ નવીનતા વર્ષ ૨૦૨૬ સુધી ભારત અને ફ્રાન્સ બંનેમાં ઉજવવામાં આવશે. આ પ્રસંગે, બંને નેતાઓ વ્યવસાયિક નેતાઓ, સ્ટાર્ટ-અપ્સ, સંશોધકો અને નવીનતાઓને સંબોધિત કરશે. સાંજે ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે એક ખાસ સાંસ્કૃતિક સ્મૃતિ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે, જે બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક અને તકનીકી સહયોગનું પ્રતીક છે.

### ફિટનેસ પ્રત્યે જાગૃત મેક્રોં સવારે મુંબઈના દરિયા કિનારે જોગિંગ કરતા જોવા મળ્યા

ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં ભારતના ત્રણ દિવસના પ્રવાસે આવ્યા છે. ત્યારે ઈમેન્યુઅલ મેક્રોં સવારે મુંબઈના મરીન ડ્રાઈવ પર એક અલગ અંદાજમાં જ જોવા મળ્યા હતા. ફિટનેસ પ્રત્યે અત્યંત જાગૃત માનવામાં આવતા મેક્રોં સવારે દરિયા કિનારે જોગિંગ કરતા જોવા મળ્યા હતા. મરીન ડ્રાઈવ પર ટહેલતા લોકોએ તેમને ઓળખી લીધા અને પછી તો શું, લોકો તેમને પોતાના મોબાઈલ કેમેરામાં રેકોર્ડ કરવા લાગ્યા. રાષ્ટ્રપતિ મેક્રોંનો આ અંદાજ સોશિયલ મીડિયા પર પણ ચર્ચાનો વિષય બની ગયો છે.

મેક્રોં તેમની ફિટનેસ માટે જાણીતા છે અને ઘણી વખત જાહેર સ્થળોએ પણ તેઓ દોડતા જોવા મળે છે. ભારતમાં પણ તેમણે આ દિનચર્યા જાળવી રાખી. મુંબઈના મરીન ડ્રાઈવ પર સવાર-સવારમાં તેમને દોડતા જોઈને સ્થાનિક લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.



# સરકારી સાહસોને વિકસિત ભારતના ચેમ્પિયન બનાવવા નીતિ આયોગ રોડમેપ બનાવી દેશે

## આધુનિકીકરણની પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ડિજિટલ ટ્વિન્સ અને ૩ઉ પ્રિન્ટિંગ જેવી ચોથી ઔદ્યોગિક ક્રાંતિની ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવશે

**નવી દિલ્હી:** ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં એક વિકસિત રાષ્ટ્ર બનાવવાના વિઝનને સાકાર કરવા માટે કેન્દ્ર સરકાર હવે જાહેર ક્ષેત્રના એકમો (CPSEs) ના કાયાકલ્પની તૈયારી કરી રહી છે. નીતિ આયોગ અને નાણા મંત્રાલયના સંયુક્ત પ્રયાસોથી એક એવો વ્યૂહાત્મક રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જે અંતર્ગત પસંદગીની સરકારી કંપનીઓને 'ચેમ્પિયન CPSEs' તરીકે સ્થાપિત કરવામાં આવશે.

આ નવી યોજના મુજબ, સરકાર આ કંપનીઓને માત્ર આર્થિક રીતે જ નહીં પરંતુ ટેકનોલોજી અને ગવર્નન્સની દ્રષ્ટિએ પણ મજબૂત બનાવશે. 'ચેમ્પિયન CPSEs' ને તેમના રોકાણના નિર્ણયો લેવામાં, વિદેશી બજારોમાં તકો ઝડપવામાં અને ખાનગી ક્ષેત્રમાંથી નિષ્ણાત પ્રતિભાઓની ભરતી કરવા માટે વિશેષ સ્વાયત્તતા અને સ્વતંત્રતા આપવામાં આવશે.




આ આધુનિકીકરણની પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, ડિજિટલ ટ્વિન્સ અને ૩ઉ પ્રિન્ટિંગ જેવી ચોથી ઔદ્યોગિક ક્રાંતિની ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. નીતિ આયોગના સભ્ય રાજીવ ગૌબાના નેતૃત્વમાં તૈયાર થઈ રહેલો આ પ્લાન ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.


ઉલ્લેખનીય છે કે, આ સુધારા માટે અંદાજે એક ડઝન જેટલી કંપનીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવી છે, જેમાં ઈન્ડિયન રેર અર્થ્સ, ભારત ઈલેક્ટ્રોનિક્સ , માઝાગોન ડોક શિપબિલ્ડર્સ, ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન જેવી અગ્રણી સંસ્થાઓનો સમાવેશ થાય છે. માર્ચ ૨૦૨૫ સુધીના ડેટા મુજબ ભારતમાં કુલ ૪૭૫ કેન્દ્રીય જાહેર સાહસો છે, જેમાંથી ૨૯૧ કાર્યરત છે. સરકારનો લક્ષ્ય આ સાહસોને 'ફ્યુચર રેડી' બનાવીને દેશની આર્થિક વૃદ્ધિમાં તેમનો ફાળો વધારવાનો છે.

# AIનો ગેરઉપયોગ રોકવા ભારત ૩૦ થી વધુ દેશો સાથે વાટાઘાટો કરશે

## AIથી બનેલા ફોટા કે વિડિયો પર 'વોટરમાર્ક' અને 'લેબલિંગ' ફરજિયાત બનાવવાની તૈયારીમાં છે, જેથી લોકોને ખબર પડે કે કયું કન્ટેન્ટ સાચું અને કયું AI દ્વારા બનેલું છે

આજના ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેટલું વરદાનરૂપ છે, એટલું જ તે 'ડીપફેક' અને ખોટી માહિતી ફેલાવવાના જોખમો પણ સાથે લાવ્યું છે. જ્યારે ટેકનોલોજી લોકશાહીના પાયા અને માનવ સર્જનાત્મકતા પર પ્રહાર કરવા લાગે, ત્યારે માત્ર કાયદા જ નહીં પણ વૈશ્વિક એકતાની જરૂર પડે છે. ભારતના આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં સ્પષ્ટ કર્યું છે કે ભારત હવે માત્ર ટેકનોલોજીનો ઉપયોગ કરનાર દેશ નથી, પરંતુ તેને સુરક્ષિત બનાવવા માટે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યો છે.

૩૦ થી વધુ દેશો સાથેની આ ઐતિહાસિક ચર્ચા અને 'ક્રિએટ ઈન ઈન્ડિયા' જેવા મિશન દ્વારા ભારત એક એવી 'ઓરેન્જ ઈકોનોમી' તરફ ડગ માંડી રહ્યું છે, જ્યાં સર્જકોની મહેનત સુરક્ષિત હશે અને ટેકનોલોજી ભરોસાપાત્ર હશે. સરકાર હવે AI થી બનેલા ફોટા કે વિડિયો પર 'વોટરમાર્ક' અને 'લેબલિંગ' ફરજિયાત બનાવવાની તૈયારીમાં છે, જેથી લોકોને ખબર



પડે કે કયું કન્ટેન્ટ અસલી છે અને કયું AI દ્વારા બનાવેલું છે. 'ડીપફેક' અને ખોટી માહિતી લોકશાહી અને સામાજિક વિશ્વાસ પર હુમલો કરી રહી છે. જો કોઈ પ્લેટફોર્મ પર ખોટી માહિતી ફેલાય, તો તેની જવાબદારી માત્ર બનાવનારની જ નહીં, પણ તે પ્લેટફોર્મની પણ રહેશે.

આને રોકવાની જવાબદારી માત્ર સરકારની જ નહીં, પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને તેને બનાવનાર કંપનીઓની પણ છે. ભારત ટૂંક સમયમાં આ નવું મિશન શરૂ કરશે. જેનો હેતુ ભારતને દુનિયાનું ક્રિએટિવ હબ બનાવવાનો અને તેના દ્વારા રોજગારી વધારવાનો છે.

સર્જનાત્મક અને સાંસ્કૃતિક ઉદ્યોગોને વેગ આપીને આગામી ૨૫ વર્ષના આર્થિક વિકાસનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.ટેકનોલોજી આગળ વધે તે જરૂરી છે, પણ તે કોઈના હિતને નુકસાન ન પહોંચાડે અથવા ખોટો પ્રચાર ન ફેલાવે તે માટે વૈશ્વિક સ્તરે કડક નિયમો બનાવવા એ આ લેખનો મુખ્ય મુદ્દો છે.

# ભાડુઆતોને હવે 'ખાલી દીવાલો' નહીં પણ 'સજાવેલી મિલકતો'નું આકર્ષણ

## સ્થાયી મિલકતોમાં મૂડીરોકાણ અને ભાડાની આવક વચ્ચેનું અંતર વધ્યું

**અબતક રાજકોટ**

ભારતીય રિયલ એસ્ટેટ માર્કેટમાં અત્યારે એક મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. એક તરફ મિલકતોના ખરીદ-વેચાણના ભાવ આસમાને પહોંચી રહ્યા છે, તો બીજી તરફ ભાડાની આવક તેટલી ઝડપે વધી રહી નથી, જેના કારણે રોકાણ અને વળતર વચ્ચેનું અંતર સતત વધી રહ્યું છે. આ દરમિયાન, ભાડુઆતોની પસંદગીમાં પણ મોટો બદલાવ આવ્યો છે; હવે તેઓ માત્ર ચાર દીવાલો ધરાવતા ખાલી મકાનોને બદલે સુવિધાયુક્ત અને સજાવેલી મિલકતોને વધુ



પસંદ કરી રહ્યા છે.

મેજિકબ્રિક્સ રેન્ટલ ઈન્ડેક્સના તાજેતરના અહેવાલ મુજબ, દેશના મુખ્ય શહેરોમાં પ્રોપર્ટીની કિંમતોમાં વાર્ષિક ધોરણે મોટો ઉછાળો જોવા મળ્યો છે. છેલ્લા ક્વાર્ટરમાં મિલકતોના ભાવમાં ૨.૨ ટકા નો વધારો થયો છે, પરંતુ તેની સામે ભાડાની માંગમાં ૨.૪ ટકા નો ઘટાડો નોંધાયો છે.

આ સ્થિતિ દર્શાવે છે કે રોકાણકારો માટે હવે માત્ર ભાડાની આવક પર નિર્ભર રહેવું મુશ્કેલ બન્યું છે. મિલકતની કિંમતો એટલી ઝડપથી વધી રહી છે કે ભાડાનું વળતર તેટલું આકર્ષક રહ્યું નથી. જોકે, ચેન્નાઈ (૪.૧૬ ટકા) અને અમદાવાદ (૩.૯૮ ટકા) જેવા શહેરો હજુ પણ ભાડાની આવકની દ્રષ્ટિએ દેશમાં મોખરે છે.નિષ્ણાતોના મતે, રિયલ એસ્ટેટ માર્કેટ અત્યારે એક 'ડિસર્નિંગ' એટલે કે સમજી-વિચારીને ચાલનારા તબક્કામાં છે. રોકાણકારો હવે લાંબા ગાળાના મૂડી વધારા પર ધ્યાન આપી રહ્યા છે, જ્યારે ભાડુઆતો એવી મિલકતો પાછળ ખર્ચ કરવા તૈયાર છે જે તેમને તત્કાલ રહેવા માટેની તમામ સગવડ પૂરી પાડે છે.

**આજના સમયમાં ભાડુઆતો, ખાસ કરીને નોકરીયાત વર્ગ અને યુવા પરિવારો, એવા મકાનો શોધી રહ્યા છે જ્યાં તેમને પાયાની સજાવટ પહેલેથી મળેલી હોય. રિપોર્ટ અનુસાર**

- સેમી-ફર્નિશ્ડની માંગ: બજારમાં ઉપલબ્ધ કુલ મકાનોમાંથી ૫૫ ટકા અને માંગના ૫૪ ટકા હિસ્સો સેમી-ફર્નિશ્ડ મકાનોનો છે.
- સુવિધાને પ્રાધાન્ય: લોકો હવે ભાડે રહેવા માટે ખાલી મકાનોને બદલે એવા મકાનોને પ્રાધાન્ય આપે છે જેમાં કિચન કેબિનેટ્સ, વોર્ડરોબ અને પાયાની ઈલેક્ટ્રિકલ ફિટિંગ્સ પહેલેથી જ હોય.
- મધ્યમ કદના ઘરો: ૫૦૦ થી ૧૫૦૦ ચોરસ ફૂટના મકાનોની માંગ સૌથી વધુ એટલે કે ૭૮ ટકા જોવા મળી છે.

# હવે AI દવા બનાવવાનો સમય અને ખર્ચ બંનેમાં ફાયદો કરાવશે

## જો દવાઓ જલ્દી શોધાય અને તેના ખર્ચમાં ઘટાડો થાય, તો અંતે સામાન્ય દર્દીઓને નવી અને સસ્તી સારવારનો લાભ મળશે.

ભારતની દિગ્ગજ દવા કંપનીઓ જેવી કે સન ફાર્મા અને ગ્લેનમાર્ક હવે નવી દવાઓ શોધવા માટે AI નો સહારો લઈ રહી છે. અત્યાર સુધી આ કંપનીઓ માત્ર જૂની દવાઓની કોપી બનાવતી હતી, પણ હવે તેઓ પોતે જ નવી અને અદ્યતન દવાઓ શોધવા પર ધ્યાન આપી રહી છે. AIની મદદથી દવા બનાવવાનો ખર્ચ ઘટશે અને જે કામમાં વર્ષો લાગતા હતા તે હવે ઝડપથી પૂર્ણ થશે.

નવી દવા શોધવામાં અને તેના ટેસ્ટિંગમાં ઘણો સમય લાગે છે. AI ના ઉપયોગથી ડેટા એનાલિસિસ ઝડપી બનશે, જેથી દવા વહેલી બજારમાં આવશે. આખી દુનિયામાં



ફાર્મા કંપનીઓ AI પાછળ અબજો ડોલર ખર્ચી રહી છે. વર્ષ ૨૦૩૪ સુધીમાં આ રોકાણ વધીને ૧૬.૫ અબજ ડોલર સુધી પહોંચવાની શક્યતા છે. સન ફાર્માના દિલીપ સંઘવી અને ગ્લેનમાર્કના ગ્લેન સલ્દાન્હાનું માનવું છે કે AI દ્વારા દર્દીઓની ભરતી અને દવાના મોડેલિંગમાં મોટી ક્રાંતિ આવશે.

ગ્લેનમાર્કની પેટાકંપનીએ તાજેતરમાં જ બ્લડ કેન્સરની નવી દવા માટે અમેરિકન કંપની સાથે રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુનો મોટો સોદો કર્યો છે. ભારત હવે માત્ર 'દુનિયાની ફેક્ટરી' નથી રહ્યું, પણ ટેકનોલોજીના ઉપયોગથી 'નવી શોધ' કરનારું કેન્દ્ર બની રહ્યું છે. ફાર્મા સેક્ટરમાં આવનારા આ બદલાવથી કંપનીઓની આવક અને નફાકારકતામાં મોટો ઉછાળો આવી શકે છે. જો દવાઓ જલ્દી શોધાય અને તેના ખર્ચમાં ઘટાડો થાય, તો અંતે સામાન્ય દર્દીઓને નવી અને સસ્તી સારવારનો લાભ મળી શકે.

# ઓસ્ટ્રેલિયાની જેમ ૧૬ વર્ષથી નીચેના બાળકો માટે સોશિયલ મીડિયા પ્રતિબંધ યુકે હવે લગાવા જઈ રહ્યું છે

## ટેક કંપનીઓ નફા કરતા બાળકોની માનસિક અને શારીરિક સુરક્ષાને વધુ મહત્વ આપે અને AI જેવી નવી ટેકનોલોજીનો દુરુપયોગ અટકાવી શકાય

બ્રિટન સરકાર હવે બાળકોને ડિજિટલ દુનિયાના જોખમોથી બચાવવા માટે કડક મૂડમાં છે. ઓસ્ટ્રેલિયાની જેમ બ્રિટન પણ ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લાદવાની તૈયારી કરી રહ્યું છે. આ ફેરફારો આગામી થોડા મહિનાઓમાં જ અમલમાં આવી શકે છે. બ્રિટનના વડાપ્રધાન કીથ સ્ટારમરની સરકાર સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવા માટે ચર્ચા કરી રહી છે. સ્પેન, ગ્રીસ અને સ્લોવેનિયા જેવા દેશો પણ આ દિશામાં વિચારી રહ્યા છે.

અત્યાર સુધી AI ચેટબોટ્સ




જેમ કે ઓનલાઈન સેફ્ટી નિયમોમાંથી બચી જતા હતા. સરકારે જોયું કે બાળકો આ ચેટબોટ્સ સાથે એકલતામાં વાતો કરે છે અને તેનાથી તેમની સુરક્ષા જોખમાય છે. હવે આ ખામી બંધ કરવામાં આવશે. ગેમિંગ કન્સોલ પર અજાણ્યા લોકો સાથે વાત કરવા અને નગ્ન તસવીરો મોકલવા કે મેળવવા પર પણ રોક લગાવવા વિચારણા ચાલી રહી છે.

જો કોઈ દુર્ભાગ્યપૂર્ણ કિસ્સામાં બાળકનું મૃત્યુ થાય, તો તેના ઓનલાઈન ડેટાને સુરક્ષિત રાખવા માટેના કડક આદેશો પણ લાવવામાં આવશે જેથી તપાસમાં મદદ મળી શકે. સરકાર ઈચ્છે છે કે ટેક કંપનીઓ નફા કરતા બાળકોની માનસિક અને શારીરિક સુરક્ષાને વધુ મહત્વ આપે અને AI જેવી નવી ટેકનોલોજીનો દુરુપયોગ અટકાવી શકાય. ઓસ્ટ્રેલિયા બાદ હવે યુરોપના દેશો પણ બાળકો માટે સોશિયલ મીડિયા બંધ કરી રહ્યા છે. આ એક ગ્લોબલ બદલાવ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ખોટી અને અશ્લીલ તસવીરો બનવી એ ગંભીર ચિંતાનો વિષય છે.

# ટીવી અને વેબ સિરીઝ પરથી બનતી ફિલ્મો બોક્સ ઓફિસ પર કેમ નિષ્ફળ જાય છે?

## સપ્ટેમ્બરમાં રિલીઝ થનારી વેબ સિરીઝ 'મિર્ઝાપુર' પર આધારિત 'મિર્ઝાપુર: ધ મૂવી' ની સફળતા પર સવાલો

**અબતક રાજકોટ**

સફળ ટીવી શો કે વેબ સિરીઝને મોટા પડદે લાવવાનો ટ્રેન્ડ ભારત માટે નવો નથી, પરંતુ તાજેતરના આંકડા દર્શાવે છે કે દર્શકો તેને ખાસ પસંદ કરી રહ્યા નથી. આ વર્ષે સપ્ટેમ્બરમાં એક્સેલ એન્ટરટેઈનમેન્ટ તેની લોકપ્રિય વેબ સિરીઝ 'મિર્ઝાપુર' પર આધારિત 'મિર્ઝાપુર: ધ મૂવી' રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે નિષ્ણાતો આ ટ્રેન્ડની સફળતા પર સવાલો ઉઠાવી રહ્યા છે.

પશ્ચિમી દેશોમાં 'મિશન ઈમ્પોસિબલ' કે 'સ્ટાર ટ્રેક' જેવી ફિલ્મોએ ટીવીમાંથી આવીને મોટા પડદે ધૂમ મચાવી છે, પરંતુ



ભારતમાં ચિત્ર અલગ છે:ભાભીજી ઘર પર હૈ - ફન ઓન ધ રન: ₹૧૦ કરોડના બજેટ સામે આ ફિલ્મ માંડ ₹૨ કરોડ જ કમાઈ શકી. ખિચડી ૨: જે વર્ષ ૨૦૨૩ માં આવેલી આ ફિલ્મને પણ ધાર્યો પ્રતિસાદ મળ્યો નથી. 'ઓફિસ ઓફિસ' અને 'છોટા ભીમ' (લાઈવ એક્શન) જેવી ફિલ્મો પણ બોક્સ ઓફિસ પર જાદુ ચલાવી શકી નથી.

ફિલ્મ વિશ્લેષકો અને નિર્માતાઓના મતે આ નિષ્ફળતા પાછળના મુખ્ય કારણોમા કાર્મિક ફિલ્મ્સના સુનીલ વાધવા જણાવે છે કે, જો ફિલ્મ કોઈ સિરીઝના 'લંબાયેલા એપિસોડ' જેવી લાગે, તો લોકો થિયેટર સુધી આવવાને બદલે ઘરે બેસીને જોવાનું પસંદ કરે છે. મોટા પડદા માટે જે ભવ્યતા અને સ્કેલ જોઈએ, તે અહીં જોવા મળતો નથી. યંત્ર ફિલ્મ્સના અંજલિ ભૂષણના જણાવ્યા મુજબ, નિર્માતાઓ માર્કેટ રિસર્ચ અને ટાર્ગેટ ઓડિયન્સને સમજવામાં થાપ ખાઈ જાય છે. માત્ર જૂની યાદો (નોસ્ટાલ્જીયા) ને આધારે ફિલ્મ હિટ થઈ શકતી નથી ઘણા નિર્માતાઓ માને છે કે શોની લોકપ્રિયતાને કારણે માર્કેટિંગ ખર્ચ ઓછો થશે, તેથી તેઓ ઓછા રોકાણમાં પ્રયોગ કરવા ખાતર ફિલ્મ બનાવે છે, જે ગુણવત્તામાં નબળી રહે છે.

# જિલ્લા પંચાયતની કારોબારી બેઠકમાં વિકાસલક્ષી નિર્ણયોઃ ૩૦.૫૫ કરોડના ૪૦ કામો મંજૂર



## રૂ.૧૧૯૩.૬૮ કરોડનું અંદાજપત્ર રજૂ ગ્રામ્ય વિકાસને નવી દિશા



### ગ્રામ્ય વિસ્તારોમાં બાળકોના વિકાસ અને આરોગ્ય સુધારણા માટે મહત્વપૂર્ણ પગલું

જિલ્લા પંચાયત દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના આયોજન હેઠળ શિક્ષણ, આરોગ્ય અને પોષણ ક્ષેત્રે કુલ રૂ. ૭૫ લાખની ફાળવણી કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો અને કિશોરીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શિક્ષણ ક્ષેત્રે વિમુક્ત જાતિની દીકરીઓને શિક્ષણ સહાય માટે રૂ. ૨૦ લાખ અને વિજ્ઞાન મેળા તેમજ નવી ટેકનોલોજી તાલીમ માટે રૂ. ૭ લાખ ફાળવવામાં આવ્યા છે.આરોગ્ય સેવાઓ મજબૂત બનાવવા આરોગ્ય સાધન સામગ્રી માટે રૂ. ૧૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે. પોષણ ક્ષેત્રે કુપોષણ નિવારણ માટે પોષણ આહાર યોજનામાં રૂ. ૧૦ લાખ અને આંગણવાડી માળખાકીય સુવિધા સુધારણા માટે રૂ. ૨૦ લાખ ફાળવવામાં આવ્યા છે.આ ફાળવણીથી ગ્રામ્ય વિસ્તારોમાં બાળકોના પોષણ સ્તર સુધારવા, આરોગ્ય સુવિધાઓ સશક્ત બનાવવા અને શિક્ષણને પ્રોત્સાહન આપવા મદદ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.







**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની ખાસ બેઠકમાં વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલ અને વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રને મંજૂરી આપવામાં આવી છે. કુલ રૂ. ૧,૧૯૩.૬૮ કરોડના અંદાજપત્રમાં આરોગ્ય, શિક્ષણ, પ્રાકૃતિક ખેતી, પોષણ અને દેશની સુરક્ષા ક્ષેત્રમાં વિશેષ ફાળવણી કરવામાં આવી છે.

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે વેચાણ કેન્દ્રો માટે રૂ. ૬૦ લાખ ફાળવવામાં આવ્યા છે, જ્યારે વિકાસ કામો માટે રૂ. ૧૨.૬૦ કરોડની યોજના કરવામાં આવી છે. શહિદ સૈનિકના પરિવારોને સહાય રૂ. ૧ લાખ સુધી ફાળવવામાં આવી છે અને જિલ્લા પંચાયતના કર્મચારીઓ માટે અવસાન પર સહાય રૂ. ૧ લાખ સુધી વધારવામાં આવી છે. વિચરતી વિમુક્તિ જાતિના દીકરીઓ માટે શિક્ષણ સહાય રૂ. ૨૦ લાખ ફાળવવામાં આવી છે.

પ્રાથમિક શાળાઓમાં વિજ્ઞાન મેળા, આધુનિક ટેકનોલોજી અને રોબોટિક્સ માટે પ્રશિક્ષણ અને વિજ્ઞાન જાગૃતિ માટે રૂ. ૭ લાખ ફાળવાયા છે. કુપોષિત બાળકોને પોષણક્ષમ અને પ્રોટીનયુક્ત આહાર માટે વિભાગને રૂ. ૧૦ લાખ ફાળવાયા છે. આરોગ્યલક્ષી સાધનો, સર્જીકલ સાધનો અને ફોગીંગ મશીન ખરીદવા માટે રૂ. ૧૮ લાખ ફાળવાયા છે. આંગણવાડીમાં આંતર માળખાકીય સુવિધા અને બ્યુટીફિકેશન માટે રૂ. ૨૦ લાખ ફાળવાયા છે.

બાંધકામ શાખામાં કુલ ૨૬ ટેન્ડર, જેમાં ૧૫ આંગણવાડી બિલ્ડિંગ, ૯૬ ગ્રામ પંચાયત ઓફિસ બિલ્ડિંગ અને ૨ માર્ગના કામોનો સમાવેશ થાય છે. સિંચાઈ શાખામાં કુલ ૪ કામો માટે રૂ. ૧.૫૩ કરોડ અને વહીવટી કામો માટે રૂ. ૬.૧૪ કરોડ ફાળવાયા છે. સામાજિક કલ્યાણના એક કામ માટે રૂ. ૨.૨૬ લાખ ફાળવાયા છે.

અધ્યક્ષ પી.જી. કયાડાએ જણાવ્યું કે આ ફાળવણી આરોગ્ય, શિક્ષણ, પ્રાકૃતિક ખેતી અને ગ્રામ્ય વિકાસ માટે મુખ્ય પ્રાથમિકતા ધરાવે છે. કુલ ૪૦ કામો માટે રૂ. ૩૦.૫૫ કરોડના ટેન્ડર, વહીવટી અને ખર્ચની મંજૂરીથી રાજકોટ જિલ્લામાં વિકાસને નવી ગતિ મળશે.

### પાણી સંરક્ષણ અને ખેતી પ્રોત્સાહન માટે ખાસ ફાળવણી

રાજકોટ જિલ્લામાં પાણી સંરક્ષણ અને ખેતી પ્રોત્સાહનના ક્ષેત્રે મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયત દ્વારા તળાવો ઊંડા કરવાના કામો માટે રૂ. ૩૫ લાખ ફાળવાયા છે, જ્યારે બંધારાની નહેરોની દેખરેખ તથા મરામત માટે રૂ. ૪૦ લાખની મંજૂરી આપવામાં આવી છે. ગામડા અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણી સંગ્રહ યોજનાઓ માટે પણ રૂ. ૩૫ લાખ ફાળવણી કરવામાં આવી છે, તેમજ ફ્લડ પ્રોટેક્ટીવ વોલના નિર્માણ માટે રૂ. ૫૮.૧૩ લાખ ફાળવાયા છે. કુલ પાણી સંરક્ષણ માટે રૂ. ૧,૬૮.૧૩ લાખના ખર્ચનો નિર્ધારણ કરવામાં આવ્યો છે, જેનાથી ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની કમી પર મેળવવામાં મદદ મળશે અને પૂર સંગ્રહ સુવિધાઓ મજબૂત થશે.

ખેતી પ્રોત્સાહન માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે વેચાણ કેન્દ્રો સ્થાપવા માટે રૂ. ૬૦ લાખ ફાળવાયા છે, જેનાથી ખેડૂતોએ વધુ લાભ મળશે અને પરંપરાગત ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન મળશે. આ કામગીરીથી પાણી અને કૃષિ ક્ષેત્રે સજીવ વિકાસ માટે મજબૂત આધાર મળી રહેશે.

# ઉર્જા સંરક્ષણ ક્ષેત્રે રાજકોટ રેલવે ડિવિઝનના નવા કીર્તિમાન

## સૂર્ય ઉર્જાના સંપૂર્ણ વપરાશના અભિગમ સાથે રેલવે ડિવિઝનની પાંચ ઈમારતોમાં સૂર્ય ઉર્જા આધારિત વીજ વ્યવસ્થાથી વીજળી ખર્ચ ઉપરાંત કાર્બન ઉત્સર્જન પર નિયંત્રણના બેવડા લાભની રાજકોટ રેલ્વેએ તમામ વિભાગોને નવી દિશા બતાવી



**અબતક, રાજકોટ**

આત્મ નિર્ભર ભારત માટે ઉર્જા ક્ષેત્ર મહત્વનું બની રહ્યું છે, દેશમાં વધુમાં વધુ વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતો ના વિકાસની અનિવાર્યતા વચ્ચે સૂર્ય ઉર્જા ના વપરાશ વધારવાની દિશામાં ખાસ ધ્યાન આપવામાં આવી રહી છે ત્યારે રાજકોટ પશ્ચિમ રેલવે ડિવિઝને અલગ અલગ જગ્યાએ પાંચ ઈમારતો માં સંપૂર્ણપણે સોલાર એનર્જી ની વ્યવસ્થા કરી આખે આખા સંકુલો માં સૂર્ય ઉર્જા સંચાલન નું કીર્તિમાન સ્થપાયું છે સૂર્ય ઉર્જાથી વીજળી ખર્ચ બચત ઉપરાંત પર્યાવરણ જાળવણીમાં પણ યોગદાન બની રહેશે. રાજકોટ ડિવિઝન ની પાંચ ઈમારતો માં સંપૂર્ણપણે સૂર્ય ઊર્જાના સંચાલનથી બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી ના બી ઈ ઈ દ્વારા આપવામાં આવતા શૂન્ય પ્લસ અને શૂન્ય પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા છે

આ બંને પ્રમાણપત્ર વીજ વપરાશમાં કાર્બન ઉત્સર્જન માં સતત ઘટાડો અને પર્યાવરણ સરક્ષણ માટે આપવામાં આવે છે રાજકોટ ડિવિઝન ના પાંચ સંકુલોમાં સંપૂર્ણપણે સૂર્ય ઉર્જા ના કારણે વિધુત ખર્ચની સાથે સાથે પર્યાવરણ જાળવણી અને કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. રાજકોટ રેલવે ડિવિઝનના પ્રબંધક ગિરિરાજકુમાર ના માર્ગદર્શન હેઠળ વિદ્યુત ઈજનેર પાવર રજનીબેન યાદવ અને તેમની ટીમ ના પ્રયાસોથી પાંચ બિલ્ડીંગોમાં સંપૂર્ણપણે સૂર્ય આધારિત વીજ વ્યવસ્થા ગોઠવાઈ છે આ પાંચ ઈમારતોમાં પંખાઓ એલઈડી રાઈટીંગ અને હાય સ્ટાર રેટેડ વિધુત ઉપકરણો નો ઉપયોગ કરવામાં આવ્યો છે રૂફટોપ સોલર ઉર્જા પ્લાન્ટ દ્વારા સોલાર વોટર હીટર સહિતની તમામ વસ્તુઓ સૂર્ય ઉર્જાથી ચલાવવામાં આવે છે સૂર્યપ્રકાશ ની વ્યવસ્થાના અસરકારક અને સ્વયં સંચાલિત નિયંત્રણ માટે ટાઈમર ની વ્યવસ્થા કરવામાં આવી છે અને નિયંત્રણ પ્રણાલી પ્રાકૃતિક ધોરણે સૂર્યોદય અનુસાર લાઈટિંગ આપમેળે શરૂ થઈ જાય છે આ ઉપરાંત સ્માર્ટ ઉર્જા કંટ્રોલ પેનલ અને પ્રાકૃતિક રીતે કુદરતી હવા ઉજાસની વ્યવસ્થા કરવામાં આવી છે તેનાથી વીજળીના વપરાશમાં નોંધપાત્રો ઘટાડો થયો છે આ નવી પહેલના કારણે ઉર્જા વપરાશમાં વધારો થયો છે અને આચાર્ય ઈમારતોને બી ઈ દ્વારા નિર્ધારિત કરેલ ઉર્જા બચત ના ધોરણો પ્રાપ્ત થયા છે.

રાજકોટ ડિવિઝન ની પાંચ ઈમારતો જે સંપૂર્ણપણે સૂર્ય ઉર્જા આધારિત સંચાલિત છે તેમાં ઓ એચ ઈ અને પી એસ આઈ ડેપો વાંકાનેર હાપા અને રાજકોટમાં તાલીમ કેન્દ્ર અને હોસ્ટેલ બિલ્ડીંગ ઉપરાંત મોરબી અને હાપા સબ સ્ટેશન માં સંપૂર્ણ સૂર્ય ઉર્જા આધારિત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે આ સિદ્ધિથી માત્ર ઉર્જા વપરાશમાં જ ઘટાડો થયો નથી પરંતુ રેલવેમાં સ્વચ્છ ઊર્જા ના વપરાશની નવી પ્રણાલી ઊભી થઈ છે રાજકોટ ડિવિઝનના આ ફરિયાદથી ભારતીય રેલ્વેની ગ્રીન અને ટકાવ પરિવહન ની પરિકલ્પના સાકાર થઈ છે.

# સમય બદલાયો, સંજોગો બદલાયાઃ હવે લગ્નની ઉંમર ૨૯ વર્ષ થઈ રહી છે

**લગ્ન એ જીવનની 'શરૂઆત' કરવા માટેનું પગથિયું નથી, પરંતુ જીવનના પાયા મજબૂત કર્યા પછી લેવામાં આવતો એક 'સમજદારીપૂર્વકનો નિર્ણય' બની રહ્યો છે.**

### લગ્ન વ્યવસ્થામાં મુખ્ય પાંચ ફેરફારો

- જ્ઞાતિવાદમાં ઘટાડો જ્ઞાતિનો આગ્રહ રાખનારા લોકો ૯૧% થી ઘટીને ૫૪% થઈ ગયા છે. હવે જ્ઞાતિ કરતા સ્વભાવ અને વિચારોના મિલનને વધુ મહત્વ અપાય છે.
- લગ્નની ઉંમરમાં વધારો કરિયર અને આર્થિક સ્થિરતાને કારણે જીવનસાથીની શોધ હવે ૨૭ને બદલે ૨૯ વર્ષની વયે શરૂ થાય છે.
- હાઈબ્રિડ એરેન્જડ મેરેજ ૭૭% યુવાનો પોતાની પ્રોફાઈલ જાતે હેન્ડલ કરે છે. પાત્રની પસંદગી યુવાનો કરે છે, જ્યારે પરિવાર માત્ર સલાહકાર કે માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે.
- પુનઃલગ્નનો સ્વીકાર બીજા લગ્નનું પ્રમાણ વધ્યું છે (૧૬%). હવે કુંવારા યુવક-યુવતીઓ પણ છૂટાછેડા લીધેલ વ્યક્તિ સાથે લગ્ન કરવા માટે માનસિક રીતે તૈયાર છે.
- આર્થિક ભાગીદારી માત્ર ૮% લોકો જ 'એકલી વ્યક્તિની કમાણી' માં માને છે. ૮૭% પુરુષો પત્ની વધુ કમાતી હોય તો પણ લગ્ન કરવા માટે સહમત છે.


**અબતક, રાજકોટ**


ભારતીય સમાજમાં લગ્ન એ માત્ર બે વ્યક્તિઓનું મિલન નથી, પરંતુ એક અતૂટ સામાજિક પરંપરા રહી છે. જોકે, છેલ્લા એક દાયકામાં આ પરંપરાના સુવર્ણ પૃષ્ઠો પર આધુનિકતાની નવી શાહીથી ફેરફારો લખાઈ રહ્યા છે. એક સમય હતો જ્યારે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમર વટાવતા જ પરિવારમાં લગ્નની શરણાઈઓ ગુંજવા લાગતી હતી, પરંતુ બદલાતા સમય અને સંજોગોએ આ ગણિત બદલી નાખ્યું છે.

તાજેતરના સર્વેક્ષણો અને 'જીવનસાથી' જેવા મેટ્રિમોનિયલ પ્લેટફોર્મના આંકડા દર્શાવે છે કે હવે ભારતીય યુવાનો લગ્ન માટે ઉતાવળ કરવાને બદલે 'પરિપક્વતા' ને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે. લગ્ન માટેની સરેરાશ ઉંમર હવે ૨૭ થી વધીને ૨૯ વર્ષ પર પહોંચી છે. આ ફેરફાર પાછળ માત્ર ઉંમરનો આંકડો નથી, પરંતુ તેની પાછળ લાંબુ શિક્ષણ, કરિયરમાં સ્થિર થવાની ઘેલછા, વધતી જતી આર્થિક જવાબદારીઓ અને જીવનસાથીની પસંદગીમાં વધી રહેલી સભાનતા જવાબદાર છે.


આજે લગ્ન એ જીવનની 'શરૂઆત' કરવા માટેનું પગથિયું નથી, પરંતુ જીવનના પાયા મજબૂત કર્યા પછી લેવામાં આવતો એક 'સમજદારીપૂર્વકનો નિર્ણય' બની રહ્યો છે. જ્ઞાતિના બંધનો નબળા પડી રહ્યા છે અને આર્થિક સદ્ધરતાની સાથે ભાવનાત્મક જોડાણને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે. ટૂંકમાં, ભારતીય લગ્ન વ્યવસ્થા હવે પરંપરાગત ઢાંચામાંથી બહાર નીકળીને 'સેલ્ફ-લેડ' (પોતાની મરજીથી ચાલતી) અને વધુ પ્રાયોગિક બની રહી છે.

અંદાજે ૯૦% યુવાનો માને છે કે લગ્ન માટે કોઈ ચોક્કસ ઉંમર કે આવક કરતા "સાચું પાત્ર" મળવું વધુ મહત્વનું છે.





ભલે યુવાનો પોતે જીવનસાથી પસંદ કરી રહ્યા હોય, પણ હજુ પણ ૬૯% યુવાનો લગ્ન પ્રક્રિયામાં માતા-પિતાના માર્ગદર્શનને મહત્વ આપે છે.



હવે માત્ર પતિ જ કમાતો હોવો જોઈએ તેવો આગ્રહ ઘટ્યો છે. માત્ર ૮% લોકો જ માને છે કે ઘરમાં એક જ વ્યક્તિ કમાતી હોવી જોઈએ.



એકવાર યોગ્ય પાત્ર મળી જાય પછી યુવાનો વધુ રાહ જોવા માંગતા નથી. ૭૮% યુવાનો પાત્ર મળ્યાના ૬ મહિનાની અંદર લગ્ન કરી લેવાની ઈચ્છા ધરાવે છે.

## સ્પોર્ટ્સ અબતક

# ઝિમ્બાબ્વે-આયર્લેન્ડની મેચ ટીર૦ વર્લ્ડકપમાં મોટા ઉલટફેર સર્જશે?



## ઓસ્ટ્રેલિયાનું ટીર૦ વર્લ્ડકપમાંથી બહાર થવું લગભગ કન્ફર્મ: સિકંદર રઝાની કેપ્ટનશીપ હેઠળ ઝિમ્બાબ્વેએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, ઓમાનને હરાવ્યા પછી, તેમણે ઓસ્ટ્રેલિયાને હરાવીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા

અબતક, રાજકોટ

આ વર્ષે ક્રિકેટ ટીર૦ વર્લ્ડકપમાં મોટા ઉલટફેર જોવા મળી રહ્યા છે. ઑસ્ટ્રેલિયાએ ગઈકાલે વધુ એક મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. આ સાથે જ આ ટીમ પર હવે ટુર્નામેન્ટથી બહાર થવાનો ખતરો વધી ગયો છે. વર્લ્ડ કપની સૌથી મહત્વપૂર્ણ મેચોમાંની એકમાં આજે આયર્લેન્ડ અને ઝિમ્બાબ્વે વચ્ચે રોમાંચક મુકાબલો ચાલી રહ્યો છે. આ મેચ સુપર ૮ માં ક્વોલિફાય થવાની બંને ટીમોની શક્યતા નક્કી કરી શકે છે. આયર્લેન્ડે બહાર થવાથી બચવા માટે જીતવું પડશે, જ્યારે બે પોઈન્ટ સુપર ૮ માં ઝિમ્બાબ્વેનું સ્થાન લગભગ સુનિશ્ચિત કરશે. આ મેચમાં ઓસ્ટ્રેલિયા સૌથી વધુ નજીકથી જોવામાં આવતી ટીમ હશે. જો ઝિમ્બાબ્વે આજે જીતે છે, તો કાંગારૂઓ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જશે.

સિકંદર રઝાની કેપ્ટનશીપ હેઠળ ઝિમ્બાબ્વેએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. ઓમાનને હરાવ્યા પછી, તેમણે ઓસ્ટ્રેલિયાને હરાવીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. જો તેઓ તેમની બાકીની બે મેચમાંથી એક જીતી જાય, તો તેઓ સુપર ૮ માં આગળ વધી શકે છે. આયર્લેન્ડ સામેની જીત આગામી રાઉન્ડમાં ઝિમ્બાબ્વેનું સ્થાન સુરક્ષિત કરી શકે છે.

### સુપર ૮ ના ગ્રુપ ૧ ની સ્થિતિ

ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ના સુપર ૮ ના ગ્રુપ ૧ માં વેસ્ટ ઈન્ડિઝ, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા/ઝિમ્બાબ્વેનો સમાવેશ થશે. વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાએ અત્યાર સુધીની ત્રણેય મેચ જીતીને આગામી રાઉન્ડમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું છે, જ્યારે આ ગ્રુપમાં ચોથી ટીમ હજુ સુધી નક્કી થઈ નથી.આઈસીસી દ્વારા ગ્રુપનો નિર્ણય પહેલાથી જ લેવામાં આવ્યો હતો, એટલે કે ટેબલમાં પ્રથમ કે બીજા ક્રમે રહેલી ટીમને ધ્યાનમાં લીધા વિના, દરેક ટીમ પૂર્વનિર્ધારિત ગ્રુપમાં ડ્રો કરવામાં આવશે. ઓસ્ટ્રેલિયા અને ઝિમ્બાબ્વે બંને ગ્રુપ બી માં છે અને ક્વોલિફિકેશન માટે સ્પર્ધામાં છે, પરંતુ શ્રીલંકા સામે ઓસ્ટ્રેલિયાની હાર બાદ, આગામી રાઉન્ડમાં પ્રગતિ અશક્ય લાગે છે. ઓસ્ટ્રેલિયાએ એક મેચ જીતી છે અને બે હારી છે, જ્યારે ઝિમ્બાબ્વેએ અત્યાર સુધી બંને મેચ જીતી છે.

### ભારતનો સુપર ૮ શિડ્યૂલ અને વેન્યૂ

૧. ભારત વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા - ૨૨ ફેબ્રુઆરી - અમદાવાદ
૨. ભારત વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા/ઝિમ્બાબ્વે - ૨૬ ફેબ્રુઆરી - ચેન્નાઈ
૩. ભારત વિરુદ્ધ વેસ્ટ ઈન્ડિઝ - ૧ માર્ચ - કોલકાતા

### પાકિસ્તાન પર લટકતી તલવાર: નામિબિયા સામે કાલે હારે તો સુપર ૮ ગ્રુપબીમાં પણ ઉલટફેર

ટુર્નામેન્ટમાં લીગ સ્ટેજમાં જ નેપાળ, ઓમાન અને નામીબિયાની સફર સમાપ્ત થઈ ગઈ છે. ભારત સામે પરાજય બાદ પાકિસ્તાનની સ્થિતિ પણ સારી નથી. તે ગ્રુપ-એમાં ત્રીજા સ્થાન પર છે. જો હવે છેલ્લી લીગ મેચમાં પણ જીત ન મળી તો પાકિસ્તાન પણ ટુર્નામેન્ટથી બહાર થઈ શકે છે.



આ મેચ પલ્લેકેલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. પલ્લેકેલેમાં હવામાનની આગાહી બહુ સારી નથી. મેચ દરમિયાન વરસાદની શક્યતા છે. તાપમાન ૨૦ થી ૨૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની ધારણા છે, ભેજ ૭૫ ટકાથી વધુ રહેશે. જો વરસાદને કારણે આ મેચ રદ કરવામાં આવે છે, તો ઝિમ્બાબ્વેને એક પોઈન્ટ મળશે. આ સ્થિતિમાં, તેઓ શ્રીલંકા સામેની આગામી મેચ હારી જાય તો પણ સુપર ૮માં આગળ વધશે. વરસાદ પડેલી મેચ ઝિમ્બાબ્વેના પાંચ પોઈન્ટ રહેશે, જ્યારે ઓસ્ટ્રેલિયા અંતિમ મેચ જીતી જાય તો પણ ફક્ત ચાર પોઈન્ટ સુધી પહોંચી શકશે.

# નિશંકાની શાનદાર સદીથી ઓસ્ટ્રેલિયાને ૮ વિકેટે હરાવી શ્રીલંકાનો સુપર-૮માં ધમાકેદાર પ્રવેશ



કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમે ઓપનર કુશલ પરેરાની

## પહેલા બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયા ૧૮૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું, જેના જવાબમાં શ્રીલંકાએ ૧૮ ઓવરમાં ૧૮૪ રન બનાવીને મેચ જીતી લીધી

**અબતક, રાજકોટ**

શ્રીલંકાએ ઓપનર પથુમ નિશંકાની તોફાની સદી અને કુસલ મેન્ડિસની અર્ધી સદીની મદદથી ઓસ્ટ્રેલિયાને ૮ વિકેટે પરાજય આપી સુપર ૮ સ્થાન મેળવી લીધું છે. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતાં નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૦ વિકેટ ગુમાવી ૧૮૧ રન બનાવ્યા હતા. જેના જવાબમાં શ્રીલંકાની ટીમે ઓપનર પથુમ નિશંકાના અણનમ ૧૦૦ રન અને કુસલ મેન્ડિસના ૫૧ રનની મદદથી ૧૮ ઓવરમાં ૧૮૨ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. ઓસ્ટ્રેલિયાની આ સતત બીજી હાર છે. આ અગાઉની મેચમાં ઝિમ્બાબ્વે સામે પણ પરાજય થયો હતો. હવે ઓસ્ટ્રેલિયાને ઓમાન સામે રમવાનું છે. આ મેચ જીતે તો પણ તેણે આજે મંગળવારે ઝિમ્બાબ્વે અને આયરલેન્ડ વચ્ચેની મેચ પર મદાર રાખવો પડશે. જો આ મેચ ઝિમ્બાબ્વે જીતી જાય તો તે છ પોઈન્ટ સાથે સુપર ૮માં ક્વોલિફાઈ કરી લેશે અને ઓસ્ટ્રેલિયા ગ્રુપ સ્ટેજમાંથી જ બહાર થઈ જશે. ઓસ્ટ્રેલિયાને અંતિમ આઠમાં પહોંચવા માટે ઝિમ્બાબ્વે પોતાની બાકીની બંને મેચ હારી જાય અને ઓસ્ટ્રેલિયા ઓમાન સામે ઊંચા રનરેટથી મેચ જીતી પોતાનો રનરેટ સુધારે તો અંતિમ આઠમાં પહોંચવાની શક્યતા છે. ઝિમ્બાબ્વેને પોતાની છેલ્લી બે મેચ આયરલેન્ડ અને શ્રીલંકા સામે રમવાની છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમના ઓપનર મિચેલ માર્શ અને ટ્રેવિસ હેડે ટીમને તોફાની શરૂઆત અપાવી હતી.મેચની ત્રીજી જ ઓવરમાં શ્રીલંકાના ઝડપી બોલર મથીશા પથિરાનાના સ્નાયુઓ ખેંચાઈ જતાં બહાર જતો રહ્યો હતો. ઓસ્ટ્રેલિયન ઓપનરોએ પાવર પ્લેનો ભરપુર ફાયદો ઉઠાવતાં વિના વિકેટે ૬૦ રને સ્કોર પહોંચાડી દીધો હતો. માર્શ અને હેડ બંનેએ આ દરમિયાન પોતાની અર્ધી સદી પૂર્ણ કરી ટીમનો સ્કોર ૧૦૦ રનની પાર પહોંચાડી દીધો હતો. સ્પિનર દશુન હેમંથાએ નવમી ઓવરમાં પ્રથમ સફળતા અપાવતાં ટ્રેવિસ હેડને કામિંદુ મેન્ડિસના હાથે કેચ કરાવી પેવેલિયન મોકલ્યો હતો. ત્રીજા નંબરે આવેલા કેમરૂન ગ્રીન માત્ર ૩ રન બનાવી આઉટ થયો હતો જ્યારે મિચેલ માર્શ પણ ૨૭ બોલમાં ૫૪ રન બનાવી હેમંથાની ઓવરમાં એલબીડબલ્યુ થયો હતો. ટીમ ડેવિડ પણ માત્ર છ રન બનાવી આઉટ થતાં ૧૩૦ રનના સ્કોરે ચોથી વિકેટ ગુમાવી દીધી હતી. મેક્સવેલ અને જોશ ઈંગ્લિશે ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. બંને વચ્ચે પાંચમી વિકેટ માટે ૩૦ રનની ભાગીદારી નોંધાઈ હતી. અંતિમ ઓવરોમાં બંને ઘાતક સાબિત થાય તે પહેલાં મેક્સવેલને હેમંથાએ અને જોશ ઈંગ્લિશને ચમીરાએ આઉટ કરી ઓસ્ટ્રેલિયાને બેકફૂટ પર ધકેલી દીધું હતું. જોશ ઈંગ્લિશ ૧૭૪ રનના સ્કોરે આઉટ થયા બાદ બાકીની ચાર વિકેટ ચાર રનમાં ગુમાવી દીધી હતી. શ્રીલંકા તરફથી દશુન હેમંથાએ ૪ ઓવરમાં ૩૭ રન આપી ૩ વિકેટ ઝડપી હતી જ્યારે દુશમંથા ચમીરાએ ૪ ઓવરમાં ૩૮ રન આપી બે વિકેટ મેળવી હતી. ૧૮૨ રનના લક્ષ્યાંકનો પીછો વિકેટ બીજી ઓવરમાં જ ગુમાવી દીધી હતી. જોકે, પથુમ નિશંકા અને કુસલ મેન્ડિસે ઓસ્ટ્રેલિયાન બોલરોને હંફાવતાં છ ઓવરમાં ટીમનો સ્કોર ૬૧ રને પહોંચાડી દીધો હતો. બંનેએ ઓસ્ટ્રેલિયન બોલરોને મચક આપ્યા વિના ટીમનો સ્કોર ૧૦૦ રનની પાર પહોંચાડ્યો હતો. ૧૦૫ રનના સ્કોરે મેન્ડિસ અંગત ૫૧ રન બનાવી આઉટ થયા બાદ પથુમ નિશંકા અને પવન રથનાયકેએ ત્રીજી વિકેટ માટે અણનમ ૭૯ રનની ભાગીદારી નોંધાવી ટીમને ૧૮મી ઓવરમાં વિજય અપાવ્યો હતો.

### પથુમ નિસાંકાના ૫૨ બોલમાં અણનમ ૧૦૦ રન

ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાને બીજી ઓવરમાં જ ઝટકો લાગ્યો જ્યારે કુસલ પરેરા માત્ર ૧ રન બનાવીને આઉટ થઈ ગયો. પરંતુ પથુમ નિસાંકાએ પોતાની તાકાત જાળવી રાખી અને શાનદાર સદી ફટકારીને શ્રીલંકાને જીત અપાવી.પથુમ નિસાંકાએ ૫૨ બોલમાં ૧૦૦ રનની શાનદાર ઈનિંગ રમી, જેમાં ૧૦ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકાર્યા છે. કુસલ મેન્ડિસે પણ ૩૮ બોલમાં ૫૧ રન બનાવ્યા, જેમાં ૬ ચોગ્ગા અને ૧ છગ્ગા ફટકાર્યા છે. પથુમ નિસાંકાની સદીના આધારે શ્રીલંકાએ ૧૮ ઓવરમાં ૧૮૪ રન બનાવીને મેચ જીતી લીધી.



# પાકિસ્તાન સામેની મેચમાં ડરનું કોઈ સ્થાન જ નહોતું: ઈશાન કિશન

## પાકિસ્તાનના કોચ માઈક હેસનએ પણ કબૂલ્યું કે ઈશાનની તુફાની બેટિંગે જ મેચ તેમની પાસેથી છીનવી લીધી

**અબતક, રાજકોટ**

આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચમાં ભારતે ભવ્ય વિજય મેળવ્યો હતો. ભારતે પાકિસ્તાનને ૬૧ રનથી હરાવીને આ મેચમાં ધમાકેદાર પ્રદર્શન કર્યું હતું.મેચના મુખ્ય હીરો બન્યા ભારતીય ઓપનર અને વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન રહ્યા. તેમણે માત્ર ૪૦ બોલમાં ૭૭ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી, જેમાં ૧૦ ચોગ્ગા અને ૩ છગ્ગાનો સમાવેશ થતો હતો. આ પિચ સ્પિનરોને મદદ કરતી હતી અને બેટ્સમેનો માટે મુશ્કેલ હતી, પરંતુ ઈશાને તેને પોતાના પ્રદર્શનથી બદલી નાખી.

મેચ પછી પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ મેળવનાર ઈશાન કિશને એક બોલ્ડ અને આત્મવિશ્વાસથી ભરપૂર નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, પાકિસ્તાન સામે કોઈ પેનિક નહોતી. તેમણે જણાવ્યું કે તેઓએ આ મેચને કોઈ સામાન્ય મેચની જેમ જ જોઈ હતી. તેમણે બોલને નજીકથી જોવા, પિચને સમજવા અને પોતાની નેચરલ ગેમ પર ભરોસો રાખવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

ઈશાને વધુમાં કહ્યું, મેચ પહેલાં કે મેચ દરમિયાન કોઈ પણ વસ્તુમાં પેનિક નહોતી. ટીમની ચર્ચા અને પ્લાનથી મને ઘણો આત્મવિશ્વાસ મળ્યો હતો. તેમણે એમ પણ ઉમેર્યું કે આ જીતથી સંતુષ્ટિ નથી, કારણ કે જોબ હજુ પૂરી થઈ નથી અને હવે આગામી મેચ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

આ મેચમાં ઈશાનની ઈનિંગને ઘણા નિષ્ણાતોએ ફિયરલેસ વિધાઉટ બીઈંગ રેકલેસ તરીકે વર્ણવી છે. તેમણે ઓફ-સાઈડ પર પણ સારું રમવા માટે ઘણી મહેનત કરી હતી, જેનાથી તેઓએ પાકિસ્તાનના સ્પિનરોને નિષ્ક્રિય કરી દીધા હતા. કેપ્ટન સૂર્યકુમાર યાદવે પણ ઈશાનની તારીફ કરીને કહ્યું કે તેમણે જવાબદારી લીધી અને અદ્ભુત પ્રદર્શન કર્યું.આ જીતથી ભારતે સુપર એઈટમાં પોતાનું સ્થાન પાક્કું કરી લીધું છે અને ટીમનો મનોબળ પણ ઊંચો છે. ઈશાન કિશનનું આ પ્રદર્શન અને તેમનું નિવેદન બંને ભારતીય ક્રિકેટ પ્રેમીઓ માટે ખૂબ જ પ્રેરણાદાયી રહ્યા છે!

# રણજી ટ્રોફીની સેમિફાઈનલમાં શમીનો તરખાટ,એક જ ઈનિંગમાં ઝડપી આઠ વિકેટ



**અબતક, રાજકોટ**

ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ રણજી ટ્રોફીના મેદાન પર આ વાત સાચી સાબિત કરી છે. લાંબા સમય સુધી મેદાનથી દૂર રહ્યા બાદ વાપસી કરનારા શમીએ રણજી ટ્રોફીમાં તોફાન મચાવ્યું છે. શમીએ પસંદગીકારો સમક્ષ પોતાની ક્ષમતા દર્શાવી છે અને ટીમ ઈન્ડિયામાં વાપસીનો દાવો રજૂ કર્યો છે.

રણજી ટ્રોફી ૨૦૨૬ સેમિફાઈનલમાં બંગાળ તરફથી રમતા મોહમ્મદ શમીએ ૯૦ રન આપીને ૮ વિકેટ લઈને ભારે તોફાન મચાવ્યું હતું. તેણે ૩ મેડન ઓવર પણ ફેંકી હતી અને જમ્મુ અને કાશ્મીરનો કોઈ પણ બેટ્સમેન વધુ સમય સુધી ક્રીઝ પર ટકી શક્યો ન હતો. બંગાળ ક્રિકેટ એકેડેમી ગ્રાઉન્ડ પર રમાયેલી આ મેચમાં શમીના પ્રદર્શનથી સાબિત થયું છે કે તે ફિટ છે અને ટીમ ઈન્ડિયામાં વાપસી માટે તૈયાર છે.

સુદીપ કુમાર ઘરામીના શાનદાર ૧૪૬ રનની મદદથી બંગાળે તેમની પ્રથમ દાવમાં ૩૨૮ રનનો મજબૂત સ્કોર બનાવ્યો અને પછી તેમના અનુભવી ખેલાડીઓ પર આધાર રાખીને તેમની લીડ જાળવી રાખી.

બીજા દિવસે શમીએ જમ્મુ અને કાશ્મીરની શરૂઆતમાં ૧૩ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. તેના પ્રભાવશાળી આંકડા રાષ્ટ્રીય ટીમમાં તેની પસંદગી અંગે ચર્ચાને ફરીથી જગાડે તેવી શક્યતા છે.શમીએ જમ્મુ અને કાશ્મીરના ટોચના ક્રમના બેટ્સમેનોને આઉટ કર્યા. વધુમાં, અબ્દુલ સમદ (૮૨) અને કેપ્ટન પારસ ડોગરા (૫૮) એ મધ્યમ ક્રમે પણ મજબૂત વાપસી કરી.

શમીએ તે જ સમયે મહત્વપૂર્ણ વિકેટો લીધી જ્યારે જમ્મુ અને કાશ્મીર મેચમાં મજબૂત સ્થિતિમાં આવી ગયું હતુ.

નોંધનીય છે કે મોહમ્મદ શમીએ રણજી ટ્રોફી સેમિફાઈનલમાં જમ્મુ અને કાશ્મીર સામે ૮ વિકેટ લીધી હતી, જે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં તેનું કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન હતું.

### શમીએ પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું

મોહમ્મદ શમીનું પ્રદર્શન ખૂબ જ મહત્વપૂર્ણ સમયે આવ્યું છે. ઈજા અને ફિટનેસના મુદ્દાઓને કારણે શમી ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપથી ટીમની બહાર છે. ઘરેલુ ક્રિકેટમાં શમીની વાપસી મજબૂત રહી છે. સીઝનની શરૂઆતમાં તેણે ગુજરાત અને સર્વિસીસ સામે ૫-૫ વિકેટ લીધી હતી, પરંતુ જમ્મુ અને કાશ્મીર સામે તેની ૮ વિકેટે બધાનું ધ્યાન ખેંચ્યું છે.ભારતના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેલેન્ડરમાં ૨૦૨૬માં ઘણી મહત્વપૂર્ણ ટેસ્ટ શ્રેણીનો સમાવેશ થાય છે, જેમાં ઈંગ્લેન્ડનો સંભવિત પ્રવાસ પણ સામેલ છે. આવી સ્થિતિમાં શમીનું ફોર્મમાં વાપસી ભારતીય ટીમ મેનેજમેન્ટ માટે મોટી સમસ્યા ઉભી કરે છે. જોકે, બંગાળ રણજી ટ્રોફી ફાઈનલમાં સ્થાન મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

## બંગાળ તરફથી રમતા મોહમ્મદ શમીએ ૯૦ રન આપીને ૮ વિકેટ લઈને હ તોફાન મચાવ્યું, ૩ મેડન ઓવર પણ ફેંકી

# ભકિતનગર રેલવે સ્ટેશન નજીક ખુલ્લા પ્લોટમાંથી મૃત નવજાત બાળક મળ્યું

## મોંઢામાં લઈને ફરતા શ્વાન પાસેથી બાળકને મુક્ત કરાવી સ્થાનિકોએ પોલિસ-એમ્બયુલન્સને જાણ કરી

### અધુરા માસે જન્મેલા બાળક મામલે રેલવે પોલિસે પીએમ-ડીએનએ રિપોર્ટના આધારે તપાસ આદરી, સીસીટીવી ફૂટેજની પણ ચકાસણી

**અબતક, રાજકોટ**

ભકિતનગર રેલવે સ્ટેશન નજીક ખુલ્લા પ્લોટમાંથી ગત રાત્રીના સમયે શ્વાનના મોઢામાં બાળક દેખાતા જાગૃત નાગરિકે તાત્કાલિક શ્વાનને દૂર કરી પોલિસને જાણ કરી હતી. જેથી તુરંત જ રેલવે પોલીસનો સ્ટાફ અહીં પહોંચી ગયો હતો. પોલિસે નવજાતને પીએમ માટે મોકલી તપાસ હાથ ધરી છે. અધુરામાસે જન્મેલા બાળકને ત્યજી દેનારી નિષ્ઠુર જનેતાની ઓળખ મેળવવા સીસીટીવી ફૂટેજની ચકાસણી અને ડીએનએ રિપોર્ટનો આશરો લીધો છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગઈકાલે રાત્રીના ભકિતગનર રેલવે સ્ટેશન પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં મૃત હાલતમાં નવજાત મળી આવ્યું હતું. જે અંગેની જાણ થતા રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનના પીઆઇ એચ.એમ.રાણા, પીએસઆઇ બી.જે.જાડેજા સહિતનો સ્ટાફ તાકીદે અહીં દોડી ગયો હતો. પોલીસે મૃત નવજાતને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસે જણાવ્યું હતુંકે, રાત્રીના અહીં ખાલી પ્લોટ પાસેથી પસાર થઈ રહેલા એક રાહદારીને શ્વાનને મોઢામાં કંઈક શંકાસ્પદ જણાતા તેણે તુરંત શ્વાનને દૂર કરી જોતા આ નવજાત બાળક હોવાનું જણાયું હતું. જેથી તેમણે તુરંત જ પોલીસને જાણ કરી હતી. મૃત હાલતમાં મળી આવેલું નવજાત પાંચ માસનું હોવાનું જણાઈ રહ્યું છે. બાળકને અધુરા માસે જન્મ આપ્યા બાદ તેનો અહીં નીકાલ કરવામાં આવ્યો હોવાની શંકા સેવાઈ રહી છે. તેમ છતા નવજાતનો નિકાલ કોણે અને કયાં કારણસર કર્યો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. હાલ પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મૃત નવજાતના ડીએનએ સેમ્પલ લેવામાં આવશે તેના આધારે વૈજ્ઞાનિકઢબે પણ તપાસ ચલાવામાં આવશે તેવું પોલીસે જણાવ્યું હતું.

# આઇ.આઇ.ટી.ઇ. યુનિવર્સિટીમાં બી.કોમ. બી.એડ.ના વિદ્યાર્થીઓની ટી.એ.ટી. પરીક્ષામાં લાયક ગણવા રજુઆત

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત ગુજરાત રાજ્યના અનેક તાલીમાર્થીઓએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે કે બી.કોમ.. સાથે બી.એડ. પૂર્ણ કરેલ ઉમેદવારોને ટીએટી (એસ) પરીક્ષા માટે લાયકાતમાં ગણવામાં આવતા નથી.

પ્રભાવિત ઉમેદવારોનું કહેવું છે કે તેમણે બી.કોમ. દરમિયાન સામાજિક વિજ્ઞાન મુખ્ય વિષય તરીકે નિયમિત અભ્યાસ કર્યો છે તથા ફરજિયાત ઈન્ટર્નશિપ / શાળાકીય પ્રેક્ટિકલ તાલીમ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. જરૂરી શૈક્ષણિક માપદંડો પૂર્ણ હોવા છતાં પરીક્ષા માટે અયોગ્ય ગણાવવું ઉમેદવારો માટે નિરાશાજનક અને અન્યાયપૂર્ણ છે.

ઉમેદવારોની મુખ્ય માંગણીઆ :સામાજિક વિજ્ઞાન મુખ્ય વિષય સાથે પૂર્ણ કરેલ બી.ઈડી. લાયકાતને માન્યતા આપવામાં આવે બી.કો.મ. બી.એડ. કરેલ ઉમેદવારોને ટીએટી (એસ) પરીક્ષા માટે લાયક ગણવામાં આવે લાયકાત અંગે સ્પષ્ટ, સમાન અને પારદર્શક નીતિ જાહેર કરવામાં આવે

ઉમેદવારો રાજ્ય સરકાર અને સંબંધિત સત્તાધિકારીઓને આ મુદ્દે સંવેદનશીલતા દાખવી યોગ્ય અને ન્યાયસંગત નિર્ણય લેવા વિનંતી કરે છે.

# વીજચોરી મામલે પીજીવીસીએલ દ્વારા વધૂ મેળવેલી રકમ પરત મેળવવાની દરખાસ્ત મંજૂર

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતા કિશોરભાઈ ગજેરા દ્વારા વીજચોરી મામલે ૧૧ વર્ષથી ચાલતા પ્રકરણમાં જુદી જુદી રીતે વધુ વસૂલી સબબ સી.પી.સી. ઓર્ડર-૨૧ રૂલ-૧૧ મુજબ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. સામે રાજકોટ સિવિલ કોર્ટમાં રૂા. ૧૨.૨૨ લાખ રકમ મેળવવા કરેલી દરખાસ્ત સિવિલ કોર્ટે મંજુર કરી છે. આ અંગેની હકીકત મુજબ, પી.જી.વી.સી. એલ. દ્વારા રાજકોટના કિશોર ગજેરા સામે વીજચોરી પેટેના ૨૦.૫૨ લાખ વસુલ કરવા તા. ૩૧/ ૩/ ૨૦૧૪ના રોજ પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટમાં દાવો દાખલ થયો હતો. તેમાં દાવાની તારીખથી ૧૮ ટકા લેખે વ્યાજ સહિતની રકમ ચુકવવા માટેનો હુકમનામું કરેલ હતું, જે સામે અરજદાર કિશોરભાઈ ગજેરા દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફર્સ્ટ અપીલ દાખલ કરવામાં આવી હતી. જે અનુસંધાને કોર્ટ દ્વારા ફર્સ્ટ અપીલ નં. ૨૬/૧૫ના કામમાં તા. ૧/ ૫/ ૨૦૧૮ના રોજ કોર્ટની ડિવિઝન બેંચ દ્વારા રૂા. ૨૦.૫૨ લાખ વસુલવાનો હુકમ ૧૮% ને બદલે ૧૦% નો વ્યાજનો દર ગુજરાત હાઈકોર્ટ દ્વારા હુકમ કરવામાં આવેલ હતો. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ.ને લીગલ નોટીસ અરજદારના એડવોકેટ મારફત તા. ૨૭/ ૮/ ૧૮ના રોજ મોકલેલ, જે લીગલ નોટીસમાં આ કામના સામાવાળા પી.જી.વી.સી.એલ. દ્વારા સિવિલ કોર્ટ સમક્ષ સ્પે.દિ.દ.નં. ૨૮/૧૪ ના કામમાં પારા-૮ માં રકમ રૂા. ૫૪.૫૬ લાખ વસુલવા માટે રકમ દર્શાવેલ અને મુદત પર માસિક ૧.૫%ના દરે દાવાની તારીખ તા. ૧/ ૫/ ૧૪ સુધીનું વ્યાજ દર્શાવેલ, જે અંગે એનેકસચર-એ થી કોર્ટ સમક્ષ ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ જે વ્યાજનો દર ઘટાડવામાં આવેલ છે તે અંગે રૂા. ૧૮,૬૪,૧૯૮ રિફંડ લેવાનું બાકી નીકળતા તે અંગે નોટિસ આપેલી, જેમાં એનેકચર-એ જે અનુસંધાને કોર્ટ સમક્ષ ગુજરાત હાઈકોર્ટમાં એનેકચર-એ અને બીની ગણતરી કરેલી તે કોર્ટ સમક્ષ રજુ કરેલ છે. જે અનુસંધાને આ કામના સામાવાળાઓ દ્વારા તા. ૧૯/ ૯/ ૧૮ ના રોજ રૂમ. ૭.૨૪ ચેકથી ચુકવણી કરેલું છે. પરંતુ જે અનુસંધાને અરજદારની કાયદેસરની રકમ રૂા. ૧૨.૨૨ લાખ બાકી હોવાથી કિશોરભાઈ ગજેરાએ દરખાસ્ત દાખલ કરી હતી. જે દરખાસ્તની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની દલીલો બાદ અરજદારના એડવોકેટ રાકેશભાઈ દોશીની દલીલોને ધ્યાને લઈ રૂા.૧૨.૨૨ લાખ અરજદારને આપવાનો હુકમ ફરમાવ્યો છે. બાદ આ કામમાં વોરંટ ઈશ્યુ થતા પી.જી.વી.સી.એલ. દ્વારા સદર રકમ કોર્ટમાં જમા કરાવી આપી છે. અરજદાર કિશોરભાઈ ગજેરા વતી એડવોકેટ ગાંધી, વૈભવ કુંડલીયા,આસિસ્ટન્ટ વાસુ મકવાણા રોકાયા હતા.

# રાજકોટમાં કોન્ટ્રાકટરના માનસિક ત્રાસથી કંટાળી સિટી બસ ચાલકે ઝેરી દવા ગટગટાવી

## ‘‘પત્નીની કેન્ટીન બંધ કરાવી અને મને નોકરીમાંથી કાઢ્યો, તેમ કહીં સિટી બસ ડ્રાઈવરે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજપથ લિમિટેડની સિટી બસ સેવાના એક ડ્રાઈવરે સુપરવાઈઝરના અસહ્ય માનસિક ત્રાસથી કંટાળીને ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. રેલનગરની મહર્ષિ અરવિંદ ટાઉનશિપમાં રહેતા ૩૪ વર્ષીય સાદિક સુલતાન મુરમાએ સોમવારે સાંજે આ અંતિમ પગલું ભર્યું હતું. ગંભીર હાલતમાં રહેલા સાદિકને તેના બે માસૂમ પુત્રોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો,પ્રાપ્ત વિગતો મુજબ, સાદિક છેલ્લા ત્રણ વર્ષથી સિટી બસમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો. તેણે આરોપ લગાવ્યો છે કે, બસ કોન્ટ્રાક્ટર વિક્રમ ડાંગર તેને છેલ્લા ૬ મહિનાથી માનસિક રીતે હેરાન કરી રહ્યો હતો. કોઈપણ કારણ વગર તેને નોકરીમાંથી છૂટો કરી દેવામાં આવ્યો અને નિયમ મુજબ મળવાપાત્ર બોનસની રકમ પણ ચૂકવવામાં આવી નહોતી. આ આર્થિક અને માનસિક દબાણ હેઠળ સાદિકે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પ્રદ્યુમન નગર પોલીસે આ મામલે સાદિકનું નિવેદન લેવા તજવીજ હાથ ધરી છે. વિક્રમ ડાંગર અગાઉ પણ વિવાદોમાં રહી ચૂક્યા છે. ૧૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ઈન્દિરા સર્કલ પાસે સિટી બસ દ્વારા થયેલા ભયાનક અકસ્માતમાં ૩ લોકોના મોત નિપજ્યા હતા, ત્યારે પણ એવા આક્ષેપો થયા હતા કે વિક્રમ ડાંગર શાસક પક્ષ ભાજપના કાર્યકર હોવાથી તેમને રાજકીય રક્ષણ મળી રહ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર રાજકોટમાં કોન્ટ્રાક્ટરોની જોહુકમી સામે રોષ જગાડ્યો છે. અહેવાલ મુજબ, સાદિકની પત્ની શબાનાબેન આજીડેમ પાસેના સિટી બસ ડેપો ખાતે કેન્ટીન ચલાવતા હતા, જે પરિવારનો મુખ્ય આર્થિક આધાર હતો. આક્ષેપ છે કે વિક્રમ ડાંગરે માત્ર સાદિકને નોકરીમાંથી જ નથી કાઢ્યો, પરંતુ તેની પત્નીની કેન્ટીન પણ બંધ કરાવી દીધી હતી, જેના કારણે પરિવાર આર્થિક રીતે પાયમાલ થઈ ગયો હતો.

### ડ્રાઈવરના હિતો માટે અવાજ ઉઠાવ્યો એટલે મને ટાર્ગેટ કર્યોઃ સાદિક

સાદિકે વીડિયોમાં જણાવ્યું કે, તે ડ્રાઈવરોના પડતર પ્રશ્નો અને બસોની ખરાબ હાલત અંગે અવારનવાર રજૂઆતો કરતો હતો. બસમાં હેન્ડ બ્રેક મારવા છતાં બસ ચાલતી હોવાના વીડિયો વાઈરલ થવા બાબતે પણ તેના પર શંકા રાખી હેરાન કરવામાં આવતો હતો. ઈન્દિરા સર્કલ અકસ્માત બાદ ડ્રાઈવરોની સેફ્ટી માટે અવાજ ઉઠાવવા બદલ તેને ટાર્ગેટ કરવામાં આવ્યો હોવાનો તેણે આક્ષેપ કર્યો છે.

# હડમતિયા નજીક ઈકોને ઠોકરે ચડાવી દારૂ ભરેલી કાર મૂકી બુટલેગર ફરાર

## સ્વીફ્ટ કારમાંથી રૂ. ૧.૫૮ લાખની કિંમતની શરાબની ૩૯૬ બોટલ મળી આવીઃ અકસ્માતમાં ઈકો કારમાં સવાર મહિલાને ગંભીર ઈજા





**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે હડમતીયા-ફાળદંગ રોડ પર વહેલી સવારે કાર અને ઈકો વચ્ચે અકસ્માત થયો હતો. કારમાં દારૂનો જથ્થો ભર્યો હોય જેથી કારચાલક વાહન રેઢું મુકી નાસી ગયો હતો. જયારે ઈકોમાં બેઠેલા મહિલાને ગંભીર ઈજા થઈ હતી. જ્યારે તેના પતિ, પુત્રીનો મુંઢ ઈજા સાથે બચાવ થયો હતો. બનાવના પગલે આજીડેમ પોલીસે તપાસ કરતાં કારમાંથી અલગ અલગ બ્રાંડની રૂા. ૧,૫૮,૦૯૨ની ૩૯૬ બોટલ દારૂ મળી આવતાં દારૂ તથા કાર સહિત રૂ.૪.૦૮ લાખનો મુદ્દામાલ કબજે કરી નાસી ગયેલા કારચાલકને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ, હડમતીયાથી ફાળદંગ જવાના રસ્તા પર ઈકો કાર જીજે-૨૩-એમ-૮૫૬૬ સાથે સફેદ રંગની સ્વીફ્ટ ડીઝાયર જીજે-૦૩-એચકે-૯૨૨૦ ધડાકાભેર સામેથી આવીને અથડાતાં બંને કારમાં આગળના ભાગે બૂકડો બોલી ગયો હતો. ઈકો કારમાં બેઠેલા રમીલાબેન સુરેશભાઈ જાદવ (ઉ.વ.૪૯)ને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. કારચાલક તેમના પતિ સુરેશભાઈ લાલજીભાઈ જાદવ (ઉ.વ.૫૦) અને તેમની દિકરી ક્રિષ્નાબેન સુરેશભાઈ જાદવ (ઉ.વ.૨૭)ને પણ મુંઢ ઈજાઓ થઈ હતી. આ પરિવાર મુળ સાવરકુંડલાનો વતની છે અને હાલ કુવાડવા ગામ શિવધારા રેસીડેન્સીમાં રહે છે. સુરેશભાઈ પેપરડીશનો ધંધો કરે છે. દિકરાના છુટાછેડાના કેસ માટે સાવરકુંડલા પોલીસ અધિકારીને મળીને પરત આવતાં હતાં ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતને પગલે સ્વીફ્ટ કારનો ચાલક કાર મુકી ભાગી ગયો હતો.

દરમિયાન આજીડેમ પોલીસ મથકના પીએસઆઇ પી.એચ.પઢેરીયાની રાહબરીમાં કોન્સ. કૃષ્ણવીરસિંહ ગોહિલ, હેડકોન્સ. કુલદીપસિંહ જાડેજા, રમેશભાઈ સહિતના નાઈટ પેટ્રોલીંગમાં હતાં ત્યારે બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ પહોંચી હતી. તપાસ કરતાં સ્વીફ્ટમાંથી દારૂનો જથ્થો મળ્યો હતો.. પોલીસ કારમાંથી રોયલ ચેલેન્જની ૭૫૦ એમએલની ૬૮૬ બોટલો રૂા. ૧,૨૩,૪૮૦ની અને રોયલ સ્ટેગની ૭૫૦ એમએલની રૂા. ૧૯૫૭૨ની ૨૮ બોટલો તથા જ્યુબીલી સ્પેશીયલ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ચપલા નંગ ૧૮૮ રૂા. ૧૫૦૪૦ના મળી કુલ રૂા. ૧,૫૮,૦૯૨નો દારૂ મળી આવતાં તે તથા ૨,૫૦,૦૦૦ની કાર કબ્જે કરી હતી. અમુક બોટલો અકસ્માતને કારણે ફુટી ગઈ હતી.

બનાવ અંગ આજીડેમ પોલીસે દારૂ ભરેલી કાર લઇ નીકળી અકસ્માત સર્જયા બાદ કાર રેઢી મુકી નાસી જનાર કારચાલક સામે ગુનો નોંધી તેન ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# લાંચના ગુનામાં એકાઉન્ટ ઓફિસના પટાવાળા અક્ષય વાગડીયાના જામીન મંજુર

## ઈન્કમટેક્સના નિવૃત્ત અધિકારીનું એરિયર્સ બિલ ચૂકવવા રૂ.૪૫ હજારની લાંચ લેવામા ત્રણ શખ્સો સામે કાર્યવાહી કરી ’તી

**અબતક, રાજકોટ**

ઈન્કમટેકસ કચેરીના નિવૃત્ત થયેલા અધિકારીનું રૂ. ૪ લાખનું એરિયર્સ બિલ ચૂકવવા રૂ. ૪૫ હજારની લાંચ લેવાના ગુનામાં ઝોનલ એકાઉન્ટ ઓફિસના આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ સહિત ત્રણ શખ્સો સામે નોંધાયેલી ફરિયાદમાં પકડાયેલા પટાવાળા અક્ષયભાઈ શૈલેષભાઈ વાગડીયાની જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.આ અંગેની હકીકત મુજબ, આ અંગેની હકીકત મુજબ, નિવૃત અધિકારીની ફરિયાદ મુજબ છટકું સફળ થતા ઝોનલ ઈન્કમટેક્ષ ઓફીસ, ગિરનાર સિનેમા સામે, રાજકોટના ઝોનલ એકાઉન્ટ ઓફિસના આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ રવિ કુમાર સુરેશકુમાર જાગીડ, પટાવાળા અક્ષય શૈલેષભાઈ વાગડીયા અને ભુજના નિવૃત્ત અધિકારી સામે એસીબી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. તેમાં જેલ હવાલે થયેલ પટાવાળા અક્ષય વાગડીયાએ રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. તેમાં અક્ષય વાગડીયાના વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે હાલના આરોપી કરાર આધારીત પટાવાળાની ફરજ-કાર્યક્ષેત્રમાં એરીયર્સના બિલ મંજુર કરવા બાબતે કંઈ કામ કરવાનું આવતું ન હતું, ફરિયાદમાં જણાવેલ કલમોની વ્યાખ્યા અને તત્વો જોતાં પ્રથમ દર્શનીય રીતે તે હાલના આરોપીને લાગુ પડતી નથી, આરોપીએ ક્યારેય ફરીયાદી પાસેથી લાંચની રકમ માંગેલ નથી કે તેમનો કોઈ રોલ નથી. તેથી જો જામીન આપવામાં આવે તો આરોપી નાસી-ભાગી જવાની શક્યતા છે કે કેમ તે જોવાનું રહે છે. પરંતુ કોર્ટને જો તેવી કોઈ શક્યતા જણાય તો કોર્ટ શરતો લાદે તો તેનું સંપૂર્ણપણે પાલન કરવાની ખાતરી આપે છે.કોર્ટ દ્વારા બંને પક્ષોની દલીલો સાંભળીને અદાલતે આરોપી પટાવાળા અક્ષય વાગડિયાને રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો છે. આ કામમાં આરોપી વતી એડવોકેટ રાકેશ દોશી, ગૌતમ ગાંધી, વૈભવ કુંડલીયા, આસિસ્ટન્ટ વાસુ વાડોદરીયા, વ્રજેશ મકવાણા રોકાયા હતા.

# હડમતિયા ગોલીડા ગામ પાસેથી રૂ.૨.૩૮ લાખનો દારૂ ભરેલુ માલવાહક વાહન ઝડપાયું

## દારૂ, વાહન મળી કુલ રૂ. ૩.૩૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરતી ક્રાઈમ બ્રાન્ચઃ ચાલકની શોધખોળ






**અબતક, રાજકોટ**

ક્રાઈમ બ્રાન્ચે હડમતીયા ગોલીડા ગામ નજીકથી રૂ. ૨.૩૮ લાખનો દારૂ ભરેલું માલવાહક વાહન ઝડપી પાડ્યું હતું. પોલિસે દારૂ, વાહન મળી કુલ રૂ. ૩.૩૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વાહન રેઢુ મૂકી નાસી જનાર ચાલકની શોધખોળ શરૂ કરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર શહેરી વિસ્તારમાં દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃતિને નેસ્ત નાબૂદ કરવાની સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ એએસઆઈ અનિલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન સંયુક્ત રીતે હકીકત મળી હતી કે, ઢાંઢિયા ગામથી હડમતીયા ગોલીડા ગામ જતા રસ્તે હડમતીયા ગામ પહેલા ચેકડેમના પૂલની બાજુના કાચા રસ્તે ખુલ્લી જગ્યામાં એક સફેદ કલરનું અશોક લેલેન્ડ કંપનીનું નંબર પ્લેટ વગરનું દોસ્ત વાહન પાર્ક કરવામાં આવેલ છે, જે વાહનમાં વિદેશી દારૂનો જથ્થો ભરવામાં આવ્યો છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ તાત્કાલિક બાતમીવાળા સ્થળે દોડી જતાં ત્યાંથી અશોક લેલેન્ડ કંપનીનું નંબર પ્લેટ વિનાનું દોસ્ત વાહન રેઢુ મળી આવ્યું હતું. જેથી પોલિસે વાહનની ઝડતી કરતા તેમાંથી દારૂ ભરેલા અલગ અલગ ૨૪ બોક્સ અને ચાર કોથળીઓ મળી આવી હતી. જેથી પોલિસે અશોક વાહનમાંથી બોક્સ તથા કોથળીઓ નીચે ઉતારી તપાસ કરતા તેમાંથી રૂ. ૨,૩૮,૧૬૦ ની કિંમતની અલગ અલગ બ્રાન્ડની દારૂની ૧૩૮૪ બોટલ મળી આવી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે દારૂ, અશોક લેલેન્ડ દોસ્ત વાહન મળી કુલ રૂ. ૩, ૩૮,૧૬૦ નો મુદ્દામાલ કબજે કરી વાહન રેઢું મૂકી ફરાર થઈ જનાર ચાલક સહિતના શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# ૯,૨૧ લાખનું મેફેડ્રોન મંગાવનાર નુરમહમદ ઉર્ફે નુરાના જામીન મંજુર

## ગ્રામ્ય એસ.ઓ.જી.એ સાહિલ ઉર્ફે રજાકને માદક પદાર્થના જથ્થા સાથે ઝડપી લીધો હતો

**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણી તાલુકાના ખરેડા ગામેથી કારમાંથી ૯,૨૧,૬૦૦નો મેફેડ્રોન મંગાવનાર અને જેલ હવાલે રહેલો વેરાવળ શહેરનો નુરમહમદ ઉર્ફે નુરો અઈબાણી સ્પેશ્યલ એન.ડી.પી.એસ કોર્ટએ જામીન અરજી મંજુર કરી છે.વધુ વિગત મુજબ રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.નો સ્ટાફ ગ્રામ્ય પંથકમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે કોટડા સાંગાણીના ખરેડા ગામે બાતમી મળેલ કે સાહિલ ઉર્ફે રજાક ગોપાલાણી નામનો શખ્સ જીજે-૦૩ એનકે-૨૦૪૪ નંબરની બલેનો કારમાં માદક પદાર્થનો જથ્થો લઈને નીકળવાનો હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે વોચ ગોઠવી હતી ત્યારે પૂરપાટ ઝડપે નીકળેલી કારને અટકાવી તલાસી લેતા જેમા કાર ચાલક સાહિલ ઉર્ફે રજાક ફીરોઝ ગોપાલાણીના ખીસ્સામાથી કુલ ૯૨.૧૬૦ ગ્રામ મેફેડ્રોનનો જથ્થો મળી આવેલ હતો અને આ ડ્રગ્સ રાજસ્થાનથી ફઆયું પઠાણ નામનો શખ્સ વેરાવળના નુરમહમદ ઉર્ફે નુરો સીદીક અઈબાણી આપવા માટે લાવ્યા ની કબુલાત આપતા જે ગુનાના કામે નુરમહમદ ઉર્ફે નુરોની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા સ્પેશ્યલ એન.ડી.પી.એસ કોર્ટએ આરોપીને જેલ ખાતે મોકલી આપવા હુકમ કર્યો છે. આ ગુનાનું અદાલતમાં ચાર્જશીટ થઈ જતા નુરમહમદ ઉર્ફે નુરો સીદીક અઈબાણીએ જામીન મુક્ત્ત થવા માટે એન.ડી.પી.એસ કોર્ટ સમક્ષ અરજી કરી હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટએ કરેલી દલીલ, જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી કોર્ટ દ્વારા આરોપીને જામીન મુક્ત્ત કરવાનો હુકમ ફરમાવેલો હતો.આરોપીઓ વતી એડવોકેટ તરીકે રણજીતભાઈ એમ. પટગીર, સાહીસ્તાબેન એસ. ખોખર, દયા કે. છાયાણી, નીમેશ જાદવ, નીલેશભાઈ તન્ના અને આસીસ્ટન્ટ તરીકે શ્રધ્ધા આર. ખખ્ખર રોકાયેલ હતા.

# દ્વારકા જગતમંદિરમાં ઠાકોરજીને સુકા મેવાના મનોરથ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ ઠાકોરજીના ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે સુકા મેવા મનોરથ યોજવામાં આવ્યો હતો. સોમવારના ગુલાબી વાઘા અને શીતકાલીન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભક્તોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

# રૈયા રોડ પર ઓનલાઇન આઇડી મારફતે જુગાર રમતા ઈંડાના ત્રણ ધંધાર્થી ઝપટે ચડ્યા

## ત્રિપુટી કસીનો અન્સ ક્રિકેટ મેચમાં દાવ લગાડી નસીબ અજમાવતા’તા ત્યાં ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધા : બુકીનું નામ ખોલાવવા તજવીજ

**અબતક, રાજકોટ**

રૈયા રોડ પરથી ઓનલાઈન આઈડી મારફતે જુગાર રમતાં ત્રણ ઈંડાના ધંધાર્થીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી. મોઈન શેખ, સાહિલ શેખ અને અરબાઝ શેખ ત્રણેય સાથે કસીનો અને ક્રિકેટ મેચમાં રૂપીયા લગાડતા હતાં.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ શક્તિસિંહ ચુડાસમા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે એએસઆઈ યશવંત ભગત, હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ પાંભર, કોન્સ્ટેબલ સંજય અલગોતર, અરવિંદભાઈ ફતેપરાને રૈયા ચોકડી પાસે જય ગોપાલ હોટલ નજીક નુર એગ ઝોન આમલેટ નામની રેકડી ખાતે જાહેરમા ત્રણ શખ્સો તેની પાસેના મોબાઈલ ફોનમાં આઈ.ડી.માં કસીનો, ક્રિકેટમાં ઓનલાઈન જુગાર રમાડે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી ત્રણેય શખ્સોની અટક કરી નામ પુછતા પોતાનું નામ મોઈન મહેબુબ શેખ (ઉ.વ.૩૨, ધંધો-ઈંડાની રેકડી રહે. ૧૫૦ ફુટ રીંગ રોડ રૈયા ચોકડી પાસે નાગરીકની પાછળ કિસ્મત નગર શેરી નં.૦૬ બ્લોક નં.૭૫) હોવાનું જણાવતાં તેની પાસે રહેલ મોબાઈલમાં જોતાં માય ફેઈર પન્ટ નામની આઈડીમાં સટ્ટા મટા એક્સપ્રેસ ગેમમાં ઓનલાઈન જુગાર રમતો હતો.

તેમજ અન્ય શખ્સે પોતાનું નામ સોહિલ મહેબુબ શેખ (ઉ.વ.૨૨, રહે.મવડી વિસ્તાર જીવરાજ પાર્ક અંબીકા ટાઉનશીપ સામે લક્ષ્મણ ટાઉનશીપ બ્લોક-એફ ફ્લેટ નં.૧૦ ૧. પહેલો માળ) જણાવ્યું હતું. તેમના ફોનમાં જોતાં તેમાં પણ માય ફેઈર પન્ટ નામની આઈડીમાં ઈંગ્લેન્ડ- ઈટાલી વચ્ચે રમાયેલ ક્રિકેટ મેચમાં જુગારના ઓનલાઈન સોદા કરતો હતો. તેમજ ત્રીજા શખ્સે પોતાનું નામ અરબાજ મહેબુબ શેખ (ઉ.વ.૨૪, રહે.૧૫૦ ફૂટ રીંગ રોડ રૈયા ચોકડી પાસે નાગરીકની પાછળ કિસ્મત નગર શેરી નં.૦૬ બ્લોક નં.૭૫) હોવાનું જણાવ્યું હતું. તેમના ફોનમા તાજ ૭૭૭.નાઉ આઈડીમાં લાઈવ કસીનોમા જુગાર રમતો હતો. હાલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ત્રણેય શખ્સોની ધરપકડ કરી તેમને આઈડી ફોરવર્ડ કરનાર બુકીનું નામ ખોલાવવા તજવીજ આદરી છે.

બેસ્ટ ઓફ લક

# સીબીએસઈ બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ

## ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકની જ્યારે ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની એન્ટરપ્રિનોરશિપ- બાયોટેકનેલોજીની પરીક્ષા લેવાઈ



**અબતક, રાજકોટ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓનો આજથી શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે.ગુજરાતમાંથી પણ ધોરણ-૧૦ અને ૧૨ના મળી ૮૦ હજાર સાથે સમગ્ર દેશમાંથી આ પરીક્ષા માટે ૪૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત વર્ષ કરતા આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે.સીબીએસઈ બોર્ડ દ્વારા પરીક્ષા માટે ૮ હજાર કરતા વધુ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. બોર્ડની પરીક્ષા ભારત ઉપરાંત અન્ય ૨૬ દેશોમાં લેવાનું આયોજન કરાયું છે. પ્રથમ દિવસે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકની પરીક્ષા લેવાઈ હતી. જ્યારે ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની એન્ટરપ્રિનોરશિપ-બાયોટેકનોલોજીની પરીક્ષા આપી હતી. ધોરણ-૧૦ની પરીક્ષા ૧૮ માર્ચના રોજ પૂર્ણ થશે જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૦ એપ્રિલ સુધી ચાલશે.

ધોરણ-૧૦ અને ૧૨ના મળી કુલ ૨૦૩ વિષયોની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. જેમાં ધોરણ-૧૦ના ૮૩ વિષય અને ધોરણ-૧૨ના ૧૨૦ વિષયોનો સમાવેશ થાય છે. ૨૦૨૪ની પરીક્ષામાં ધોરણ-૧૦માં ૨૨.૫૧ લાખ વિદ્યાર્થી અને ધોરણ-૧૨માં ૧૬.૩૩ લાખ મળી કુલ ૩૮.૮૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ત્યારબાદ ૨૦૨૫ની પરીક્ષામાં

(અનુ. આઠમા પાને)

**ધોરણ-૧૦ની પરીક્ષા ૧૮ માર્ચ જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૦ એપ્રિલ સુધી ચાલશે**

### પરીક્ષા દરમિયાન અફવાઓ પ્રત્યે ધ્યાન ન આપવા વિદ્યાર્થીઓ અને વાલીઓને બોર્ડની સલાહ

બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે ત્યારે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાને લઈ ફેલાતી અફવાઓ પ્રત્યે ધ્યાન ન આપવા માટે તાકીદ કરાઈ છે. બોર્ડ દ્વારા પરીક્ષાને લઈને ચાલતા ફેક ન્યુઝ અને પેપર લીક સહિતની સોશિયલ મિડીયામાં ફેલાતી અફવાઓ પ્રત્યે ધ્યાન ન આપવા અને પરીક્ષાની તૈયારીમાં રહેવા માટે સલાહ આપવામાં આવી છે. ઉપરાંત પરીક્ષા સહિતની બાબતોની ચોક્કસ માહિતી માટે બોર્ડના ઓફિશિયલ હેન્ડલને જ યોગ્ય ગણવા માટે પણ અનુરોધ કર્યો છે.

### વડોદરાની ૪૦ શાળાઓને બોમ્બથી ઉડાવવાની મળી ધમકીઃ પોલીસ તંત્ર એલર્ટ

વડોદરા શહેર અને જિલ્લાની ૧૯ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. અજાણ્યા વ્યક્તિ દ્વારા મોકલાયેલા આ ઈ-મેઈલ બાદ શિક્ષણ તંત્ર, પોલીસ વિભાગ અને વાલીઓમાં દોડધામ મચી ગઈ હતી. મેલમાં ગુજરાત બનેગા ખાલિસ્તાન એવો ઉલ્લેખ કરાયો છે.ધમકી મળ્યા બાદ ઊર્મિ સ્કૂલ (સમા-સાવલી રોડ), નાલંદા સ્કૂલ (વાઘોડિયા રોડ) અને ડી.આર. અમીન સ્કૂલ (ગદાપુરા) સહિત અનેક સ્કૂલોમાં તાત્કાલિક અસરથી વિદ્યાર્થીઓને રજા જાહેર કરવામાં આવી હતી. સ્કૂલ પ્રશાસન દ્વારા વાલીઓને તાત્કાલિક જાણ કરવામાં આવતા, સ્કૂલો બહાર વાલીઓનો મોટો જમાવડો જોવા મળ્યો હતો.પોલીસે પરિસ્થિતિની ગંભીરતા ધ્યાનમાં રાખીને બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને સ્થાનિક પોલીસ ટીમોને તમામ સંદિગ્ધ સ્કૂલોમાં મોકલી દીધી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ સ્થળ પર પહોંચીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. દરેક સ્કૂલના કેમ્પસમાં ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

# એસઆઈઆરની ફાઈનલ મતદાર યાદી જાહેરઃ ૭૩ લાખના નામ કમી, હવે ૪.૪૦ કરોડ મતદાર

## ફાઈનલ મતદાર યાદી જાહેર થતાં જ ચૂંટણીનો ધમધમાટ, તંત્રએ તૈયારીઓ શરૂ કરતા રાજકીય પક્ષોમાં બેઠકોનો દોર શરૂ

**અબતક, રાજકોટ**

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ () પૂર્ણ થઈ છે. ગત ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી શરૂ થયેલી આ પ્રક્રિયાના અંતે આજે (૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬) રાજ્યની આખરી મતદાર યાદી સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવી છે. મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ ઝુંબેશને સફળ બનાવવા માટે રાજ્યભરમાં મિશન મોડ પર કામગીરી કરવામાં આવી હતી.

ફાઈનલ વોટર લિસ્ટ, મુજબ રાજ્યમાં હવે કુલ ૪,૪૦,૩૦,૭૨૫ મતદારો નોંધાયેલા છે જ્યારે મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ બાદ આખરી યાદીમાં અંદાજે ૫.૬૦ લાખ નવા મતદારોનો ઉમેરો થયો છે.કામગીરીનું માળખું આ પ્રક્રિયામાં ૩૪ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, ૧૮૨ મતદાર નોંધણી અધિકારીઓ અને ૫૦,૯૬૩ બીએલઓ (બૂથ લેવલ ઓફિસર) એ સક્રિય ભૂમિકા ભજવી છે.

અગાઉ જાહેર કરાયેલી ડ્રાફ્ટ યાદીમાં ૪.૩૪ કરોડ મતદારો નોંધાયા હતા, જેમાં નવા નોંધાયેલા મતદારોના ઉમેરા સાથે આખરી આંકડામાં સામાન્ય વધારો જોવા મળી શકે છે.સુધારણા પ્રક્રિયા દરમિયાન રાજ્યની મતદાર યાદીમાંથી કુલ ૭૩.૭૩ લાખ નામો દૂર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે મૃત્યુ પામેલા મતદારો, અન્ય સ્થળે કાયમી સ્થળાંતર કરી ગયેલા લોકો અને ડુપ્લિકેટ એન્ટ્રીઓનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચને નામ કમી કરવા માટે ૬.૮૮ લાખ અરજીઓ મળી હતી, જ્યારે અન્ય ૯.૮૮ લાખ મતદારોએ સ્થળાંતરના કારણે ફોર્મ-૭ ભરીને જે-તે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ દૂર કરવા વિનંતી કરી હતી. તપાસ બાદ બાકી રહેલી ૧.૪૭ લાખ જેટલી નવી નોંધણી અને સુધારાની અરજીઓનો પણ હવે નિકાલ કરી દેવામાં આવ્યો છે.મુખ્ય ચૂંટણી અધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે, નામ કમી કરવાની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શિતા સાથે કરવામાં આવી છે અને કોઈ પણ નામ મનસ્વી રીતે દૂર કરાયું નથી. જ્યાં જરૂર જણાય ત્યાં મતદારોને નોટિસ આપી તેમના જવાબ પણ માંગવામાં આવ્યા હતા. ની આ સમગ્ર પ્રક્રિયા ૨૮ ઓક્ટોબરથી શરૂ થઈ હતી અને ડિસેમ્બરમાં ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ થયા બાદ નાગરિકોને ૧૮ જાન્યુઆરી સુધી વાંધા-સૂચનો રજૂ કરવાનો સમય આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે લોકશાહીમાં તમામ લોકોની ભાગીદારી રહે તે માટે રાજ્યભરમાં ખાસ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને સોમનાથ અને દ્વારકા જેવા વિસ્તારોમાં જ્યાં મોટા પાયે દબાણ હટાવવાની કામગીરી થઈ હતી, ત્યાં ખાસ મતાધિકાર કેમ્પ યોજાયા હતા. અમદાવાદના ચંડોળા જેવા વિસ્તારોમાં પણ જેમના મકાનો તોડી પડાયા હતા અને રહેઠાણના પુરાવા નહોતા, તેમને નવા રહેઠાણના દસ્તાવેજો રજૂ કરી નામ નોંધાવવાની તક આપવામાં આવી હતી.

### મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ બાદ આખરી યાદીમાં અંદાજે ૫.૬૦ લાખ નવા મતદારોનો ઉમેરો થયો

# ફોગા યુએસએના પ્રતિનિધિમંડળની મુખ્યમંત્રી સાથે મુલાકાત



## સેકન્ડ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન માટે આમંત્રણ, મિની વાઈબ્રન્ટ ગુજરાત અને રોકાણ-પર્યટન સહકાર મુદ્દે વિસ્તૃત ચર્ચા

**અબતક, રાજકોટ**

ફેડરેશન ઓફ ગુજરાતી એસોશિયન ઓફ યુએસએ (ફોગા યુએસએ)ના પ્રતિનિધિમંડળે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે સૌજન્ય મુલાકાત કરી. મુલાકાત અત્યંત અર્થસભર અને ભવિષ્યમુખી રહી હતી. બેઠક દરમિયાન ગુજરાત અને અમેરિકામાં વસતા ગુજરાતી સમાજ વચ્ચે વેપાર, મૂડીરોકાણ, પર્યટન અને સાંસ્કૃતિક સહકાર વધુ મજબૂત બનાવવાના વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી.

પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીને અમેરિકામાં યોજાનાર ''દ્વિતીય એકતા ગુજરાતી મહાસંમેલન''માં મુખ્ય અતિથિ તરીકે પધારવા સત્તાવાર આમંત્રણ આપ્યું. મુખ્યમંત્રીએ આ આમંત્રણ બદલ આનંદ વ્યક્ત કર્યો અને વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે રાજ્યના વધતા સંબંધોને વધુ સશક્ત બનાવવા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

બેઠક દરમિયાન અમેરિકામાં વેપાર અને ઉદ્યોગ સહકાર વધારવા ''લઘુ સ્પંદિત ગુજરાત'' જેવી પહેલ હાથ ધરવા અંગે માર્ગદર્શન મેળવવામાં આવ્યું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે આવી પહેલ નવા મૂડીરોકાણને પ્રોત્સાહન આપશે અને ગુજરાત તથા અમેરિકા વચ્ચેના આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવશે.

મુલાકાત દરમિયાન ગિફ્ટ

(અનુ. આઠમા પાને)

# ઠંડીનો વિરામ અને ઉનાળાનો પગરવ જોકે, માવઠા માટે તૈયાર રહેજો!

## બંગાળની ખાડીમાં લો-પ્રેશર સક્રિય થતા ફેબ્રુઆરીના અંતમાં કમોસમી વરસાદની આશંકા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં શિયાળો હવે વિદાય લઈ રહ્યો છે અને બપોરના સમયે ઉનાળા જેવો અહેસાસ થઈ રહ્યો છે. જોકે, આ મિશ્ર ઋતુ વચ્ચે હવામાન વિભાગ અને નિષ્ણાતોએ આગામી દિવસોમાં વાતાવરણમાં મોટા પલટાની આગાહી કરી છે. ફેબ્રુઆરીના અંતિમ દિવસોમાં રાજ્યના વિવિધ ભાગોમાં માવઠું પડે તેવી પૂરેપૂરી શકયતા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં કોઈ સક્રિય વેધર સિસ્ટમ ન હોવાથી ઉત્તર-પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી ચાર દિવસ સુધી લઘુતમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ પારો ૨ થી ૩ ડિગ્રી ઊંચકાશે. આનાથી વહેલી સવારની ગુલાબી ઠંડી પણ ઓછી થશે અને ગરમીનું જોર વધશે.હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ખેડૂતોની ચિંતામાં વધારો કરતા જણાવ્યું છે કે, ૧૮ ફેબ્રુઆરીએ બંગાળની ખાડીમાં લો-પ્રેશર સર્જાશે. જેની અસર રૂપે ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ અને આહવામાં વરસાદી ઝાપટા પડી શકે છે. જ્યારે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા છાંટાની શક્યતા. આ ઉપરાંત ઉત્તર-મધ્ય ગુજરાતમાં પવન સાથે વાદળવાયુ રહેશે, જે રવી પાક માટે જોખમી સાબિત થઈ શકે છે.

# અમદાવાદના ૧૧ સીએ કથિત બોગસ પોલિટિકલ ડોનેશન કૌભાંડમાં દોષિત જાહેર

## ૨૦૨૧ ના કેસમાં વ્યવસાયિક ગેરવર્તણુક સામે આવતા આઈસીએઆઈની ડિસિપ્લિન બોર્ડએ કાર્યવાહી કરી

**અબતક, રાજકોટ**

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) ના ડિસિપ્લિન બોર્ડે કથિત બોગસ રાજકીય દાન કૌભાંડના સંદર્ભમાં અમદાવાદના ૧૧ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને વ્યાવસાયિક ગેરવર્તણૂક માટે દોષિત ઠેરવ્યા છે.

તાજેતરના આદેશોમાં, બોર્ડે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એક્ટ, ૧૯૪૯ ના પ્રથમ અનુસૂચિ હેઠળ સીએને 'અન્ય ગેરવર્તણૂક' માટે દોષિત ઠેરવ્યા છે અને કાયદાની કલમ ૨૧એ (૩) હેઠળ કાર્યવાહી કરવાનું વિચાર્યું છે. જો કે, તેમની રજૂઆતો સાંભળ્યા પછી, બોર્ડે તેમને ઠપકો આપવાનો નિર્ણય લીધો હતો.

આદેશમાં બોર્ડે નોંધ્યું છે કે આવકવેરા વિભાગ દ્વારા સંકળાયેલા રાજકીય પક્ષો સામે કોઈ પુનઃમૂલ્યાંકન કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી કે તેમની સામે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી. સીએ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં લેતા, જેમણે સહાનુભૂતિપૂર્ણ દષ્ટિકોણ માંગ્યો હતો અને ખાતરી આપી હતી કે આવી વર્તણૂક ફરીથી નહીં થાય બોર્ડે ઠપકો આપવાનો આદેશ આપ્યો હતો. આવકવેરા વિભાગ દ્વારા કોઈ પુનઃમૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું, કે તાત્કાલિક મામલામાં સામેલ રાજકીય પક્ષો સામે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી ન હતી, તેમજ સીએના ગેરવર્તણૂકને ધ્યાનમાં રાખીને અને બોર્ડે તેમની રજૂઆતને ધ્યાનમાં રાખીને કડક ઠપકો આપી બીજીવાર આવું કૃત્ય નહિ કરવા ચેતવણી આપી હતી.

આ કેસ ફેબ્રુઆરી ૨૦૨૧ માં અમદાવાદ સ્થિત ત્રણ રાજકીય પક્ષો અને બે સખાવતી સંસ્થાઓના સંદર્ભમાં આવકવેરા કાયદા, ૧૯૬૧ હેઠળ હાથ ધરવામાં આવેલી શોધ અને જપ્તી કાર્યવાહીમાંથી ઉદ્ભવ્યો હતો. વિભાગે મોટા પાયે કરચોરીનો

(અનુ. આઠમા પાને)

# મોદી સરકારે ભારતને આત્મનિભરના સ્થાને અમેરિકા નિર્ભર બનાવ્યુઃ કોંગ્રેસ

## વિધાનસભા પ્રથમ સત્રમાં કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભા યોજાઈ





**અબતક, રાજકોટ**

અખિલ ભારતીય કોંગ્રેસ સમીતીના મહામંત્રી અને સંગઠન પ્રભારી મુકુલ વાસનિકલજીએ સભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ખેડુતો હેરાન છે. મહિલા સાથે ઉત્પીડન થઈ રહ્યું છે. યુવાનો ગરીબો છે.બેરોજગારી માંજા મુકી ગઈ છે. ભ્રષ્ટાચાર ચરમ સીમાએ છે પરંતુ ભુપેન્દ્ર પટેલની સરકાર અને નરેન્દ્ર મોદીની સરકાર કુંભકર્ણની નિદ્રામાં છે. નરેન્દ્ર મોદીએ ભારતને આત્મ નિર્ભર કરવાને બદલે ભારતને અમેરિકા નિર્ભર બનાવી દીધો છે. અમેરીકા ભારત સાથે ટેરિફ ડિલ કરી. આ ટ્રેડ ડિલ પ્રમાણ અમેરિકાએ ભારત

(અનુ. આઠમા પાને)



# પોરબંદર નજીક મધદરિયેથી ૨૦૦ કિલો ડ્રગ્સ સાથે બે કેરિયર ઝડપાયા

## ઈરાનનો ડ્રગ્સ સ્મગલર હાજી ફિદાએ માદક પદાર્થ મોકલ્યો'તોઃ પંજાબ ખાતે ડિલિવર થાય તે પૂર્વે જ દબોચી લેવાયા

**અબતક, રાજકોટ**

પોરબંદરના નજીક મધદરિયે ઓપરેશન હાથ ધરી ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડની ટીમે આશરે ૨૦૦ કિલો શંકાસ્પદ ડ્રગ્સ સાથે બે કેરિયરની ધરપકડ કરી છે. બંને શખ્સો ઈરાનથી સ્પીડ બોટમાં ડ્રગ્સનો જથ્થો લઈને ડિલિવરી આપવા નીકળ્યો હતો. પંજાબ ખાતે ડ્રગ્સની ડિલિવરી થાય તે પૂર્વે જ તપાસ એજન્સીએ ડ્રગ્સ ઝડપી લીધું હતું.

ઈરાનનો ડ્રગ્સ સ્મગલર હાજી ફિદાએ મોકલેલો આશરે ૨૦૦ કિલોનો શંકાસ્પદ કેમિકલનો જથ્થો અબ્દુલ મજીદ અને અબ્દુલ સત્તાર નામના બે શખ્સ ઈરાનના કોનારક બંદરેથી બોટમાં ભરી નીકળ્યા હતા.

પોરબંદરના દરિયા કિનારેથી આશરે ૧૪૦ નોટીકલ માઈલ દૂર આઈએમબીએલ નજીક ગુજરાત એટીએસ-કોસ્ટ ગાર્ડે સંયુક્ત ઓપરેશન કરી સ્પીડ બોટમાં લવાયેલા શંકાસ્પદ કેમિકલના જથ્થાને જપ્ત કર્યો હતો.બલૂચી બોલતા ૨ શખ્સ ઈરાનથી સ્પીડ બોટમાં ડિલિવરી કરવા આવ્યા હતા અને પંજાબનો શખ્સ ડિલિવરી લેવાનો હતો, પરંતુ તે પહેલાં જ ગુજરાત એટીએસ અને કોસ્ટ ગાર્ડે ઝડપી લીધા હતા.

ગુજરાતનો દરિયાકિનારો ડ્રગ્સ સ્મગલિંગ માટે સોફ્ટ ટાર્ગેટ ન બને તે માટે રાજ્ય સરકાર અને સુરક્ષા એજન્સીઓ 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવી રહી છે. છેલ્લા કેટલાક સમયમાં એટીએસ અને કોસ્ટ ગાર્ડના સંકલનને કારણે મધદરિયે જ ડ્રગ્સ પકડી પાડવાના બનાવો વધ્યા છે, ગુજરાત એટીએસના ડીઆઈજી સુનીલ જોશીએ જણાવ્યું હતું કે, એસ.પી. કે.કે.પટેલને બાતમી મળી હતી કે ઈરાનથી સ્પીડ બોટમાં ૨ શખસ ડિલિવરી માટે આવ્યા છે અને ડ્રગ્સની ડિલિવરી પંજાબમાં થવાની છે. જેથી તાત્કાલિક ટીમ બનાવી કોસ્ટ ગાર્ડની મદદ લેવાઈ હતી. લાંબો સમય રાહ જોયા બાદ સ્પીડ બોટમાં બે શખસ આવ્યા હતા. જે બોટ તપાસતાં તેમાંથી શંકાસ્પદ ડ્રગ્સના ૨૦૩ પેકેટ મળી આવ્યા હતા જો કે, આ ડ્રગ્સ ક્યાં પ્રકારનું છે તે ડિટેક્ટ થયું નથી. આરોપી પાસેથી મળેલા ફોનમાંથી ડેટાની તપાસ કરવામાં આવી રહી છે. આરોપી બલૂચી ભાષા

(અનુ. આઠમા પાને)

**સ્પીડ બોટમાં ડ્રગ્સની હેરાફેરી કરતા બંને શખ્સો બલુચી ભાષા બોલતા હોય પાકિસ્તાની નાગરિક હોવાની શક્યતા**